# સંકલન

## ૫

: સંપાદક :

**વિનિયોગ પરિવાર**

૧૩,ગોપાલ સદન, ૧લે માળે,

શ્રી સંભવનાથ જૈન દેરાસર લેન,

બોરીવલી (પશ્ચિમ), મુંબઈ- ૪૦૦ ૦૯૨

ફોન: ૮૦૭ ૭૭ ૮૧, ૮૦૭ ૭૬ ૧૬

# વિનિયોગ પરિવાર

## સંકલનની સાંકળ


૧. ભારત હવે ભેંસોની નિકાસ કરશે ! ...... ૧.

૨. કૂતરાઓને નહિ મારવાનો મુંબઇ મહાનગર-પાલિકાનો નિર્ણય ........ ૨.૩

૩. માછલા પકડવાનો પ્રતિબંધ ........ ૪.

૪. ગુજરાતમાં પશુઓની મોટાપાયે થતી ગેરકાયદે કતલ ........ ૫.

૫. ડ્રગ અને શસ્ત્રોને પણ ટપી જાય તેવો પશુ-પંખીઓનો ગેરકાયદેસર વેપાર ........ ૬.૭.૮.

૬. પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ-એક્ટમાં ફેરફાર માટે વિચારણા ........ ૯.

૭. અહિંસાપ્રેમીઓએ જાગવાની જરૂર ........ ૧૦.

૮. પશુ શક્તિનું આર્થિક મહત્ત્વ ........ ૧૧.

૯. પ્રાણીઓ માટે દરેક શહેરમાં જીવદયા જૂથો રચવા માટે મેનકાગાંધીની ભલામણ ! ...... ૧૨.

૧૦. કચ્છના રણને આગળ વધતું અટકાવવું છે ? ૧૩.૧૪

૧૧. આઇસ્ક્રીમ ખાતા પહેલા સાવધાન ! ...... ૧૫.


(પાછળ)

## સંકલનની સાંકળ


૧૨. લિંબોળી બાદ પેટન્ટ માટે આદું અને હળદર ઉપર વિદેશી કંપનીની ની નજર..... હવે આયુર્વેદ પણ જોખમમાં............ ૧૬.૧૭.

૧૩. ઔષધિમૂલ્ય ધરાવતા વૃક્ષ............ ૧૮.

૧૪. દૂધ માંસાહારી ખોરાક છે એવા પ્રચારની - ભીતરમાં............ ૧૯થી૨૪

૧૫. ગીરનું જંગલ વિનાશના પંથે............ ૨૫.

૧૬. વિશ્વબેંકે સૂચવેલા સુધારા વડે મેક્સિકોને - થયેલ અનુભવ............ ૨૬.૨૭.

૧૭. નરસિંહરાવ માને છે કે ગરીબ હોવું તે એક ગુનો - છે............ ૨૮.

૧૮. કૃષિક્ષેત્રે પણ વિદેશી ધાસાણ............ ૨૯.

૧૯. વીજળીના સાધનોનો વ્યાપક વપરાશ - નુકશાનકારક છે............ ૩૦.૩૧

૨૦. ઝેરી કચરો અને વિશ્વ............ ૩૨.


**સંકલન ખર્ચ : રૂ. ૬=૦૦**

તા: ૩૧-૩.૯૪

VINIYOG

ગુજરાત સમાચાર
તા: ૯.૩.૯૪

## જીવતા પશુઓની નિકાસનો સખત વિરોધ

-મુંબઇ,તા.૮

ભારત સરકારે દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં માંસ, ચામડું અને હાડકાંની નિકાસને વેગ આપવાનું મોટા પાયા ઉપર આયોજન કર્યુ છે. આના અનુસંધાનમાં તાજેતરમાં જ ત્રણ હજાર જીવની ભેંસોની ફિલિપાઇન્સ ખાતે નિકાસ કરવાનો કરાર થયો છે. જીવતા પ્રાણીઓ ઉપરાંત પંદર હજાર ટન જેટલું મટન પણ મહારાષ્ટ્ર રાજ્યમાંથી ફિલિપાઇન્સ ખાતે નિકાસ કરવાનો કરાર થયો છે. વળી વિયેટનામમાં પણ ગર્ભાધાનના નામે જીવતી ભેંસો વિગેરે પ્રાણીઓની નિકાસ કરવામાં આવશે.

ભારત સરકારે જીવતા પશુઓની મોટા પાયા ઉપર નિકાસ શરૂ કરીને મધ્યમ વર્ગીય અને સામાન્ય ખેડૂતોને લાચાર પરિસ્થિતિમાં મૂકી દીધા છે. આપણા દેશની ૭૦ % વસ્તી ગામડાઓમાં રહે છે. જેમની આજીવિકા અને જીવન વ્યવહાર સાથે ખેતી અને પ્રાણીઓ સીધી યા આડકતરી રીતે સંકળાયેલા હોય છે. આ ઉપરાંત વધારામાં ભેંસ; બકરાં, ઘેટાં, તેમજ ડુકકરનું માંસ અને ડુકકરના માંસની વાનગીઓ નિકાસ યાદીમાં ઉમેરવાની હિલચાલ ચાલે છે. આનાથી છાણ, ખેતી, અનાજ, બળતણ, તેમજ પશુ આધારિત વાહનવ્યવહાર વિગેરે પશુઓની અછતને કારણે અતિ મોંઘા થશે આ અંગે મહાજનમ્ તરફથી વિરોધ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે તે અનવ્યે આપનો વિરોધ. શ્રી જે.પી. સીંઘ સચીવ એનીમલ હસબંડરિ એન્ડ ડેરી ફાર્મિંગ, કૃષિભવન. નવી દિલ્હીને તેમજ તેની નકલ 'મહાજનમ્' ૫૧૦, પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઇ-૪ ઉપર મોકલવા ભલામણ કરવાનું એક યાદી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ભારત હવે ભેંસોની નિકાસ કરશે!

જીવતા ઢોર, તેમનું માંસ ચામડા અને બોન ચીપ્સની માર્કેટનો વિકાસ સાધવાના પોતાના કાર્યક્રમ હેઠળ સરકાર ભેંસોની દક્ષિણ પૂર્વીય એશિયાઇ દેશો ખાતે નિકાસ કરશે.

પશુ સંવર્ધન અને ડેરી વિભાગના સચિવ જે.પી. સિંઘે જણાવ્યું કે આ પ્રકારના કરાર હેઠળ ટૂંક સમયમાં જ ફિલીપાઇન્સ ખાતે ૩૦૦૦ ભેંસોની નિકાસ કરાશે.

વ્યાપારી કરાર હેઠળ ભેંસના ૧૫૦૦૦ ટન મટનની મનિલા આયાત કરશે. વિયેટનામ પણ સંવર્ધન માટે ભેંસોની આયાત કરશે, કારણ કે, ફીલીપાઇન્સ અને વિયેટનામમાં ભેંસોની અછત છે.

આઠમી યોજનાના અંત સુધીમાં સરકાર પશુધન અને તેના ઉત્પાદનની નિકાસ રૂ. ૩૦૦ કરોડથી વધારી રૂ. ૨૦૦૦ કરોડ સુધી પહોંચાડવા માગે છે.

ડૉ. સિંઘે જણાવ્યું હતું કે ભેંસના મટનના ઉત્પાદન માટે ઇન્ટીગ્રેટેડ મીટ પ્રોસેસિંગ પ્લાન્ટના વિકાસ અને આધુનિકીકરણનો પ્રસ્તાવ છે.

અત્યારે દેશમાંથી ભેંસ, ઘેટા-બકરાંના મટનની નિકાસ થઇ રહી છે હવે તેમાં પોર્ક અને પોર્ક પ્રોડક્ટનો ઉમેરો કરવાની યોજના છે.

ગુજરાત સમાચાર
૧-૩-૧૫

(૨)

# કૂતરાઓને નહિ મારવાનો પાલિકાનો નીતિવિષયક નિર્ણય

મુંબઈ, તા.૯

મુંબઈ મહાનગરપાલિકાએ ચાલુ મહિનાના અંતથી અમલમાં આવે તે રીતે રખડતા કૂતરાઓની સંખ્યાને નિયંત્રણમાં રાખવા માટે ઈલેકટ્રોકયુટિંગ વિરૂધ્ધનો નીતિવિષયક નિર્ણય લઈને માનવતાભર્યો રવૈયો સ્વીકાર્યો હતો.

## એનિમલ વેલફેર બોર્ડના પ્રયાસોને મળેલી સફળતા

ઓલ ઈન્ડિયા એનિમિલ વેલફેર બોર્ડ તેમ જ અન્ય બિનસરકારી સંસ્થાઓએ છેલ્લા થોડા દિવસોમાં એવો પ્રસ્તાવ મૂકયો હતો કે હાલના ઉપાયોના બદલે એવા કૂતરાઓ માટે નશબંધી અને વેકસીનેશન જેવા ઉપાયો હાથ ધરવા, કેન્દ્રના ભૂતપૂર્વ પર્યાવરણ પ્રધાન મેનકા ગાંધીએ ૨૩મી ડિસેમ્બરના રોજ પાલિકા કમિશ્નર સાથે બેઠક યોજી હતી અને તેમની સાથે પ્રીતિશ નાંદી સહિત અન્ય અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા, તેમણે હાલની ક્રુર પધ્ધતિને રોકવાની માગણી કરી હતી.

બોર્ડના ચેરમેન લેફનન્ટ જનરલ ચેટર્જી સામુહિક નશબંધીની સંપૂર્ણ વિગતો અને તેની શકયતા અંગે ચર્ચા કરવા શહેરમાં હતા. હાલ કૂતરાઓને મારી નાખવા પાછળ ૪૬ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે પરંતુ તેમ છતાં અર્થ સરતો નથી.

ગયા વર્ષે ૩૫ હજાર જેટલા રખડતા કૂતરાઓને પકડીને ઘાતકી સ્થિતિમાં મૂકી દેવામાં આવ્યા હતા. પરંતુ તેથી કંઈજ ફરક ન પડયો અને એવા કૂતરાઓની સંખ્યામાં પ્રતિદિન વધારો થતો રહ્યો છે. શ્રી ચેટર્જીએ કહ્યું હતું કે, પાલિકા નાશ કરે છે તેનાથી પાંચ ગણા કૂતરાઓની સંખ્યામાં વધારો થાય છે.

શ્રી ચેટર્જીએ કહ્યું હતું કે, ઓલ ઈન્ડિયા એનિ મલ વેલફેર એસોસિએશન દ્વારા કરવામાં આવેલી મોજણી મુજબ જો દર વર્ષે ૧૫ હજાર કૂતરાઓની નશબંધી કરવામાં આવે અને પાલિકા ૪૫ હજાર કૂતરાઓને મારીને નાશ કરવાનું ચાલુ રાખે તે પાંચમા વર્ષે તેમણે એવું કરવાની જરૂર નહીં રહે કારણ કે દર વર્ષે ૫ હજાર કૂતરાઓનો ઘટાડો થતો રહેશે.

| મુંબઈ સમાચાર |
|---|
| પાના નંબર : |
| દિનાંક : ૧૦-૧-૯૪ |

VINIYOG

(૩)

# રખડુ લાવારિસ કૂતરાંને નસબંધી કરવાની યોજના વિચારતી પાલિકા

(સંદેશ ન્યૂઝ સર્વિસ)

મુંબઇ, શનિવાર

રસ્તા પર રખડતાં કૂતરાંને પકડીને તેને મારી નાંખવા કરતાં તેમની વસતિ પર અંકુશ મેળવવા મુંબઇ મહાપાલિકા કૂતરાંની નસબંધી કરવાની યોજના આંકી રહી છે.

મુંબઇમાં લાવારિસ અને રખડતાં કૂતરાંને પકડીને મહાલક્ષ્મી ખાતેના શ્વાનગૃહમાં મારી નાંખવામાં આવે છે. પશ્ચિમ ઉપનગરમાંથી પકડાયેલાં કૂતરાંને મલાડ સ્થિત શ્વાનગૃહમાં મારી નાખવામાં આવે છે.

આ બંને શ્વાનગૃહ માટે કૂતરાં પકડવા માટે છ ગાડીઓ છે. એક દિવસમાં કમ સે કમ પંદરથી વીસ લાવારિસ રખડતાં કૂતરાંને એક ગાડી પકડી લાવે છે.

પકડી લાવેલાં કૂતરાને ત્રણ દિવસ સુધી સામાન્ય રીતે ત્રણ દિવસ સુધી રાખ્યા બાદ ઇલેક્ટ્રિક શોક આપીને મારવામાં આવે છે. મરી ગયેલા કૂતરાને પાછળથી બોરીવલી લઇ જવાય છે.

પાલિકા પ્રશાસન હવેથી લાવારિસ અને રખડતાં કૂતરાંને મારવા કરતાં તેમને પકડી તેમની 'ખસ્સી' (વંધ્યત્વ) કરવાની યોજના આંકી રહ્યું છે.

આમ કરવાને કારણે કૂતરી કયારેક બચ્ચાંને જન્મ આપી નહીં શકે. આવી જ રીતે કૂતરાંને પણ ઈંજેકશન આપવાની યોજના વિચારાઇ રહી છે.

પાલિકાનાં સાધનોના જણાવવા મુજબ એક કૂતરા પાછળ અંદાજે ચારસો રૂપિયાનો ખર્ચ આવે તેમ છે.

પાલિકા પ્રશાસનની આ નવી યોજનાને કારણે લાવારિસ અને રખડતાં કૂતરાં પર અંકુશ મુકાશે.

જોકે પાલિકા પ્રશાસને આ યોજનાને અમલમાં મૂકવા માટે કોઇ. પણ પ્રકારની મંત્રણા ઊભી કરી નથી.

મુંબઇ અને ઉપનગરોમાં લાવારિસ અને રખડું કૂતરાંઓની સંખ્યા સંબંધે પાલિકા પ્રશાસન હજી સુધી કોઇ વિચાર કર્યો નથી.

પાલિકાનાં સાધનોના જણાવવા મુજબ થોડાંક વર્ષો પૂર્વે મહાલક્ષ્મી ખાતે ઓલ ઇન્ડિયા એનિમલ વેલ્ફેર એસોસિએશન સંસ્થાને એક પ્લોટ આપવામાં આવ્યો છે. અને ત્યાં કૂતરા- કૂતરાં પર વંધ્યત્વનાં પ્રયોગો થઇ રહ્યા છે.

કેન્દ્રમાં જ્યારે જનતા દળની સરકાર હતી અને મેનકા ગાંધી ત્યારે આ પ્લોટ ફાળવાયો છે. હાલમાં ત્યાં લાઇન્સધારી કૂતરા- કૂતરી પર વંધ્યત્વના પ્રયોગો થતા હોવાનું જણાવાય છે.

પાલિકાનાં સાધનો વધુમાં એમ પણ જણાવે છે કે વંધ્યત્વ કરાયા બાદ કૂતરાં તરફથી મુંબઇગરા પર વધુ 'ભય' ઊભો થશે. કૂતરાં કરડવાના બનાવો ઓર વધી જશે.

સંદેશ

તા. ૯.૨.૯૪

(૪)

VINIYOG

# માછલા પકડવાનો પ્રતિબંધ

પાલનપુર,

બનાસકાંઠા જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી બી.કે.શાહે ૨૪મી જાન્યુ. ૯૪ ના જાહેરનામા દ્વારા મુક્તેશ્વર જળાશયના કિનારે મુક્તેશ્વર મહાદેવનું પુરાણું ધાર્મિક સ્થળ હોઈ આ મંદિરના આજુ બાજુના એક હજાર મીટરના વિસ્તારમાં માછલા પકડવા, માછલા મારવા કે જળાશયનો કોઈપણ રીતે બગાડ કરવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે.

આ પ્રતિબંધના હુકમનો ભંગ કરનાર કે ઉલ્લંઘન કરનાર મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે તેવું પણ જાહેરનામામાં જણાવાયું છે.

પોકાર

તા. ૧૧.૨.૯૪

VINIYOG

# ગૌવંશની હત્યા પર પ્રતિબંધ મુકતુ રજુ થયેલુ વિધેયક

(કાર્યાલયના પ્રતિનિધિ તરફથી) ગાંધીનગર, તા.૭

ગુજરાત વિધાનસભામાં આજે કૃષિપ્રધાન શ્રી શંકરજી ઠાકોરે રાજ્યમાં ગૌવંશની હત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાની જોગવાઈ કરતું વિધેયક રજુ કર્યું હતું. આ પ્રતિબંધમાં ગાયો, અને ગાયનાં વાછરડાં ઉફરાંત બળદો પણ આવરી લેવામાં આવ્યા છે અને એ રીતે હાલના કાયદામાં માત્ર ૧૬ વર્ષથી નીચેની ઉમરના બળદોની કતલ પર પ્રતિબંધ છે તેના બદલે ૧૬ વર્ષથી ઉપરના બળદોની કતલ પર પણ પ્રતિબંધ ફરમાવતી કલમ લાગુ પાડવામાં આવી છે.

## અમદાવાદ અને ગુજરાતમાં પશુઓની મોટાપાયે થતી ગેરકાયદે કતલઃ સ્વ. ગીતાબેન શાહના હત્યારાઓ ફરી સક્રિય થઈ ગયા છે!: અશોક ભટ્ટની રજુઆત

વિધેયક રજુ કરતી વખતે તેના ઉદ્દેશો અને કારણો સમજાવતા કૃષિમંત્રીએ જણાવ્યું હતું કે, ભારતની માફક ગુજરાતનું અર્થતંત્ર પણ મુખ્યત્વે કૃષિપ્રધાન છે ત્યારે ખેતીના વિવિધ કાર્યો માટે બળદની ઉપયોગીતા અનિવાર્ય છે. બળદનો ઉપયોગ ખેતરો ખેડવા, કુવામાંથી પાણી ખેંચવા, તેમજ અનાજ અને ઘાસચારાની હેરફેર માટે અચૂક કરવામાં આવે છે. આ ઉપરાંત પશુઓનું છાણ કૃત્રિમ ખાતરો કરતાં સસ્તું છે અને બાયોગેસના ઉત્પાદનમાં ખુબ જ ઉપયોગી છે.

ગુજરાતમાં ગયા વર્ષે એકંદરે ૪૮૦૦ બળદોની હત્યા થઈ હતી એવી માહિતી આપતા કૃષિપ્રધાને જણાવ્યું હતું કે, આ સંજોગોમાં બળદોની કતલ પર પ્રતિબંધ મુકવાનું સરકારને જરૂરી જણાયું છે.

ગૌવંશ હત્યા પર પ્રતિબંધ ફરમાવતા રાજ્ય સરકારે અગાઉ બહાર પાડેલા વટહુકમને નામંજુર કરતો પ્રસ્તાવ આજે જનતા દળના ડૉ. પ્રવીણસિંહ જાડેજાએ રજુ કર્યો હતો. જેના પરથી ચર્ચામાં ભાગ લેતા ભાજપના શ્રી અશોક ભટ્ટે આ વટહુકમને આવકાર્યો હતો અને ગૌવંશની હત્યા પ્ર પ્રતિબંધની મૂળ ભારતીય જનતા પક્ષની માંગણીનો સ્વીકાર કરવા બદલ સરકારને અને કૃષિમંત્રીને અભિનંદન પણ આપ્યા હતા અને ઉમેર્યું હતું કે, મુંગા પશુઓને કતલખાને જતા અટકાવીને તેમને બચાવવાની ભગીરથ કામગીરી કરનાર સ્વ. ગીતાબેન શાહની હત્યા બાદ જાગેલા જનજુવાળનું આ પરિણામ છે.

જોકે, શ્રી ભટ્ટે અમદાવાદમાં ફરી પાછી પશુઓની ગેરકાયદે કતલો મોટા પાયા પર શરૂ થઈ ગઈ હોવાની અને ગુજરાતમાં પણ આ પ્રવૃત્તિ હજુ ફુલીફાલેલી હોવાની ગંભીર રજુઆત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં દર દશકાએ ૧૭ થી ૨૦ ટકા પશુધન ઓછું થતું જાય છે. તેનું મુખ્ય કારણ પશુઓની ગેરકાયદે કતલ છે. આ ઉપરાંત રાજ્યની બહાર પણ પશુઓની મોટી સંખ્યામાં ગેરકાયદે નિકાસ થાય છે અને દેવનારના કતલખાનામાં તેમની કતલ થાય છે.

સ્વ. ગીતબેન શાહના હત્યારાઓ છુટ્ટા પછી ફરી પાછા સક્રિય થઈ ગયા છે અને પશુઓની હત્યા શરૂ કરી દીધી છે એવી ચોંકાવનારી રજુઆત કરતા શ્રી અશોક ભટ્ટે જણાવ્યું હતું કે, ગૌવંશની હત્યા પર પ્રતિબંધ ફરમાવતા વિધેયકમાં હત્યા કરનાર સામે કડક પગલાં લેવાની જોગવાઈઓ કરવી જરૂરી હતી. આવા હત્યારાઓને જન્મટીપની સજા કરવાની અને તેને લગતા ગુનાને 'પાસા' હેઠળ આવરી લેવાની માંગણી પણ તેમણે કરી હતી.

શ્રી ભટ્ટે ગુજરાતમાં પશુઓની ગેરકાયદે કતલ અટકાવવા મહારાષ્ટ્રની માફક સંયુક્ત ફ્લાઈંગ સ્કવોડની રચના કરી આવી સ્કવોડોને કતલખાના કે તેના સ્થળો પર દરોડા પાડવાની સત્તા આપવાની પણ માંગણી કરી હતી.

તેમણે એવી પણ ચોંકાવનારી રજુઆત કરી હતી કે, ગુજરાતમાંથી પશુઓની ગેરકાયદે નિકાસ સંબંધમાં ભરૂચનું નાકુ મોટું છિદ્ર છે. આ નાકા ખાતે ટ્રકોની અંદર ઢોરો લવાય છે અને ગુજરાત બહાર રવાના કરાય છે. જેમાં ઉત્તર ગુજરાતના ઢોરોની વિશેષ સંખ્યા હોય છે.

આ ઉપરાંત કચ્છ અને બનાસકાંઠાની સરહદોએથી પાકિસ્તાન ખાતે ગુજરાતનું કિંમતી પશુધન ધકેલાઈ રહ્યું છે. કેમકે પાકિસ્તાનમાં ગોમાંસના વધુ ભાવ ઉપજે છે!!

શ્રી અશોક ભટ્ટે અમદાવાદ અને ગુજરાતની વૈભવશાલી હોટલો અને રેસ્ટોરન્ટ દ્વારા ગોમાંસ કે બળદનું માંસ વેચાતું હોવાની રજુઆત કરતા આવી હોટલો અંગે તપાસ કરી લાયસન્સ રદ કરવાની અને મટનની દૂકાનોને લાયસન્સ ધારો લાગુ પાડવાની પણ માંગણી કરી હતી. જ્યારે ખોડા પશુઓનો નિભાવ કરતી પાંજરાપોળો માટે આર્થિક સહાયની નીતિ જાહેર કરવાની હિમાયત કરી હતી.

આ વિધેયક પરની ચર્ચા હજુ અધુરી છે.

ગુજરાત સમાચાર
પાના નંબર :
દિનાંક : 8-2-94



## વાઘના પ્રજનન અંગનો સુપ, કરચલાની વાનગીઓ, સંશોધન માટે વાંદરાઓ, પ્રાઈવેટ ઝુ માટે દુર્લભ પ્રાણી- પંખીઓ, કોબ્રાનું કોન્ટીનેન્ટલ ફુડ ને પાળવા માટે પ્રાણીઓની બોલબાલા

# ડ્રગ અને શસ્ત્રોને પણ ટપી જાય તેવો પશુ-પંખીઓનો ગેરકાયદેસર વેપાર

તાઈવાનમાં વાઘના પ્રજનન અંગમાંથી બનાવવામાં આવતો સુપ પીવા વિશ્વભરના પ્રવાસીઓ પડાપડી કરે છે. કેટલાયે પ્રવાસીઓ મર્દાનગી ટકાવવા કે મેળવવા આ સુપ થેરપી લેવા તાઈવાનમાં મહીનાઓ સુધી રોકાય છે. સુપના એક ગ્લાસની કિંમત ૩૨૦ ડોલર્સ છે. વિશ્વના જુદા જુદા દેશોમાં વાઘથી માંડીને મોટાભાગના પશુઓ અને તમામ પ્રકારના પંખીઓના અંગ-ઉપાંગોમાંથી હોટલોની સ્વાદિષ્ટ વાગનીઓ કે અત્યંત અસાધ્ય રોગોને મટાડી આપવાનો દાવો કરતી દવાઓ બનાવી વેચવામાં આવે છે. વિશ્વવ્યાપી બનેલ આ ધંધાને કારણે નાના મચ્છર જેવી જીવાતથી માંડી હાથી, ગેંડા સુધીના પશુ-પંખીઓનો ગેરકાયદેસર વેપાર થાય છે. જેમાં જીવતા અને મૃત બંને સજીવોનો સમાવેશ થાય છે.

સોનું, ડ્રગ કે શસ્ત્રોની હેરાફેરીમાં પણ ન થાય તેવી જંગી કમાણી પશુ-પંખીનો ગેરકાયદેસર કરનારા માફીયાઓ કમાતા હોય છે અને આથી જ મોટાભાગના સ્મગલરો હવે આ ધંધા તરફ વળ્યા છે.

હજુ થોડા મહીનાઓ અગાઉ જ વિશ્વના ટોચનો ડ્રગ માફીયા કોલોમ્બીયાનો પાબ્લો એસ્કોબાર ઠાર થયો છે. એસ્કોબારની ધાક વિશ્વ આખાના ડ્રગ નેટવર્ક સાથે જોડાયેલી પણ તેના ડ્રગ કારનામા હેઠળ તે પશુ-પંખીઓનો પણ વિશ્વનો સૌથી મોટો ગેરકાયદેસર માફીયા હતો તેની ઘણાને ખબર નહીં હોય. કોલોમ્બીયાનો મગ્દાલેના નદી પાસે ૫૩૦ હેક્ટર વિસ્તારમાં ફેલાયેલું તેણે એક અલગ જંગલ ખડું કર્યું હતું. 'હેસીઓન્ડા નેપોલ્સ'ના નામે ઓળખાતા આ પ્રાઈવેટ ઝુમાં વિશ્વમાં હવે જે જે પ્રાણી અવશેષ પુરતા જ બચ્યા છે તેના સહીત ૧૯૦૦ એવા પ્રાણીઓ રાખ્યા છે કે જેની કિંમત લાખો ડોલર્સ થવા જાય છે.

આવા વિશ્વવ્યાપી માફીયાઓ પશુ-પંખીની રૂંવાટી, ચામડી, નખ સુદ્ધાને પણ છોડતાં નથી, ભારતના પોપટો નાઈજીરીયાના બજારમાં વેચાય છે. કાગડા બધે કાળા હોય છે તે સાચું પણ આ કહેવત ભારતની બહાર જાઓ એટલે ખોટી પડે છે. ભારતના કાગડાઓને કોઈ પકડીને લઈ જાય તો કોણ તેની ચિંતા કરે? અને આથી જ આ વેપારીઓ બેરોકટોક કાગડાઓને ગેરકાયદેસર રીતે વિદેશમાં મોકલી આપે છે. વેનેઝુએલામાં ભારતના કે એશિયાના કાગડા જેવા પંખી કૌતુક સમાન હોય છે. વેનેઝુએલામાં વેપારીઓ એવી વાત ફેલાવી છે કે કાગડામાંથી બનતી આ દવા જે તે રોગને મટાડી દે છે.

### સ્ટાર ટીવીની સ્ટાર પલ્સ

ચેનલ પરથી વિશ્વની મોટી રેસ્ટોરા અંગેના કે કોઈ વાનગીઓ બનાવવાનો કાર્યક્રમ જોશો તો તેમાં દરિયાઇ પ્રાણીઓનું બજાર, તેની વાગનીઓ જ્યારે બનતી હોય છે ત્યારે વિદેશના દર્શકોમાં મોંમાં પાણી આવતા હોય છે. થોડા દિવસો અગાઉ જ બેંગકોકના વિશ્વના પ્રવાસીઓને ભારે આકર્ષતી સી-ફુડની રેસ્ટોરાઓના રસોડા બતાવાયા

૨

મોંટા તીડ જેવા કોઈ દરિયાઈ પ્રાણી, ૧૫૦ જાતની માછલીઓ, એશિયાના પોપટોની વખણાતી ચાંચ, કાચબા તથા જે અન્ય પ્રાણીઓનું બજાર બતાવાયેલું તેમાં વિશ્વભરમાંથી આવેલા પ્રાણીઓ, પંખીઓ બરફના ઢગલા વચ્ચે પડેલા. આ અનોખા પ્રકારની રેંસ્ટોરની ખાસિયત એ છે કે તમારે જ રેસ્ટોરના બજારમાંથી આ બધા પશુ-પંખી ખરીદવાના અને રસોડામાં આપવાના. તમારી નજર સામે જ તેમાંથી સ્વાદિષ્ટ ડીશ બનાવીને પીરસાય.

પશુ, પંખીઓના આ વેપારીઓ તથા રેસીપી નિષ્ણાતો તથા જુદી જુદી ચીજવસ્તુઓના ઉત્પાદકો વચ્ચે એવી સાંઠગાંઠ હોય છે કે તેઓ કોઈપણ પશુ કે પંખીમાંથી ખાવાની વાગનીનું મેનુ તૈયાર કરી વિશ્વ સમક્ષ મુકી આ માફીયાઓ પાસેથી ઊંચી રકમ મેળવે છે. ખરેખર તો ક્રેઝ અને સ્ટેટસ કે દેખાદેખીમાં જ નોન વેજેટીરીયનો આવી મોંઘી દાટ રેસ્ટોરામાં જ પીરસાતી વાનગી ખાતા હોય છે. બાકી મસાલા તથા મોટાભાગે માંસ કે મચ્છીની જ તે વાનગી હોય છે પણ પશુપંખીના વ્યાપારીકરણ અને બેનંબરી ધંધાનું ગાડું ચાલુ રાખવા જુદા જુદા નામો ઉમેરી વેચાય છે.

આપણે ભાવનગરમાં જઈ ગાંઠીયા ખાઈએ છીએ કે ભુજમાં જઈ દાબેલી ખાઈએ તે તો હજૂ પણ વિશીષ્ઠ વાનગી છે પણ આવીને આવી વાનગીમાં બીનજરૂરી કંઈક ઉમેરીને પછી કોઈ શહેર કે રેસ્ટોરાવાળો તેની જાહેરાત કરી પ્રવાસીઓને આકર્ષે તો? અત્યારે નોનવેજ બજારમાં આવુ ચાલ્યું છે. અમેરીકાના પ્રવાસીને આકર્ષવા બેંગકોકવાળા કંઈક તો કરે જ ને? મેક્સીકોના લોકો મેક્સીકન ફુડના નામે વળી નવી વાનગીઓ બહાર પાડે આવી જ રીતે ચાઈનીઝ, ઈન્ડોનેશીયન, સ્વીસ કે કોન્ટીનેન્ટલ વેજ ડીશ બનતી જાય છે.

આ બધાનું મૂળ પશુ-પંખીઓનો અઢળક કમાણી કરાવી આપતો ગેરકાયદેસર ધંધો છે. જે વાનગીઓ થાય છે તે બિનઅધિકૃત દવાઓની બનાવટમાં થાય છે. વાઘના પેનીસનું સુપ, વાંદરાના અંગોમાંથી દવા, વંદામાંથી વાની દવા, કાચંડા કે ઘોના તેલમાંથી સાંધા વાનો દુઃખાવોથી માંડી હવે કેન્સર, એઈડ્સ, વંધ્યત્વ, દમ જેવી તકલીફો માટે પશુ-પંખીઓના નામે દવા બનાવી તેને મટાડવાનો દાવો કરાય છે.

મુંબઈના ક્રોફર્ડ માર્કેટમાં જઈ પ્રવાસીઓ ભારતના ધારે તે દુર્લભ પંખી કે પશુનો સોદો કરી તે મેળવી શકે છે. આ રેકેટ કરનારા વિદેશમાં સલામત ડીલીવરીની વ્યવસ્થા પણ કરી આપે છે. ભારતમાં કે આંતરરાષ્ટ્રીય સ્તરે પશુ-પંખી તો શું પણ નાની જીવાતની પરવાનગી વગર હેરાફેરી કરવાનો કડક પ્રતિબંધક કરાયો છે પણ હવે માફીયાઓને સોના, ડ્રગ કરતાં આમાં જ વધુ સલામત કમાણી દેખાતી હોય વિશ્વના ખુણેખુણે તેઓએ ભારે સમજુતી સાથે તેમના સેન્ટર, અડ્ડા અને નેટવર્ક ગોઠવ્યા છે. ભારત અને પાક.ની પ્રજા કે સરકાર એકતા નથી સાધી શકતી, પેલેસ્ટાઈન-યહુદીઓ કે અમેરીકન-ઈરાકીઓ ભલે લડતા હોય પણ અંધારી આલમના આ બધા જ દુશ્મન દેશોના એજન્ટો નાત, જાત, ધર્મ ભુલી ખુબ જ સંઘભાવનાથી વિશ્વનો બે નંબરનો તમામ વેપાર વહેંચી અબજોપતિ થાય છે. પશુ-પંખીના બઝારમાં આવી જ સમજણ વિશ્વ સ્તરે પ્રવર્તે છે.

## વિવિધા

યુ.એન.ના પશુ-પંખી અને પર્યાવરણ સાથે સંકળાયેલ એક અધિકારીએ તેના રીપોર્ટમાં જણાવેલું કે વિશ્વના સાવ નાના ટાપુનું પંખી કે પશુ પણ હવે વિશ્વના કોઈપણ દેશમાંથી માંગીએ તેટલી સંખ્યામાં મળી રહે તેવું ભયજનક તંત્ર ગોઠવાઈ ગયું છે. તેણે આપેલ આંકડા પ્રમાણે વિશ્વ બજારમાં ફ્લેમીંગો ૫૫૦ ડોલર્સમાં, ડીક ડીક નામનું પંખી ૫૦૦ ડોલર્સમાં (તાન્ઝેનીયાની વિશ્વમાં વખણાતી આ પંખીની જાતની કિંમત) આફ્રિકાનો બ્લ્યુ વાંદરો ૪૦૦ ડોલર્સમાં, બેબી ચિત્તો ૪૬૦૦ ડોલર્સ, નોળીયા જેવું પ્રાણી ૧૩૦૦ ડોલર્સમાં વેચાય છે. મેક્સીકોના સોનારા માર્કેટ, તાઈપાઈ, રીઓ, બોગોટા, પ્રાગમાં તો આ વેપારના મુખ્ય મથકો કહેવાય છે. દર વર્ષે લાખો આવા પ્રાણીઓના ધંધામાં જુદાજુદા એજન્ટો, વેપારીઓ સંકળાયેલા હોય છે. કેટલાક માત્ર પ્રાણીઓનો શિકાર કરી જે તે પાર્ટીને વેચે છે તો કેટલાક આ પ્રાણીઓને વિશ્વના ખુણેખુણે ગેરકાયદેસર ઘુસાડે છે. ઘણા પ્રાણીઓને જીવતા જ ધંધો કરે છે તો ઘણા તેને મારી નાંખી રૂંવાટી, ચામડી, હાડકા, માંસ, શીંગડાના પ્રોસેસ તબક્કે ગોરખધંધા કરે છે. જર્મની, જાપાન, યુ.એસ., સાઉદી અરેબીયામાં પ્રાણીઓને પ્રાઈવેટ ઝુમાં કે સર્કસમાં રાખવા માટેની ખરીદી પણ વધતી જાય છે. આ ધંધાને કારણે જે તે દેશની ખાસીયત હોય તેવા પશુ-પંખીઓ હવે ધીમે ધીમે ઘટતા જાય છે. વીએતનામ, ઈન્ડોનેશીયા અને આફ્રિકાના વખણાતા વાંદરા હવે ત્યાંથી ઘટતા જાય છે. કેટલાક દરિયાઈ વિસ્તારમાં જ હવે અમુક જાતિના ટર્ટલ બચ્યાં છે. ઠંડા પ્રદેશોમાં જોવા મળતા પંડાસ, એશિયાના હાથી, વાઘ, ચીત્તા અને આફ્રિકાના જંગલી પ્રાણીઓ પણ પ્રતિવર્ષે ઘટતા જ જાય છે.

યુનોના ૧૨૦ દેશોએ પોતાના દેશનો આગવો પશુપંખી વારસો જાળવવો અને એકબીજા દેશને માટે આવી અદલાબદલી કરવી તેવો સામુહીક કરાર કર્યો છે પણ હવે આ બધા દેશો જ તેમનો વારસો જાળવવાની ચિંતા કરવા માંડ્યા છે.

શિકારીઓ હવે જંગલોમાં ભલભલા પશુ-પંખીઓ મરી જાય તેવા ઝેરી વાયુ છાંટે છે અને દરિયાઈ માછલા અને પશુઓ મેળવવા સાઈનાઈડવાળી અતિ ઝેરી દવા પાણીમાં છેક મધદરિયા સુધી જઈને છાંટી આવે છે. જીવતા કે મરેલા બસ તેઓને જ પશુ-પંખી જ જોઈએ છે. માત્ર પશુ-પંખીની સંખ્યાંની રીતે જ નહીં પણ પર્યાવરણની દષ્ટિએ પણ આ એક ખતરનાક ટ્રેન્ડ છે.

ફીલપાઈન્સના દરિયામાં હજુ થોડા મહિના પહેલાં જ આવું અધમ કૃત્ય આચરવામાં આવ્યું હતું. દરિયો તો બગાડે છે પણ હવે જેમ બને તેમ વધુ ઝડપથી રોકડી કરવાના પ્રયત્નમાં જે દુર્લભ પંખીઓ ખાસ પ્રકારના ઊંચા ઝાડ પર બેસીને રહેતા હોય છે તે ઝાડોને જ ધડમુળથી કાપી પંખીઓને પકડવામાં આવે છે.

આર્જેન્ટીનામાં મકાઉ ફ્લેજીંગ નામના પંખીઓની વિશ્વમાં ઊંચી કિંમતે માંગ છે પણ તેઓ અહીનાં 'કપેબ્રાચો' નામના ઉંચા ઝાડો પર જ મોટાભાગે રહે છે. આથી વેપારીઓએ છેલ્લા ૧૫ વર્ષમાં આવા ખુબ જ મહત્ત્વના બે લાખ ઝાડો જ કાપી નાખ્યા.

જર્મન પ્રવાસી રીઓથી ગોલ્ડન લાયન, વીએતનામથી તાઈવાનના લોકો વાઘ લઈ જાય છે.

ઉસ્તાદ વેપારીઓ જાણે છે કે આ પ્રાણીઓનો તેના દેશમાં કોઈ ભાવ નથી પુછતું તેથી તેઓ હંમેશા એકબીજાના દેશમાં જ તેનું આકર્ષણ અને હવે આ છેલ્લી જાતો

પંખીઓ કે નાના પશુઓની ગેરકાયદેસર રીતે સ્ટીમરમાં કે અન્ય વાહન વ્યવહાર દ્વારા હેરાફેરી થાય છે તે ખુબ જ નિર્દયતાભરી હોય છે. પંખીઓની પાંખને ક્લીપ કરી દેવાય છે તેના મોં પર ટાંકા લેવાય છે. કોઈને ખબર ન પડે તે માટે મોટા ટાયરોમાં તેઓને ઠાંસી ઠાંસીને ભરાય છે. કેટલાક ખોખામાં ઉપર બીજૂ કંઈ લખ્યું હોય છે અને અંદર શક્ય એટલા પંખીઓને દબાવી દેવાય છે. મોં પરના ટાંકા કે ટેપને કારણે તેઓ 'ચીં ચીં' કરવા માટેનો પ્રયત્ન સુદ્ધા નથી કરતા.

ચીકનના કાયદેસર પેકીંગમાં બાજ; ગરૂડ, મોરને મારી મચડીને જીવતા ગોઠવી દેવાય છે.

થોડા અરસા અગાઉ નૈરોબીના એક દરિયાઈ માર્ગના ઈન્સપેક્ટરે એક મોટા ખોખાને ચકાસી જોયું. તેમાં કાયદેસર પરવાનગી લઈને ૮૪૦ તાન્ઝેનીયન પંખીઓને હોલેન્ડ લઈ જવાના છે તેવો દસ્તાવેજ હતા. ઈન્સપેક્ટરે ચેકીંગ માટે પેકીંગને ખોલ્યું તો તે એ ખોખાને જોઈને જ સમસમી ગયો. ૮૪૦ની જગામાંજ ૫૦૦૦ પંખીઓ અંદર એવી રીતે ઠાંસી ઠાંસીને ભરેલા કે વચ્ચેના ૧૦૦૦થી વધુ તો મરી ગયા હતા. આ નિર્દય વેપારીએ પાછળથી કબુલાત કરી કે તેને ખબર હતી કે અડધા મરી જશે તો પણ ૮૪૦ની જગાએ ૨૦૦૦ જીવતા રહે તો પણ મને ફાયદો છે. વળી મરેલા પણ ખરીદે તેવા વેપારીઓ પણ હોલેન્ડમાં છે.

પશુ પંખી અને ઉપરાંત હવે પેટે સરકતા


અનુસંધાન પાને બે પર

## વિવિધા

(પહેલા પાનાનું ચાલુ)

પ્રાણીઓની પણ વિશ્વભરમાં ભારે માંગ છે. યુ.એસ. કસ્ટમવાળાએ એક આર્જેન્ટીનાના નાગરિકને વચ્ચે પકડેલો. તેની મોટી શુટકેસનું ચાનણું તળીયું આફીસર ચીર્યું તો તેના સાત સાપ, ૨૦ મોટા કાચંડાઓ અને ૨૦૦ જેટલા નાના કાચબાઓ હતા.

Cont'd 3




* ન્યુયોર્ક ટાઈમ્સમાં તાજેતરમાં પ્રકાશીત થયેલ જાહેરખબર

ઝુરીચના સત્તાવાળાઓએ એક્સ રે મશીનમાંથી દ.આફ્રિકાના એક નાગરિકનો સામાન પસાર કર્યો તો સામાનમાં તેને કરોડના મણકા જેવું કંઈક દેખાયું. તેઓએ સામાન ખોલ્યો તો જણાયું કે તેની પાસે કાચબા, કોબ્રા, અત્યંત ઝેરી બ્લેક મામ્બા નાગ અને જીભ લબકાવતા મગરના બચ્ચાઓ જુદાજુદા પેકીંગમાં વધતી ઓછી માત્રામાં હતા.

દેડકા, વાંદરાઓની જુદીજુદી જાતોનો મેડીકલ રીસર્ચ માટે વિશ્વવ્યાપી ધંધો થાય છે. જાપાનમાં તો બ્રાઝીલના વાંદરા ખરીદવા એક લાખ ડોલર્સ આપનારા પણ છે.

ભારતના પ્રાણીઓ, પંખીઓ નેપાળ, બાંગ્લાદેશ અને પાક.ના બંદર માર્ગેથી બહાર જાય છે. બ્રાઝીલના પશુ પંખીઓ સુરીનામ, ગુયાના અને પારાગ્વે દ્વારા બહાર જાય છે.

મીડલ ઈસ્ટમાં આરબ દેશો, એશિયામાં સીંગાપોર, તાઈવાન, યુરોપમાં ગ્રીસ, સ્પેન, ફ્રાંસની બોલબાલા છે. રશિયામાં અને જર્મનીમાં જે રાજકીય પરિવર્તનો આવ્યા તેના કારણે પણ વેપારીઓને ફાયદો થયો છે.

પશુપંખીઓના આવી હેરાફેરીના વધતા જતા આંકડાથી સાવધ થઈ હવે વિશ્વની ૧૦૦ જેટલી એરલાઈનોએ પશુપંખીની હેરાફેરી નહીં કરવી તેવો નિર્ણય કર્યો છે. હવે જે એરલાઈન્સો આવી હેરાફેરી કરે છે તેમાંની મોટાભાગની નાના નાના દેશોમાં પણ કાર્ગો લેવા ઉતરે છે. આથી પશુ-પંખીઓની સ્થિતી ઉલ્ટી વધુ કફોડી બની છે. નૈરોબીથી યુરોપના ડાયરેક્ટ ફ્લાઈટના ૧૦ કલાક થાય પણ જે એરલાઈન્સો ઉપલબ્ધ છે તે નાના રૂટ પર ઉભી રહીને જતી હોવાથી ૩૦ કલાક લે છે.

છટકબારી આપતા કાયદાઓ, ભ્રષ્ટાચાર તથા સામાન્ય નાગરિકની તેના જ દેશમાં આમતેમ રખડતા પશુપંખીઓ પ્રત્યેની બેદરકારીને કારણે આ ધંધો વધતો જ જાય છે. અલ્પ દેશોમાં શખત કાયદા છે પણ અમલીકરણ માટેની પૂરતી મશીનરી નથી તાન્ઝેનીયામાં તો ભ્રષ્ટાચાર જ એટલો વ્યાપેલો છે કે સરકારી વાહનોનો ઉપયોગ કરીને જ જંગલ અધિકારીઓ દુર્લભ પશુ પંખીની હેરાફેરી કરતા પકડાયા હતા.

આર્જેન્ટીનાના બ્યુએનોસ એઈરેસ એરપોર્ટ પર તો કયા પશુ કે પંખીઓના પેકીંગને પાસ કરાવવું તેના રીત સર બેનંબરી ભાવ અધિકારીઓ વખતો વખત આવા માફીયાઓ સમક્ષ બહાર પાડે છે.

કોલમ્બીયામાં ૨૮૦૦ જીવતા પ્રાણીઓની હેરાફેરી કરનાર ટોળકી પકડાઈ પણ તેઓને સાવ મામુલી છ મહીનાની કેદ કરી છુટી કરી દેવાયી.

પર્યાવરણ અને પ્રાણી-પંખીને ખુબ પ્રેમ કરતી મેનકા ગાંધીએ યુનોને એક ઉપાય સુચવતા લખ્યું છે કે સોનુ, ડ્રગની જેમ આ ધંધાને પણ અટકાવવો હવે કઠીન બનતો જાય છે કેમ કે તેમાં સત્તાવાળાઓ પણ સંડોવાયેલા હોય છે આથી હવે ખરીદનાર પર જ પગલા લેવાય કે મનાઈ ફરમાવાય તેવા કાયદાઓ જ કંઈક પરિણામ લાવી શકશે.

પશુ પંખીઓનો ગેરકાયદેસર વેપાર ધીમો પડશે તેની બે મહત્વની આશા છે. એક તો વિશ્વમાં હવે વધુને વધુ દેશો શાકાહારી બનતા જાય છે અને બીજુ પ્રાણી કે પંખીની રૂંવાટી કે ચામડાની બનાવટની ચીજ વસ્તુઓ નહીં વાપરવાનો નાગરિકો જ સ્વેચ્છાએ નિર્ણય કરવા લાગ્યા છે.

VINIYOG

(૮)

ગુજરાત સમાચાર
તા- ૯.૩.૯૪

VINIYOG

(૯)

# પ્રાણીઓ પરની ક્રુરતા અટકાવતા ધારામાં ફેરફાર માટે વિચારણા

નવી દિલ્હી, તા. ૧૫મી જાન્યુઆરી. (યુ. એન. આઈ.)

પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એકટ ૧૯૬૦માંની વિસંવાદિતાને દૂર કરવા તથા અદાલતી પ્રક્રિયાઓને સરળ અને ઝડપી બનાવવા અને પ્રાણી કલ્યાણ પ્રવૃત્તિઓમાં રાજયોને વ્યાપક રીતે સામેલ કરવા આ ધારામાં સુધારો કરવાનું સરકાર પાસે સુચન છે.

સંસદના આગામી સત્રમાં આને લગતો ખરડો રજૂ કરાશે, એમ સત્તાવાર યાદીમાં આજે જણાવાયું હતું. ખોટું કાર્ય કરનારાઓને થતી સજા અને દંડમાં વધારો કરવાનું ચોક્કસ વ્યાખ્યાઓની સ્પષ્ટતા અને યોગ્ય સત્તાઓ સાથે પ્રાણી કલ્યાણ અધિકારીની નિમણુંક કરવાની જરૂરી છે એમ પર્યાવરણ અને વન વિભાગ ખાતાના પ્રધાન કમલનાથે ગઈકાલે વાર્ષિક પ્રાણી કલ્યાણ પખવાડિયાનું ઉદ્‌ઘાટન કરતી વેળા જણાવ્યું હતું.

નિર્ણય લેવા માટે ધારા પર પ્રાણી કલ્યાણ બોર્ડો જાહેર પ્રજા સાથે ચર્ચાઓ યોજે છે. દરેક સ્તરે વ્યાપક ચર્ચાવિચારણા બાદ નિર્ણય લેવાશે.

પોતાના દેશમાં પ્રાણી ચાહકોના સતત પ્રયાસોને કારણે ચામડાના કપડાં પહેરવા પર પ્રતિબંધ લાદી શકાયો છે એમ આ ઉદ્‌ઘાટન પ્રસંગે હાજર રહેલા ઓસ્ટ્રેલિયાના પર્યાવરણ, યુવા અને કુટુંબ બાબતોના પ્રધાન મેરીયા રોચ કેલાટે જણાવ્યું હતું.

એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના ચેરમેન લેટ. જન (રીટા) એ. કે. ચેટરજીએ પ્રધાનને બોર્ડ દ્વારા વિકસાવાયેલું દેડકાંઓ પરનું કોમ્પ્યુટર સોફટવેર રજૂ કર્યું હતું. આ કોમ્પ્યુટરથી તબીબી પ્રયોગો માટે ઉપયોગમાં લેવાતા લાખો દેડકાંઓને મરતા અટકાવી શકાશે.

તબીબી પ્રયોગમાં ઉપયોગમાં લેવાતા ઉંદર અને બીજા પ્રાણીઓ પર પણ આવા પ્રકારના કોમ્પ્યુટર બોર્ડ વિકસાવી રહ્યું છે એમ શ્રી. કમલનાથે જણાવ્યું હતું.

મુંબઈ સમાચાર
પાના નંબર :
દિનાંક : ૧૬-૧-૯૪

VINIYOG

## અહિંસાપ્રેમીઓએ હવે જલદ પગલાં લેવાં જોઇએ

અંગ્રેજોએ ગુલામી દરમિયાન દેશની સદીઓથી ચાલી આવતી પશુઆધારિત આર્થિક અને ધાર્મિક કડીને તોડવા, ઇસાઇ ધર્મનો ફેલાવો કરવા તથા ભારતનું વિશાળ બજાર પ્રાપ્ત કરવા માટે છળકપટથી શરૂ કરેલી પશુઓની કતલની નીતિને બંધ કરાવવા, ત્યારે દેશના તમામ નાગરિકો તથા રાષ્ટ્રીય અખબારો તેમની સરમુખત્યારશાહી વહીવટ સામે જલદ અવાજ ઉઠાવી શકે તેમ નહોતાં, તે એક સમજી શકાય તેવી બાબત છે, પરંતુ દેશની આઝાદી પછી પણ લોકશાહી સરકારે પશુઓની કતલ દેશની બિનસાંપ્રદાયિકતાની નીતિને કારણે લઘુમતી કોમની વિકૃત ધાર્મિક સંસ્કૃતિને નામે તથા માંસાહારીઓની ચસકા ભરતી જીભના સ્વાદને પોષવા તાજું માંસ મળી રહે, તે માટે ચાલુ રાખી ત્યાં સુધી ઠીક હતું પણ દેશના અર્થતંત્રના તથા પ્રજાની સુખાકારીના ભોગે વિદેશી હૂંડિયામણ કમાવાની લાલચે કીમતી પશુધનનું નિકંદન નીકળી જાય તે રીતે માંસની નિકાસ નીતિ ચાલુ કરી તેની સામે સમાજની ત્રીજી આંખ ગણાતાં તમામ અખબારો રાજકીય વિરોધ પક્ષો તથા અહિંસાપ્રેમીઓને છોડીને દેશના તમામ નાગરિકો દેશને નુકસાન થવા છતાં પણ એક થઇને પોતાની સરકાર સામે જલદ અવાજ ઉઠાવતા નથી તે ઘણી જ દુખદ તથા આશ્ચર્યકારક બાબત છે. માત્ર થોડી સંખ્યામાં અહિંસાપ્રેમી દ્વારા વર્ષોથી ગૌવંશ કતલ તથા માંસ નિકાસ બંધ કરવા સરકારને લોકશાહીના સિદ્ધાંત મુજબની લડત દ્વારા વિનંતિઓ કરવામાં આવે છે, પરંતુ ભ્રષ્ટ સરકારી તંત્ર પર તેમની, લોકોના પૂરતા સાથસહકાર વગરની શાંત લડતની જરા પણ અસર થતી નથી. તે કેવળ અહિંસાપ્રેમીઓની માગણીના સંદર્ભમાં વચનો આપીને તથા તપાસ સમિતિઓને નીમીને પશુઓની કતલની નીતિમાં બેધડકપણે આગળ ને આગળ વધતી જ જાય છે. જો આ પ્રમાણે સરકારની ખોટી નીતિના ભાગરૂપે પશુઓની કતલની નીતિ હવે લાંબો સમય ચાલુ રહેશે તો સમગ્ર દેશ આફ્રિકાના દેશોની જેમ રણમાં ફેરવાઇ જશે. પછી પશુઓની કતલની જગ્યાએ, માનવ માનવ વચ્ચેનું હિંસાનું એક અલગ પ્રકારનું તાંડવ શરૂ થઇ જશે. તેને કુદરત સિવાય આ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ કરનારી સરકાર પણ રોકી નહિ શકે. માટે હવે, અહિંસાપ્રેમીઓએ સરકારની પશુઓની કતલની ખોટી નીતિના ભાગરૂપે, આફ્રિકાના દેશો જેવી પરિસ્થિતિ ભારતમાં ન ઊભી થાય તે માટે દેશના તમામ ધર્મ-જાતિના લોકોનો સંપૂર્ણપણે સાથસહકાર લઇને સુડતાલીસ વર્ષોથી છળકપટભર્યો કડવા અનુભવ કરાવતા સરકારી તંત્રને સીધી અસર કરે તેવા જલદતમ પગલાં લઇને વર્ષોથી કરવામાં આવતી પશુઓની કતલની નીતિને બંધ કરવા સરકારને મજબૂર કરવી જોઇએ.

*અનિલકુમાર હ. મોદી*
*ડોંબિવલી, થાણે*

સમકાલીન
પાના નંબર : 6
દિનાંક : [illegible]

મુંબઇ સમાચાર
પાના નંબર : ૧૮
દિનાંક : ૭.૩.૯૫

# પશુશકિતનું આર્થિક મહત્વ

ભારતના બળદગાડાઓને જુનવાણી અને મધ્યયુગના પ્રતિક સમાન ઓળખાનારાઓને એ વાતનો ખ્યાલ નથી કે આ બળદગાડાની આર્થિક- સામાજીક ઉપયોગીતા કેટલી છે અને તેમના દ્વારા રાષ્ટ્રને ઉપયોગી એવી કેટલી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ગ્રામીણ વિસ્તારમાં ૮૨ ટકા માલની હેરફેર અને ૭૦ ટકા મુસાફરોની હેરફેર આજે પણ બળદ ગાડા દ્વારા થાય છે.

માલવાહક પશુઓ જે પોતાની પીઠ પર બોજો ઉંચકીને સમાજની સેવા કરે છે તેમના કલ્યાણ પ્રતિ કે આરોગ્ય પ્રતિ સમાજનું બહુ ઓછું ધ્યાન ગયું છે. વાસ્તવમાં આ મુદ્દો દરેક સ્તરે ઉપેક્ષિત રહ્યો છે. સંશોધન દ્વારા પ્રસિધ્ધ થયેલા અહેવાલ મુજબ અંદાજે ૮ કરોડ ૪૦ લાખ માલવાહક પશુઓમાં ૭ કરોડ ૨૦ લાખ બળદ છે.

ભેંસની સંખ્યા ૮૦ લાખ છે અને ઘોડા- તથા ઉંટની સંખ્યા ૨૦ લાખ અંદાજવામાં આવી છે. આ બધા જ પશુઓ એકંદરે મળીને જે શકિત પૂરી પાડે છે તે વાર્ષિક ૩૦ હજાર મે. વો. સમકક્ષ થવા જાય છે. મતલબ કે જો તેઓ સેવા ન આપતા હોય તો તેની કામગીરી માટે આધુનીક વિજ્ઞાનનો ઉપયોગ થાય તો ૧૦ હજાર કરોડના વિજળી બીલ ભરવા પડે.

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ- બેંગ્લોરના પ્રો. રામાસ્વામીએ માલબોજો ખેંચનારા પશુઓ દ્વારા ભારતના ગ્રામીણ અર્થતંત્રમાં કેટલો નોંધપાત્ર ફાળો આપવામાં આવે છે તે વિષય પર એક સંશોધન કર્યું છે. ખૂબ જ રસપ્રદ કહી શકાય એવા આ સંશોધનમાં પ્રથમવાર જ એક ઉપેક્ષિત વિષયને ન્યાય આપવાનો પ્રયાસ થયો છે.

આ પશુઓના ખોરાક પાણી, આરોગ્ય અને ટાઢતડકા કે વરસાદથી રક્ષણ આપવાની જવાબદારી સમાજની છે. પરંતુ તેમના પ્રતિ ભાગ્યે જ કોઈનું ધ્યાન ગયું છે. ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ગૌશાળા અને પાંજરાપોળોની આર્થિક હાલત ઘણી જ કફોડી છે. વારંવારના દુષ્કાળોને કારણે આ બધી સંસ્થાઓમાં પશુઓની સંખ્યા છેલ્લા ૨૦ વર્ષમાં વધી છે.

ગ્રામીણ ગૌશાળા અને પાંજરાપોળો પાસે વધુ પશુઓને આશ્રય આપવા જગ્યા નથી, સગવડતા નથી, સાધનો નથી અને કેળવણી પામેલો સ્ટાફ નથી. શહેરોમાંથી આવતા ડોનેશન પર નભતી આ પશુ કલ્યાણની સંસ્થાઓને માત્ર સહાનુભુતી કે દાનની જ જરૂર છે તેવું નથી. યુવાન સંચાલકોનું માર્ગદર્શન અને મદદ મળે તેવી તેમની અપેક્ષા છે.

અનેક સંસ્થાઓ દ્વારા આવો માલવાહક બોજો ઉઠાવતા પશુઓના આરોગ્ય માટે તેમજ તેમની કાળજી લેવા તબીબી સારવાર કેમ્પ શરૂ થઈ રહ્યા છે અને તેમને સફળતા પણ મળી રહી છે. છતાં હજુ આ બાબતે લોકોનું વધુ ધ્યાન ખેંચાય તે માટે કોઈક નક્કર યોજના કરવાની જરૂર છે.

ભારતે પોતાના ગ્રામીણ અર્થતંત્રનું જતન કરવા પશ્ચિમી મોડેલ કરતાં સ્વદેશી અનુભવો થકી ચાલતી મહાજનો સંચાલિત સંસ્થાઓને વધુ જીવંત બનાવવાની જરૂર છે. ભારતના ગ્રામીણ વિસ્તારમાં ખેતરો અને રસ્તાઓ પર કાર્યરત લાખો કરોડો પશુઓ અબજો રૂપીયાની કિંમત થાય તેવી સેવા પૂરી પાડી રહ્યા છે.

જો રૂપીયામાં તેનું મૂલ્ય અંદાજવામાં આવે તો ૧૫ લાખ ટ્રેકટર દ્વારા જે કાર્ય ન થાય તે બળદો દ્વારા થાય છે અને તે પેટે આવતા ૧૦૦ વર્ષમાં જો રૂા. ૧૦૦,૦૦૦ કરોડનું મૂડીરોકાણ થાય તો જ તેમનો વિકલ્પ મળે તેમ છે. જે ભારત માટે તો કલ્પના બહારની બાબત છે. તેઓ પેટ્રોલ ડીઝલની જે બચત કરાવે છે તે રૂા. ૪૦૦૦ કરોડની છે.

કોઈપણ બાબત જુનવાણી છે તેમ કહીને આધુનીકતા લાવતા અગાઉ તેના સામાજીક- આર્થિક પ્રત્યાઘાતો વિશે વિચારણા કરવી રહી.

એક બીજી નોંધપાત્ર હકીકત એ છે કે ૭ કરોડ માલવાહક પશુઓ તો એવાં છે કે જેમની પાસેથી વર્ષમાં માત્ર ૧૦૦ દિવસ જ કામ લેવામાં આવે છે.

ખેતીવાડીમાં અમુક દિવસો દરમ્યાન જ તેમની પાસે કામ હોય છે. પછીના સમયમાં ખેડુતો તેમને તેમના નસીબ પર છોડી દયે છે અને આ પશુઓએ જાતે જ તેમનો ચારો શોધી લેવાનો હોય છે. ખેતીપ્રધાન ભારત દેશમાં ગાય-બળદ ભેંસને આજથી ૩૦-૪૦ વર્ષ અગાઉ ભરપેટ કપાસીયા મળતા અને પરીણામે તેમના દુધની ક્ષમતા અને ગુણવત્તા પણ ઉંચી રહેતી હતી.

દાનનો પ્રવાહ આ પશુઓની સારવાર કરતી સંસ્થાઓ, પાંજરાપોળ અને ગૌશાળા તરફ વળે તેવી સમયની માંગ છે. જેટલી ખેવના માનવી પોતાના સુખ-આરોગ્ય અને કલ્યાણ માટે કરે છે તેટલી જ વિવિધ રીતે સમાજને ઉપયોગી એવા આ પશુઓ માટે થાય તે જ સાચો ધર્મ છે.

# પ્રાણીઓ માટે દરેક શહેરમાં જીવદયા જૂથો રચાવાં જોઇએ (૧૨)

**ઑ**ક્ટોબર માસમાં હું સિટી કાઉન્સિલના સભ્યોની એક બેઠકને સંબોધવા હોલૅન્ડ ગઇ હતી. પ્રત્યેક શહેરના વિકાસ માટે સિટી કાઉન્સિલ શું કરી શકે એ વિષય ઉપર આ પરિસંવાદ યોજાયો હતો (આપણાં તમામ શહેરોમાં નિયમિત રીતે આવી બેઠકો યોજાવી જ જોઇએ એવી હું આશા રાખું છું). વડોદરાની સિટી કાઉન્સિલને ફક્ત એક જ વખત મેં પર્યાવરણ વિશે થોડી સલાહ દોરવણી આપી હતી અને ત્યાર પછી કાઉન્સિલના સભ્યો દ્વારા વડોદરાને સ્વચ્છ અને હરિયાળું બનાવવાનું બીડું ઝડપી લેવામાં આવ્યું હતું. સ્થાનિક ઉદ્યોગપતિઓ અને રાજકારણીઓના થોડા સાથસહકાર વડે આખા વડોદરાની સિકલ જ હવે બદલાઇ ગઇ છે એવું મને કહેવામાં આવ્યું છે. ઠીક છે, હવે હું મારી હોલૅન્ડની મુલાકાતના મૂળ વિષય ઉપર પાછી આવું છું. હોલૅન્ડ ખાતેના રોકાણ દરમિયાન મેં એનિમલ એમ્બ્યુલન્સ ગ્રૂપ વિષેનો એક આર્ટિકલ એક અખબારમાં પ્રસિદ્ધ થયેલો જોયો હતો. આ ગ્રૂપનું સરનામું મેળવી હું તેની તપાસ કરવા ગઇ હતી. આ ગ્રૂપ અંગેની માહિતી આપવા પાછળનો મારો એકમાત્ર ઉદ્દેશ એ છે કે ત્યજી દેવાયેલાં અને બીમાર પ્રાણીઓ માટે આપણે પણ ભારતમાં આવાં જ જૂથોની સરળતાપૂર્વક રચના કરી શકીએ એમ છીએ. હોલૅન્ડમાં આઠ વર્ષ અગાઉ કેટલાક લોકોએ ભેગા મળી પ્રાણીઓ માટેની એમ્બ્યુલન્સ વસાવવા જરૂરી ભંડોળ ઊભું કર્યું હતું. તેઓએ એક વાન ખરીદી તેમાં ઓક્સિજન સિલિન્ડર, પ્રાથમિક સારવાર માટેની કિટ, સ્ટ્રેચર, પક્ષીઓ માટેનાં નાનાં પાંજરાં, પેપર રોલ, બ્લેન્કેટ, નેટ, રબર ગ્લોવ્ઝ અને રજિસ્ટર સહિતની ચીજવસ્તુઓ ફિટ કરાવી હતી અને આ વાનને અત્યાધુનિક એમ્બ્યુલન્સ બનાવી હતી. ત્યજાયેલા, બીમાર અને ખોડખાંપણવાળાં પ્રાણીઓને તાકીદે સારવાર પૂરી પાડવા અને તેઓને પશુચિકિત્સકો પાસે લઇ જવા આ એમ્બ્યુલન્સ વસાવવામાં આવી હોવાનું જાહેરખબરમાં જણાવવામાં આવ્યું હતું. કોઇની માલિકીવાળાં કે ભગવાનને આશરે છોડી દેવાયેલાં પ્રાણીઓને લાવવા-લઇ જવા માટે આ ગ્રૂપ દ્વારા ડોર ટુ ડોર સર્વિસ શરૂ કરવામાં આવી હતી.

ખૂબ જ આવકારપાત્ર બનેલી સેવાઓને પગલે આ ગ્રૂપે તેની સેવાઓ વિસ્તારી છે અને તેના દ્વારા ચાર એમ્બ્યુલન્સ વસાવવામાં આવી છે. નિવૃત્ત થયેલા લોકો દ્વારા અને પશુપક્ષીઓ માટે કાંઇક કરી છૂટવાની ખેવના ધરાવતા યુવાનો દ્વારા સ્વૈચ્છિક રીતે જ આ આખું અભિયાન ચલાવવામાં આવે છે. ૧૮ વર્ષથી નીચેના યુવાનોને અને કોલેજના વિદ્યાર્થીઓને આવી કામગીરીમાં સામેલ કરવામાં આવતા નથી. દરેક સ્વયંસેવકને આવવા-જવા માટેનું ફક્ત બસભાડું જ આપવામાં આવે છે અને પશુચિકિત્સકો તથા અન્ય નિષ્ણાતો દ્વારા તેઓને એક માસ લાંબી તાલીમ આપવામાં આવે છે. તાલીમ દરમિયાન પણ અનુભવી સ્વયંસેવકોની ભરતીની કામગીરી ચાલુ જ રાખવામાં આવે છે. એક માસની તાલીમ બાદ જો કોઇ સ્વયંસેવકની કામગીરીથી સંતોષ ન થાય તો તેને છૂટો કરવામાં આવે છે. આશ્ચર્યની બાબત તો એ છે કે છ વાગ્યાથી છ વાગ્યા સુધીની એટલે કે દિવસ અને રાતની ૧૨-૧૨ કલાકની શિફ્ટ હોય છે. ગ્રૂપની ઓફિસે ચાર માણસો ચાર ફોનના સંદેશાઓ લે છે, જ્યારે એક ડ્રાઇવર સહિતના આઠ સ્વયંસેવકો પશુપક્ષીઓને તાકીદની મદદ માટે ઘટનાસ્થળે દોડી જતા હોય છે. આ ગ્રૂપ દ્વારા એક મકાન ભાડે રાખવામાં આવ્યું છે. તેના ભોંયતળિયે તાલીમ માટેનો ક્લાસરૂમ છે. દવાઓ અને અન્ય ચીજવસ્તુઓના સંગ્રહ માટે આ બિલ્ડિંગમાં તોતિંગ સ્ટોરરૂમની પણ સગવડ છે.

પશુ-પક્ષીઓ માટેના આવા સ્વયંસંચાલિત જૂથને સ્થાનિક સત્તાવાળાઓની મદદની જરૂર હોય છે, આ ગ્રૂપને પણ એમ્સ્ટરડેમના સત્તાવાળાઓ દ્વારા તમામ મદદ પૂરી પાડવામાં આવે છે અને ફાયરબ્રિગેડના સત્તાવાળાઓને પણ આ ગ્રૂપને મદદ કરવાનું જણાવવામાં આવ્યું છે. પોલીસ વહીવટી તંત્ર પણ આ ગ્રૂપને ખાસ્સી મદદ કરી રહ્યું છે. કોઇ વ્યક્તિ દ્વારા જો તેનાં પશુ કે પક્ષીની હત્યા કરવાનો કે તેને ત્યજી દેવાનો

હેડ્ઝ ઍન્ડ ટેઇલ્સ

મેનકા ગાંધી

very important

પ્રયાસ કરવામાં આવી રહ્યો છે એવો અહેવાલ જો પોલીસને પ્રાપ્ત થાય તો તેઓ આ ગ્રૂપને જાણ કરી તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જાય છે. તેઓ ત્યજાયેલા પ્રાણીને જપ્ત કરી અને આશ્રયગૃહમાં મોકલી આપે છે અને તેના માલિકની ધરપકડ કરે છે. જો તમે કોઇ પ્રાણીના માલિક હો અને આ ગ્રૂપનું સભ્યપદ મેળવો તો વર્ષમાં ૨૪ વખત એમ્બ્યુલન્સ સેવાઓ મેળવવા માટે તમારે ફીપેટે વર્ષમાં એક જ વખત નજીવી રકમ ચૂકવવી પડતી હોય છે. જો પ્રાણીને ત્યજી દેવાયેલું હોય તો મફત સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ત્યજાયેલા અને બીમાર પ્રાણીને એમ્બ્યુલન્સમાં દવાખાને લઇ જવામાં આવે છે અને સારવાર બાદ તેને પ્રાણીસંગ્રહાલયમાં લઇ જવામાં આવે છે. ખાલી હોલૅન્ડમાં જ પ્રાણીઓ માટેનાં ડઝન કરતાં વધુ આશ્રયગૃહો છે.

એમ્સ્ટરડેમના તમામ પશુચિકિત્સકો સાથે આ ગ્રૂપ નજીકનો સંપર્ક ધરાવે છે અને દિવસ કે રાત દરમિયાન આ તમામ પશુચિકિત્સકો સારવાર માટે ખડેપગે તૈયાર રહેતા હોય છે. આ દવાખાનાની મુલાકાત વખતે જ એક દરિયાઇ પક્ષીને મોઢામાંથી લોહી નીકળતી હાલતમાં લાવવામાં આવ્યું હતું. જોકે વધુ પડતા રક્તસ્રાવને કારણે આ પક્ષીને ચિકિત્સક પાસે લઇ જવાય એ પહેલાં જ મૃત્યુ પામ્યું હતું. એમ્બ્યુલન્સ સર્વિસના કાર્યાલય પર દિવસના સરેરાશ ત્રીસ કરતાં વધુ ફોન આવતા હોય છે અને મોટા ભાગના ફોન રાત્રે દસ વાગ્યા પછી જ આવતા હોવાનું મને જણાવવામાં આવ્યું હતું (મારી ખુદની હોસ્પિટલમાં પણ આ અંગેના ફોન રાત્રે દસ-અગિયાર વાગ્યા પછી જ આવતા હોય છે. રોડ કે ફૂટપાથ ઉપર આખો દિવસ રિબાતાં પશુપક્ષી સામે જોવાનો લોકોને દિવસે સમય હોતો જ નથી. જોકે ભારતીય ચિકિત્સકોની માફક તેઓ રાત દરમિયાન પણ કામ કરવાનો ક્યારેય ઇનકાર કરતા નથી). એમ્સ્ટરડેમમાં તમામ પશુચિકિત્સકોએ સાથે મળી રાત દરમિયાન તેઓનો એક કે બે સહકાર્યકર ફરજ ઉપર હાજર રહે એવી વ્યવસ્થા ઊભી કરી છે. એક વાત સ્પષ્ટ છે કે એમ્બ્યુલન્સ સેવાઓ ચાલુ રાખવાનું અત્યંત ખર્ચાળ છે. સાથે સાથે દવાખાનાના બિલ્ડિંગના ભાડા પાછળ, તેની જાળવણી પાછળ, ટેલિફોન બિલ પાછળ અને સ્વયંસેવકોને અપાતા બસભાડા પાછળ પણ ખાસ્સાં નાણાં ખર્ચાય છે. આવક-જાવકનું પલ્લું સમતોલ રાખવા આ ગ્રૂપ દ્વારા ડીએરન એમ્બ્યુલન્સ નામનું એક મન્થલી મેગેઝિન ચલાવવામાં આવે છે, આની જાહેરખબરો દ્વારા થોડી આવક ઊભી થાય છે. સ્વયંસેવકો માર્ગો ઉપર ટી-શર્ટ વેચી થોડી આવક ઊભી કરે છે અને બાકીની જવાબદારી લોકોની ઇચ્છાશક્તિ ઉપર છોડી દેવામાં આવે છે. લોકો પણ દાન દ્વારા થોડી મદદ કરે છે. તમે નહિ માનો, પણ આ આખું અભિયાન ચલાવવા માટે આ ગ્રૂપને જરૂરી નાણાં મળી રહે છે. ભારતના કોઇ પણ શહેરમાં જીવદયાપ્રેમીઓ અત્યંત સરળતાપૂર્વક આવી કામગીરી શરૂ કરી શકે છે, જો કોઇ શહેરમાં કોઇ ઉદ્યોગપતિ એમ્બ્યુલન્સ માટેનાં નાણાં આપવા તૈયાર હોય તો હું બાકીની તમામ માહિતી આપવા તૈયાર છું. સમર્પિત વૃદ્ધ વ્યક્તિઓ, નિવૃત્તો અથવા ગૃહિણીઓ નવરાશના સમયે આવી કામગીરી શરૂ કરી શકે એમ છે. ઇન્દોર, સુરત, પૂના, વડોદરા કે બેંગલોર જેવાં મોટાં શહેરોમાં જીવદયાપ્રેમીઓ આવા ગ્રૂપની સ્થાપના કરી શકે છે. તમે નહિ માનો પણ હોલૅન્ડનાં તમામ શહેરોમાં આ ગ્રૂપ દ્વારા પ્રાણીઓ માટેની આવી સેવાઓ શરૂ કરવામાં આવી છે એટલે કે આનો મતલબ એ થયો કે તે દેશમાં મદદ કરનારાઓ અને જીવદયાપ્રેમીઓનો કોઇ તોટો નથી. આપણા દેશમાં લાખો પશુ-પક્ષીઓ માટે આવાં ગણ્યાંગાંઠ્યાં સેન્ટરો છે, દિલ્હી અને મુંબઇમાં આવા સેન્ટરો શરૂ કરવામાં આવે છે, પરંતુ જીવદયાને બદલે તેઓનો મૂળ અભિગમ પૈસા કમાવાનો હોય છે. જોકે ભારતમાં આવી સેવાઓ શરૂ કરવાનું હજુ પણ આવકારદાયક લેખાશે અને આ અંગેની કોઇ ઇચ્છા દર્શાવશે તો શરૂઆતમાં હું તેઓને તમામ મદદ પૂરી પાડીશ અને હું આનંદ અનુભવીશ.

સૈફ્યુઅરી ફીચર્સ

પાના :
દિનાંક : ૨૪.૧૨.૯૩

# કચ્છના રણને આગળ વધતું અટકાવવું હોય તો ?

(૧૩)

VINIYOG

બ્રિટિશરોએ ૧૮૫૯થી આ દેશમાં પશુઓની બેફામ હત્યા શરૂ કરી અને તે દ્વારા અઢળક સમૃદ્ધિ ઉત્પન્ન કરી આપનારી અર્થવ્યવસ્થાના કેન્દ્રમાં જ તેમણે ઘા કર્યો.

બેફામ પશુહત્યાના ફળસ્વરૂપ બળતણ માટે જરૂરી એવો મફત મળતો છાણનો પુરવઠો કપાવા માંડ્યો, તેથી બળતણની જરૂરિયાતને પહોંચી વળવા અન્ય પ્રદેશોની જેમ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતના જંગલોનું પણ નિકંદન નીકળી ગયું.

કચ્છ વગેરે ગુજરાત પ્રદેશનાં જંગલો દરિયાના દ્વિમુખી આક્રમણને રોકતા. અરબી સમુદ્ર ઉપરથી આવતા ખારાશભર્યા પવનના અને પવન સાથે ઊડતી દરિયાઇ રેતીના આક્રમણને જંગલો મારી હઠાવતાં અને જમીનની ફળદ્રુપતાનું રક્ષણ કરતાં.

એકસો વર્ષથી પણ વધુ સમયથી કચ્છના રણનું ઉત્તર ગુજરાતની ફળદ્રુપ જમીન ઉપર પોતાનો અંકુશ જમાવે છે. ૮૦ વર્ષ પહેલાં વૈજ્ઞાનિકોએ આ રણના આક્રમણની ગુજરાતની ભૂમિને બચાવવા સરકારને ચેતવણીઓ આપી હતી, પરંતુ પરદેશી સરકારને તેવી ચેતવણીઓ સાંભળવામાં રસ નહોતો.

સ્વતંત્રતા મળ્યા પછી બંદરો, ખેતી, જંગલો પશુ વગેરેના વિકાસની જવાબદારી બંધારણે રાજ્યો ઉપર નાખી છે, પરંતુ પરદેશી સરકારની જેમ ગુજરાત રાજ્યને પણ પ્રજાના હિતની દૃષ્ટિને લક્ષમાં રાખીને આ બાબતોના વિકાસમાં રસ નહોતો.

આ બાબતોના વિકાસના કાર્યક્રમો નથી બહુ ખર્ચાળ કે નથી મુશ્કેલ, નથી એમાં વિશ્વબૅન્કની સામે ભિક્ષાપાત્ર ધરવાની જરૂર કે નથી તેમાં પરદેશી નિષ્ણાતોની ફોજોને આમંત્રણ આપવાની જરૂર. માત્ર લોકોના સહકાર અને દેશી સાધનોના વાજબી ઉપયોગથી સહેલાઇથી એ કાર્યક્રમો અમલમાં મૂકી શકાય. જમીનની ફળદ્રુપતાનું રક્ષણ કરવા સાથે પંચવર્ષીય આયોજનો કરતાં ઘણી વધુ રોજગારી આપી શકવાની ક્ષમતા આ કાર્યક્રમોમાં છે.

કચ્છના રણપ્રદેશને આગળ વધતો અટકાવવો હોય અને દરિયાઇ રેતીને ફળદ્રુપ જમીન ઉપર ફેલાઇ જતી અટકાવવી હોય તો રેતીમાં અને રેતાળ જમીનમાં ઊગી શકતા, વિના પાણીએ ઝડપથી જમીન ઉપર પથરાઇ જઇ રેતીના આક્રમણને અટકાવી રણને પાછું હઠાવી ગુમાવેલી જમીન હાથ કરી આપે એવી વનસ્પતિઓ રેતાળ પ્રદેશમાં ઉગાડવી જોઇએ. તેમાંના કેટલાંક નામ નીચે આપ્યાં છે.

વજ્રદંતી, લવાડિયું, મીઠા ગોખરૂ, પાલેરાં, મોટો ભાંખો, વેકરીઓ ભોંયગળી, ભાખો, ઝીણકો, સરપંખો, અડદીઓ, જેઠીમધ, જવાસો, સમરાપાની, ભોંય સમેરવો, ગોટકડો, પાંદડિઓ, અડબાઉ તરવારડી, મગાવઠી, કમળવેલ, ભોંય આવળ, કુકડવેલું, ગાયવસુકણું, કાંટાળું ઇંદ્રાણું, સાટોડો, દરિયાઇ શંખલો, ખરસાટ સંખલો, સદેડી, રાસ્ના, સીસોરીઓ, ભાંગરો, ઉડકટો, બોપાલી, આકડો, શીઓટી, ચમારદૂધી, મામેજવો, આસ્વેલ, વેલાડાં, હાથીસૂંઢાં, ઉભાફલી, કારબાસ ફોગ, શંખાવલી, કાળી શંખાવલી, વાડ રીંગણી, ભોરીંગણી, કાગમેંદી, કડવા ગોખરૂ, ધામણ કોકળી, ખડસેલીઓ, રતવેલીઓ, વસેડો, મોટો વસેડો, ગોરખગાંજો, કીડામારી, દૂધેલી, દરિયાઇ રજવેલ, કુનવાર, સીસમૂળિયું, રંગીમોથ, મોથ, કાંસાં, કાંસડો-ઘાસ, રંધારૂં ઘાસ, અડબાઉ પાલખ, થોર, બાવળ.-

આ વનસ્પતિઓમાંથી કાંઇના વેલા હોય છે, કોઇ છોડ રૂપે ઊગે છે. કોઇ છાતલા રૂપે જમીન ઉપર પથરાતી હોય છે આમાંની ઘણી વનસ્પતિઓ અમૂલ્ય ઔષધીય ગુણો ધરાવે છે.

સમુદ્રની રેતી અને ખારાશથી નકામી બની ગયેલી જમીન આ વનસ્પતિઓ વડે નવસાધ્ય બની શકે.

વનસ્પતિઓના આ વાવેતરથી પૂર્વ દિશામાં ખારા પવનને રોકવા અને વંટોળિયાના વેગને નાથવા કચ્છથી દક્ષિણ ગુજરાતના સમુદ્રકિનારા સુધી નાળિયેરીનું વાવેતર કરવું જોઇએ.

નાળિયેર મોટા વેપારનું ફળ છે. નાળિયેરના વૃક્ષના તમામ અંગો ગ્રામ કે ગૃહઉદ્યોગો માટે ઉપયોગી છે. કેન્દ્ર સરકાર દર વરસે કરોડો રૂપિયાની કિંમતનું કોપરું આયાત કરે છે, છતાં ગુજરાત રાજ્યને કુદરતે આપેલી જમીનરૂપી મફત મળેલી મૂડીનો ઉપયોગ કરી નાળિયેર ઉગાડવા તેને રસ પેદા થયો નથી.

નાળિયેરીનાં વૃક્ષો ૭૫થી ૧૦૦ ફૂટ ઊંચાં થાય છે અને તેનાં પાન ૧૦થી ૨૦ ફૂટ લાંબાં હોય છે. આ વૃક્ષો પવનના ઝપાટા સામે ટક્કર ઝીલે છે. તે પવનથી પડી જતાં નથી, પણ પવનના પ્રવાહને ચીરીને મંદ બનાવી દે છે. તેનાં ઔષધીય ગુણો માટે તો જુદો લેખ લખવો જોઇએ.

અને નાળિયેરીના વાવેતરની પૂર્વ દિશાની જમીનમાં જુરીનાં વૃક્ષો ઉગાડવાં જોઇએ. એ વૃક્ષો પણ ૫૦થી ૧૦૦ ફૂટ સુધી ઊંચાં વધે છે. નાળિયેરીની ઓથ મળી જવાથી દરિયાઇ પવનમાં તે સુકાઇ જતાં નથી, પણ એની કોમળ શાખાઓ નીચે પડી ધીમેધીમે તેનો જાડો થર જામે છે અને તેનું ખાતર થઇ નીચેની જમીનને સુધારે છે.

તેના થોડા ઔષધીય ગુણો છે. પણ તેનો ખરો ઉપયોગ તેનાં મૂળ અને છાલમાં છે, જે ચામડાં રંગવામાં અને કપડાં રંગવામાં વપરાય છે. એનું લાકડું મજબૂત છે. તેનો ઉપયોગ બાળવામાં થાય છે. તે જલદી બળે છે અને તેનો તાપ લાંબો સમય રહે છે.

નાળિયેરી અને જુરીનાં વૃક્ષોની આ જુગલબંધી દરિયાઇ પવનને નાથી વાતાવરણમાં ફેલાતી ખારાશ અટકાવી શકે, વૃક્ષોને રક્ષણ આપે અને જમીનને ફળદ્રુપ બનાવવામાં મદદ કરે. એટલું જ નહીં હવે દર વરસે પેદા થતા વંટોળિયાના વેગને રૂંધી અબજો રૂપિયાના માલનો નાશ અને લાખો પ્રાણીઓ અને હજારો મનુષ્યોના પ્રાણ બચાવી શકે.

ગુજરાત રાજ્યને પ્રજાહિતનાં કાર્યો કરવામાં ભાગ્યે જ રસ હોય છે અથવા ભાગ્યે જ સૂઝ હોય છે. કદાચ રસ જાગે તો વિશ્વબૅન્ક, ફાઓ જેવી પરદેશી સંસ્થાઓ રાજ્યને પ્રજાહિતનાં કાર્યક્રમો અમલમાં લેશે કે કેમ તે શંકાનો વિષય છે. ગુજરાત રાજ્યની પ્રજાએ અને તેમાં પણ ખાસ કરીને કચ્છની અંજાર, ખડતલ અને મહેનતુ પ્રજાએ સંગઠિત થઇને રાજ્યની મદદની અપેક્ષા રાખ્યા વિના કચ્છના રણને આગળ વધતું અટકાવવા ઉપરના કાર્યક્રમો વધુ વિલંબ વિના અમલમાં મૂકવા કટિબદ્ધ થવું જોઇએ.

ઉપર જણાવ્યું તેમ પશુઓની બેફામ હત્યાના કારણે સ્વતંત્રતા મળી ત્યાં સુધી ગુજરાત રાજ્ય ઉપર દરિયાનું આક્રમણ દ્વિમુખી હતું. સ્વતંત્રતા મળ્યા પછી પશુહત્યા બંધ કરી વધુ જંગલો કપાતાં અટકાવી અને નવાં જંગલો ઊગવા દઇ દરિયાના દ્વિમુખી આક્રમણથી ગુજરાત રાજ્ય ફળદ્રુપ જમીનનો નાશ અટકાવી શકયં હોત

Contd- 2

VINIYOG

તેના બદલે સ્વતંત્રતા મળ્યા પછી પશુઓની બેફામ કતલ વધારી દેવામાં આવી. જંગલો ઉગાડી આપનારાં ઘેટાંબકરાંઓનો તો દાટ વાળી દેવામાં આવ્યો. તેના પ્રત્યાઘાત રૂપે વધુ અને વધુ જંગલો કપાતાં ચાલ્યાં. જંગલો કપાવાના કારણે જમીનના ધોવાણથી નદીઓ, તળાવો વગેરે જળાશયો પુરાઇને સૂકાઇ ગયાં.

નદીઓ અને તળાવો સૂકાઇ જવાથી જમીન નીચેના ભૂગર્ભ જળભંડારોને મળતો પાણીનો પુરવઠો ખોરવાઇ ગયો. બીજી બાજુ યાંત્રિક ઉદ્યોગો વધારવાની ઘેલછામાં પાણીનો બેફામ દુરુપયોગ થવા લાગ્યો, (ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝરનું કારખાનું, બાજુમાં આવેલી રિફાઇનરી તથા ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ રોજનું સાડા ત્રણ કરોડ ગેલન અર્થાત્ રોજનું ૧ કરોડ ૧૭ લાખ બેડાં પીવાનું પાણી વાપરે છે. રોજનાં દસ બેડાં લેખે ૧૧,૭૦,૦૦૦ કુટુંબોને આટલું પાણી પૂરું પાડી શકાય. સુરત પાસેનું હજીરાનું કારખાનું રોજનું અઢી કરોડ ગેલન પાણી વાપરે છે.)

આ પાણીનું તળ નીચે ઉતરતું ચાલ્યું. પરદેશી સલાહ અને વિશ્વબૅન્કની નાણાકીય સહાયને રવાડે ચઢીને ટ્યુબવેલ અને ડંકીઓ મૂકી પાણીના નીચે ઊતારતા જતા તળને વધુ ઝડપથી નીચે ઉતરવા માંડ્યું. કેટલાંક સ્થળોએ જમીનથી ૧૦૦૦ ફૂટ સુધી પાણીનું તળ નીચે ઊતરી ગયું.

Water seeks its own level એ નિયમ મુજબ દરિયાની પાસે આવેલી જમીનની નીચેના જળભંડારો નીચે ઊતરી જવાથી સર્જાયેલા પોલાણમાં દરિયાનું ખારું પાણી અંદર ધસી આવ્યું. એ પાણી ધીરેધીરે આગળ વધતું જશે. જમીનની નીચે અદૃશ્ય રીતે ધસી આવતું સમુદ્રનું પાણી ઘાસનું તણખલું પણ ન ઊગી શકે એટલી હદ સુધી જમીનને ખારી બનાવી દેશે અને એક દિવસ જે કૂવાઓ મીઠા પાણીથી છલકાતા હતા અને જે આજે તદ્દન ખાલી થઇ ગયા છે, તે દરિયાના પાણીથી ભરાઇ જશે. ભાવનગર અને લખપત વચ્ચે દરિયાકાંઠા નજીકના પ્રદેશોની ૧૨ લાખ હેક્ટર જમીન ખારી બની ગઇ છે. 'Not a blade of green grows' - ઘાસનું તણખલું પણ ઊગતું નથી. ત્યાંના ખેડૂતો અને લોકો પોક મૂકીને રડી રહ્યા છે. ગુજરાતના એડવૉકેટો આ ખેડૂતોની વહારે ધાશે?

સુરતની તાપી નદી ઉપર બંધો બાંધ્યા પછી એ શહેર માટે પણ પાણીની આપત્તિ શરૂ થઇ છે. તાપી નદીનું પાણી ખારું થવા લાગ્યું છે કારણકે બંધોને લીધે નબળો પડેલો તાપીનો પ્રવાહ સમુદ્રના ધસારાને ખાળવા અસમર્થ બન્યો છે. સમુદ્રની ભરતીનાં પાણી તાપીનાં પાણીને ખારું બનાવે છે. એ ખારું પાણી જમીનમાં ઊતરે છે. પરિણામે થોડા જ સમયમાં સમસ્ત સુરત જિલ્લો ખારો પ્રદેશ બની વેરાન બની જશે.

જે ભૂલભરેલાં પગલાઓથી નદીઓ પુરાઇ ગઇ, સમુદ્ર અંદર ધસી આવ્યો, તે પગલાઓને ઊલટાવવાને બદલે દરિયાનું પાણી અંદર આવતું રોકવા તથા પ્રજાને મીઠું પાણી પૂરું પાડવા તઘલખી યોજનાઓને શરમાવે એવી યોજનાઓનાં સૂચનો થઇ રહ્યાં છે. મરી ચૂકેલી નદીઓમાં ફરીથી પ્રાણ પૂરવાનો પુરુષાર્થ કરવામાં આવે તો ઉત્તર ગુજરાતની પાણીની તંગીનો સહેલાઇથી અંત આવી જાય.

સમુદ્રના પાણીને મીઠું બનાવવાની દરખાસ્ત પણ ઘાતક છે. આજે જેમ સરકારી ડેરીઓની દયા ઉપર ફેંકાઇ જઇને સવાર-સાંજ કતારમાં દૂધ માટે ઊભા રહેવું પડે છે, તેમ પાણીની બાલદી લઇને લોકોને મીઠું પાણી બનાવવાના ઉદ્યોગોના આંગણે લાચારીથી ઊભા રહેવું પડશે અને તેઓ જે દામ માગશે તે આપવા પડશે. એ પાણીથી આપણી રસોઇની કળા નાશ પામશે. એ પાણી વડે ખેતી થઇ શકશે નહીં. બગીચામાં ફળફૂલ ઊગી શકશે નહીં.

દહેજ અને ઘોઘા વચ્ચે પાઇપલાઇન નાખવામાં આવશે તો દર છ મહિને એ પાઇપો બદલવી પડશે. સમુદ્રના ખારા પાણીની થપાટો પાઇપોને કેટલા સમય સુધી ટકવા દેશે? એક નાનકડું પણ છિદ્ર પાઇપલાઇન દ્વારા વહેતા મીઠા પાણીને ખારું બનાવી દેશે.

પાણી માટે આપણે પરદેશી કરજ નીચે દબાતા જઇએ અને પરદેશી સત્તાના ઓશિયાળ બની નર્મદાનાં પાણી મળવાની ભ્રમણામાં વરસો વીતાવતા જઇએ તેના કરતાં આપણે આપણું પાણી બનાવી પરદેશી સહાય, કરજ, માર્ગદર્શન કે મંજૂરી વિના આપણા શરીરનો પસીનો પાડીને આપણા શ્રમ અને બુદ્ધિ વડે પાણી મેળવીએ એ વધુ ગૌરવભર્યું, ડહાપણભરેલું, સહેવારુ અને આપણી અસ્મિતાને જેબ આપનારું નથી?

લોકોએ સામુદાયિક શ્રમ કરીને માટીથી પુરાઇ ગયેલી નદીઓ વગેરે ખોદી તેને ઊંડા બનાવવાં જોઇએ. તેમાંથી નીકળેલી માટી અને રેતી વડે તેમના કાંઠા ઊંચા કરી લેવા જોઇએ તેથી ફરી એ નદીઓ બારેમાસ વહેતી થશે. તેમાંનું પાણી ભૂગર્ભના જળભંડારોમાં વહી દરિયાના પાણીને પાછું ધકેલી દેશે. નર્મદાના બંધ કરતાં વધુ પાણી આ નદીઓ વગેરેમાં સંઘરી શકાશે અને આજે ખાલી થઇ ગયેલા તમામ કૂવાઓ ફરી મીઠા પાણીથી છલકાવા લાગશે. પશુઓની બેફામ હત્યાથી ગુજરાતની સમગ્ર પ્રજાનું અસ્તિત્વ જોખમાયું છે.

વેણીશંકર મુરારજી વાસુ
રજૂઆત : અરવિંદ પારેખ

જન્મભૂમિ પ્રવાસી
પાના નંબર :
દિનાંક : ૧૫ · ૨ · ૯૪

# આઇસક્રીમમાં પ્રાણીજ ગુંદર, ચરબી અને હાનિકારક રસાયણો છૂટથી વપરાય છે

## હેડ્ઝ એન્ડ ટેઇલ્સ

મેનકા ગાંધી

**મા**રા પુત્રની શાળાની કેન્ટીનની મુલાકાત લેવાનું નક્કી કરીને મેં એને ગભરાવી મૂક્યો. મેં જોયું કે કેન્ટીનમાં માત્ર વેફર, પિત્ઝા અને આઇસક્રીમ જ વેચાતાં હતાં તો પણ તે ધમધોકાર ચાલતી હતી. હું સંચાલકોને કેન્ટીનમાં અન્ય વસ્તુઓ રાખવા માટે સમજાવવાની છું, પણ તે અગાઉ મારે વાલીઓને આઇસક્રીમ વિશે થોડી વાતો કરવી છે, કારણ કે બાળકને ડાહ્યા રહેવા માટે કે પરીક્ષામા પાસ થવા માટે મુખ્યત્વે આઇસક્રીમની લાલચ અપાય છે.

આઇસક્રીમ એક એવો ખાદ્ય પદાર્થ છે જેમાં હવા મહત્ત્વની સામગ્રી છે. આઇસક્રીમમાં અડધોઅડધ ભાગ તો હવા હોય છે. બાકીના ઘટકોમાં ત્રીસ ટકા જેટલું ગાળ્યા કે ઉકાળ્યા વગરનું સામાન્ય નળનું પાણી, છ ટકા ચરબી અને ૭-૮ ટકા ખાંડ હોય છે. આ સામાન્ય વસ્તુઓમાંથી આટલી સ્વાદિષ્ટ વસ્તુ કઇ રીતે બનતી હશે ?

પ્રથમ, આઇસક્રીમ શાકાહારી ખોરાક નથી સિવાય કે તેના પર સ્પષ્ટપણે એવું લખેલું હોય. આઇસક્રીમની શરૂઆત ચરબીના એક થર તરીકે થાય છે. ચરબીના થરને કડક અને રબર જેવો છિદ્રાળુ બનાવાય છે જેથી તેનાં છિદ્રોમાં પુષ્કળ હવા સમાઇ શકે.

આ પ્રક્રિયા અતિશય ઠંડા ઓરડાઓમાં થાય છે. ચરબીના થરને કાપતી વખતે જે નાના નાના ટુકડા જમીન પર પડે તેને એકઠા કરીને, સુગંધી બનાવીને ચોકલેટ તરીકે વેચાય છે. જેથી જમીન પર પડ્યા પડ્યા કામદારોના પગ તળે ચગદાઇને તેમના સ્વાદમાં જે વિકૃતિ આવી હોય તે દબાઇ જાય.

હવા અને ચરબીનું આ મિશ્રણ નરમ બને અને ચમચીને ચોંટી રહે તે માટે પ્રાણીઓનાં આંચળ, નાક, પૂંછડી, ગુદાની ચામડી જેવાં અખાદ્ય અંગોને ઉકાળીને મેળવેલો ચીકણો પદાર્થ તેમાં ઉમેરવામાં આવે છે. આ ચીકણો પદાર્થ ચરબીના પ્રત્યેક છિદ્રમાં ફેલાઇ જાય છે. તેને કારણે જ આઇસક્રીમ જીભ અને તાળવા વચ્ચે દબાતાં સરળતાથી ઓગળી જાય છે.

તમારે આઇસક્રીમ ખાવો છે ? મધ અને ફળોનો રસ હવે જુનવાણી ગણાય છે. આઇસક્રીમ તો ખાંડ, ઇંડાં, ચરબી, દૂધ અને એસેન્સનું જુગુપ્સાજનક મિશ્રણ છે. આ બિનશાકાહારી મિશ્રણ પણ અનેક પ્રકારનાં ઝેર

અનુસંધાન અગિયારમે પાને

## આઇસક્રીમ

છઠ્ઠા પાનાથી ચાલુ

ધરાવે છે.

આઇસક્રીમમાં સામાન્ય રીતે નીચેના પદાર્થો હોય છે.

★ ડાઇ-ઇથિલ ગ્લુકોઝ': ઇંડાને બદલે વપરાતું આ સસ્તું રસાયણ એન્ટી-ફ્રીઝ દુ:ખશામક ઔષધોમાં હોય છે.

★ વેનિલાને બદલે પેપરાનોલ વપરાય છે. જેનો ઉપયોગ જૂ અથવા લીખને મારવા માટે પણ થાય છે.

★ આઇસક્રીમને વિશિષ્ટ સ્વાદ અને સોડમ આપવા માટે આલ્ડી હાઇડ સી-૧૭ નામનો પદાર્થ વપરાય છે જેનો ડાયઝ, પ્લાસ્ટિક અને રબરમાં પણ ઉપયોગ થાય છે.

★ આઇસક્રીમને અનાનસનો સ્વાદ અને સોડમ આપવા માટે ઇથિલ એસિટેટ વપરાય છે. આ રસાયણ ચામડાં અને કાપડ સાફ કરવા માટે પણ વપરાય છે. તેના ધુમાડાથી ફેફસાં, કલેજું અને હૃદયને કાયમી નુકસાન થાય છે.

★ બ્યુટાલ્ડિહાઇડ નામનું રસાયણ આઇસક્રીમમાં તેમ જ રબર સિમેન્ટમાં વપરાય છે.

★ આઇસક્રીમને કેળાનો સ્વાદ આપવા માટે એમિલ એસિટેટ વપરાય છે જે ઓઇલ પેઇન્ટના દ્રાવક તરીકે પણ ઉપયોગમાં લેવાય છે.

★ સ્ટ્રોબેરીના સ્વાદ માટે વપરાતું બેન્ઝિલ એસિટેટ એક પ્રકારનો નાઇટ્રેટ સોલ્વન્ટ છે.

આમ તમારાં લાડકવાયાંઓને તમે શનિ-રવિની રજાઓમાં ખૂબ પ્રેમથી જે ખવડાવો છો તે વાસ્તવમાં પ્રાણીજ ગુંદર, ગંધાતું પાણી, એન્ટી-ફ્રીઝ, ઓઇલ પેઇન્ટ અને નાઇટ્રેટ સોલ્વન્ટ, લીખ અથવા જૂ મારવામાં વપરાતું રસાયણ અને હવાનું મિશ્રણ છે. તમે તમારાં બાળકોને ધિક્કારતા હોત તો તમે એમને શું આપત ?

કાં તો ઘરે જૂની ઢબના શરબત અથવા દૂધના, ઇંડાં વગરના આઇસક્રીમ બનાવો અથવા તો આઇસક્રીમ ખાવાનું જ સદંતર છોડી દો. આ લેખનું કટિંગ કાપીને જે શાળાઓ તેમની કેન્ટીનમાં આઇસક્રીમ રાખતી હોય તેમને મોકલાવશો. જો તમે શાકાહારી હો તો તો ખાસ.

સમકાલીન
પાના નંબર :
દિનાંક : ૧૦.૨.૯૪

# લિંબોળી બાદ હવે ભારતવાસીઓ આદું અને હળદર પરના હકો પણ ગુમાવવાની તૈયારીમાં છે

નવી દિલ્હી, તા. ૧૭ (પી. ટી. આઇ.) : વિદેશી કંપનીઓએ લિંબોળીઓના અર્ક બાદ હવે પેટન્ટ માટે આદું અને હળદરના અર્ક પર ડોળો ઠેરવ્યો છે. જો આ પરંપરાગત ઔષધરૂપ છોડોની પેટન્ટ વિદેશી કંપનીઓ પાસે જશે તો સદીઓથી જેને ભારત પોતાના ગણે છે તે હળદર અને આદુંના અર્કના આંતરરાષ્ટ્રીય માર્કેટિંગના હકો તે ગુમાવી દેશે તેવી નિષ્ણાતોએ ચેતવણી આપી છે.

અમેરિકન પેઢીએ લિંબોળીના અર્ક આધારિત જંતુનાશકની પેટન્ટ કરાવ્યા બાદ હવે કેન્સરવિરોધી સારવાર લીધા બાદ કે ઓપરેશન બાદ આવતા ઉબકાના ઇલાજ તરીકે આદુંના અર્કમાંથી બનાવાયેલી દવાની પેટન્ટ અમેરિકા અને બ્રિટનની બે પેઢીઓએ કરાવી છે.

આ જ રીતે હળદરના અર્ક અથવા હલદી માટેની પેટન્ટ જર્મન પેઢી કરાવી રહી છે. આ કંપની હળદરનો ઉપયોગ નુકસાનકાર સ્ટેરોઇડ્ઝને સ્થાને એન્ટી ફ્લેમેટરી એજન્ટ તરીકે કરવા માગે છે એમ નવી દિલ્હીમાં આવેલી નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇમ્યુનોલોજી (એનઆઇઆઇ)ના પ્રોફેસર રણજિત રાય ચૌધરીએ જણાવ્યું હતું.

ભંડોળના અભાવે ભારતીય લેબોરેટરીઓ વિકસિત રાષ્ટ્રોની સંશોધન સંસ્થાઓ અને એજન્સીઓ સાથે સહયોગ સાધી રહી છે. આને કારણે ભારતીય લેબોરેટરીઓ આપણા ઔષધીય ગુણો ધરાવતા છોડો વિદેશી કંપનીઓને તેમના કામમાં ટેકારૂપ થવા માટે લખી આપવા ભણી દોરાઇ જશે તેવી ચેતવણી ચૌધરીએ આપી હતી.

આપણે લિંબોળી અને હળદર ગુમાવ્યાં છે, કુરકુમા લોંગા (હળદર) ગુમાવવાની તૈયારીમાં છીએ અને હવે અન્ય છોડો ખાસ કરીને કેટલાક પરંપરાગત ફળદ્રુપતા વિરોધી છોડ માટે કરાર થતાં હવે બહુ વાર નહીં લાગે એમ તેમણે જણાવ્યું હતું.

વિદેશી એજન્સીઓ સાથેના સહયોગ દરમિયાન પરંપરાગત ભારતીય ઔષધીય છોડોના અર્ક વિદેશ પરીક્ષણ માટે મોકલવામાં આવે છે. ભારતીય લેબોરેટરીઓ પાસે અત્યાધુનિક રાસાયણિક પરીક્ષણ કરવાની સગવડો ન હોવાથી આમ કરવામાં આવે છે.

એક વાર વિદેશી એજન્સી આ છોડના અર્કને અલગ કરી તેના મુખ્ય ગુણો જાણી લે પછી તેને આંતરરાષ્ટ્રીય સંપત્તિ અધિકાર હેઠળ આવરી લે છે. પરિણામે ભારતના ભાગે માત્ર આ છોડ આધારિત દવાઓનું ભારતમાં વિતરણ કરવાના અધિકારો જ રહે છે. એમ તેમણે જણાવ્યું હતું.

ભારતીય વિજ્ઞાનીઓને શોધ માટે શ્રેય કે પેટન્ટના વધારાના અધિકારો બેમાંથી એકેય મળતું નથી. ચૌધરીએ જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય પેટન્ટની પરિસ્થિતિ જોતાં ભારતીય સંશોધન સંસ્થાઓએ જેમણે આવા સહયોગી કરાર કર્યા છે. તેમણે એવી માગણી કરવી જોઇએ કે વિદેશી એજન્સીએ આ છોડના અર્કોનું પરીક્ષણ કરવા માટે ભારતમાં તેમની સંશોધન લેબોરેટરી સ્થાપવી.

ઉબકા સામે સરળ અને અસરકારક દવા તરીકે આદુંનો ઉપયોગ ભારતમાં સદીઓથી થાય છે. તાજેતરમાં બ્રિટિશ મેડિકલ જર્નલ લેન્સેટે જાહેર કર્યું હતું કે ઓપરેશન બાદ આવતા ઉબકાની સારવાર તરીકે આદુંનો ઉપયોગ સામાન્ય દવા ઝોફ્રાનની જેમ થઇ શકે છે.

તાજેતરનાં સંશોધનો દર્શાવે છે કે એક ગ્રામ આદુંના પાઉડરની અસર ૧૦ મિલિગ્રામ મેટોક્લોપ્રામાઇડ જેટલી જ થાય છે. વળી મેટોક્લોપ્રામાઇડની આડઅસર થાય છે, જ્યારે આદુંની કોઇ આડઅસર થતી નથી.

ડંકેલ રિપોર્ટમાં કરાયેલી ભલામણોને કારણે છોડના સંશોધનમાં સહેજે અનુભવ ન ધરાવતા અથવા જ્યાં ઔષધીય ગુણ ધરાવતા છોડ ઊગતા ન હોય તેવાં રાષ્ટ્રોને પણ છોડોમાં નવેસરથી રસ પડવા માંડ્યો છે એમ ચૌધરીએ જણાવ્યું હતું.

ચૌધરીના જણાવ્યા પ્રમાણે છોડોમાંથી દવાઓ શોધવામાં નવેસરથી રસ પડવાનું એક કારણ એ છે કે હવે છોડમાંથી દવાઓ બનાવવા માટે અર્ક મેળવવા અત્યાધુનિક ટેકનિક્સની એક આખી શ્રેણી વિકસી છે. આ ટેકનિક્સ દ્વારા છોડમાં રહેલાં રસાયણો ઓળખી કાઢવામાં આવે છે. ક્રોમેટોગ્રાફિક પદ્ધતિઓ અને સ્પેક્ટ્રોસ્કોપી દ્વારા છોડના આગવાં લક્ષણો પારખવામાં આવે છે. નહીં શોષાયેલા ચરબીના કણો, જરૂરી તેલો અને આલ્કલોઇડ્ઝ તત્ત્વોને અલગ પાડવા માટે અન્ય ફિઝિકલ મેથડ્સ અપનાવવામાં આવે છે.

છોડના અર્કની લુગદીમાંથી ઘટકો છૂટા પાડવામાં હવે થોડાં સપ્તાહો જ લાગે છે. સ્પેક્ટ્રોસ્કોપી અને ન્યૂક્લિયર મેગ્નેટિક રેસોનન્સ (એનએમઆર) નામની અત્યાધુનિક ટેકનિક્સનું સંયોજન કરીને અર્કના વિવિધ ઘટકો છૂટા પાડવામાં આવે છે. અગાઉ આ ઘટકો છૂટા પાડવા વર્ષો સુધી મહેનત કરવી પડતી હતી.

સિન્થેટિક દવાઓ વિકસાવવામાં આશરે ૨૦ વર્ષ જેટલો સમય લાગે છે અને તેની પાછળ આશરે ૧૦૦ મિલિયન ડૉલરનો ખર્ચ થાય છે.

સમકાલીન
પાના નંબર :
દિનાંક : ૧૮.૧.૯૪

VINIYOG

## અવસર

# નરસિંહ રાવ આયુર્વેદને ૨૧મી સદીમાં લઇ જવાની વાતો કરે છે અને આપણા પેટમાં ફાળ પડે છે: વડા પ્રધાન મલ્ટીનેશનલોના ઇન્ટેલેક્ચ્યુઅલ રાઇટ્સ માટેની ભૂમિકા તૈયાર કરી રહ્યા છે

ઈડલી કે બર્જર? ટૂથબ્રશ કે દાતણ? ધોતિયું કે પ્રેન્ટ? થેપલું કે પિત્ઝા? બે સંસ્કૃતિઓની ટકરામણ થઇ રહી છે. આધુનિકતા અને પશ્ચિમી ઢબ .. આક્રમણ સામેના બૅકલૅશ તરીકે અનેક ગુજરાતી કુટુંબો હવે સવિશેષ ગુજરાતી બની રહ્યાં છે. જેમ કે, ઘણાં માબાપો હવે ચીવટપૂર્વક પપ્પા અને મમ્મી અને કિશોરઅંકલ જેવા શબ્દપ્રયોગો ટાળે છે. અનેક કુટુંબો હવે ગ્રાન્ડપાને બદલે દાદાજી કે નાનાજી શબ્દનો પ્રયોગ પસંદ કરે છે. આઝાદી પછી ભારતના શહેરી અને શિક્ષિત વર્ગે મોડર્ન એટલે વેસ્ટર્ન થવાનું વલણ સ્વીકાર્યું છે. આમાંથી કન્ઝ્યુમરીઝમ અને યુપ્પીઓ જન્મ્યા છે. મધ્યમ વર્ગના ૨૦ કરોડ જેટલા માણસોનું જીવનધોરણ એકદમ બદલાઇ ગયું છે. તેઓ પશ્ચિમના લોકોની લાઇફસ્ટાઇલનું અનુકરણ કરી રહ્યા છે. જમવા માટે ડાઇનિંગ ટેબલ જોઇએ. ફ્રિજ વિના ન ચાલે. બિયર અને વ્હિસ્કી પીવાનો રિવાજ સાર્વત્રિક થઇ ગયો છે. અધૂરું હતું તે સ્ટાર ટીવીએ અને એમટીવીએ પૂરું કર્યું છે. વાંદરાના લિન્કિંગ રોડ ઉપરથી પસાર થનારી વ્યક્તિ ફક્ત બેઉ બાજુની દુકાનનાં પાટિયાં જ વાંચે તો પણ તેને આ પરિવર્તનનો ખ્યાલ આવી જાય. ટ્રેન્ડી અને ડબલ બુલ વેગન અને હાઇડ એન્ડ સ્કિન જેવાં સાઇનબોર્ડ પોતાની આગવી કથા કહે છે. એ રસ્તાની ફુટપાથો ઉપર ફરનારાં યુવકયુવતીઓના ચહેરા, તેમના મેકઅપ, તેમના પોશાક, તેમની ચાલ, તેમની મેનર્સ અને સૌથી વધુ તો તેમની ભાષા આપણને ભાગ્યે જ ભારતીય લાગે. એક નવી વર્ણસંકર પેઢી ઊભી થઇ છે. [illegible] માંડીને ચોળી કે પીઠી સુધીની ખેપ એ ટીમ ખેડે છે. આ પેઢી નફિકરી છે, તેનાં જીવનમૂલ્યો છીછરાં છે. લહેર કરવી એ તેનો મુદ્રાલેખ છે.

આની પડછે, તાજેતરની કેટલીક ઘટનાઓ જુઓ. થોડા દિવસ પહેલાં નાગપુર ખાતે વડા પ્રધાન નરસિંહ રાવે આયુર્વેદિક કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું હતું. નરસિંહ રાવે આયુર્વેદ માટે કેન્દ્રમાં એક અલગ મિનિસ્ટ્રી સ્થાપવાની અને આયુર્વેદની દવાઓમાં ક્વોલિટી કોન્ટ્રોલ દાખલ કરવાની હિમાયત કરી. એલોપથીમાં ક્વોલિટી કોન્ટ્રોલ છે? હોમિયોપથમાં છે? ખરેખર તો આયુર્વેદમાં વધુ પ્રમાણમાં ક્વોલિટી કોન્ટ્રોલ છે. ચ્યવનપ્રાશમાં તમામ નિર્માતાઓ શુદ્ધ આમળાં વાપરે છે. ચિત્રકાદિવટી હોય કે હિંગાષ્ટક ચૂર્ણ હોય કે સીતોપલાદિ હોય, સામાન્ય રીતે તેમાં અપેક્ષિત ઇન્ગ્રેડિયન્ટ્સ હોય જ છે. આયુર્વેદ સામે બીજો એક આક્ષેપ એ છે કે તેની દવાઓ બનાવવામાં હાઇજિનની ઉપેક્ષા થાય છે. આ વાત ગલત છે. આયુર્વેદિક દવાઓ બનાવનારી નાની ફાર્મસીઓ હાથ વડે દવાને અડવાનું ટાળે છે જ. મુંબઇમાં થોડા દિવસ પૂર્વે ધ કોંગ્રેસ ઓફ ટ્રેડિશનલ સાયન્સીઝ એન્ડ ટેક્નોલોજીઝની પરિષદ યોજાઇ હતી. આપણી જૂની પદ્ધતિઓ અને આપણાં જૂનાં ઉપકરણો હવે પછાત ગણાય છે. નવાં સોફિસ્ટિકેટેડ સાધનો આવ્યાં છે. ખાંડણી અને પરારનું સ્થાન મિક્સરે લીધું છે. કોયલાની સગડીને સ્થાને ગેસનો સ્ટવ આવ્યો છે. સાવરણીનું સ્થાન વેક્યુમ ક્લીનરે લીધું છે. માટલાને સ્થાને ફ્રિજ આવી ગયું છે. ગામડાંના કારીગરો અને આર્ટિઝનો પાયમાલ થઇ ગયા છે.

આધુનિકતાને અને પશ્ચિમીકરણને ક્યાંક બ્રેક મારવાની જરૂર છે. ખેતીવાડી, સ્થાપત્ય, ઔષધો અને ધાતુકામને ક્ષેત્રે આપણી પુરાણી પદ્ધતિઓ ઉપયોગી હતી. હવે તેમનું નિકંદન નીકળી ગયું છે. ખાતરનું સ્થાન રાસાયણિક ખાતરે લીધું છે. જગતે વિજ્ઞાનને ક્ષેત્રે જે પ્રચંડ પ્રગતિ કરી તેમાં ભારતે ભૂતકાળમાં મોટો ફાળો આપ્યો હતો. એલોપથીની અનેક દવાઓમાં આપણા આયુર્વેદિક ઓસડિયા વપરાય છે. માત્ર તેમનાં નામ સંસ્કૃત કે દેશ્ય નહિ પણ લેટિન હોય છે. મદ્રાસમાં એક સંસ્થા છે. એનું નામ છે પેટ્રિયોટિક એન્ડ પીપલ-ઓરિયેન્ટેડ સાયન્સ એન્ડ ટેક્નોલોજી. અનેક નિષ્ણાતો આજે માને છે કે ભારતની વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઔષધિની પરંપરાને પુનર્જીવિત કરવાની જરૂર છે. ચીને આધુનિક પશ્ચિમી ટેક્નોલોજીનું અને તળ ચીની ધરતીની ટેક્નોલોજીનું અદ્ભુત બ્લેન્ડિંગ કર્યું છે. નરસિંહ રાવે નાગપુરની પરિષદમાં આયુર્વેદને ૨૧મી સદીમાં લઇ જવાની વાતો કરી. ઘણા નિરીક્ષકોને વહેમ છે કે નરસિંહ રાવ આયુર્વેદની દવાઓને ક્ષેત્રે પણ મલ્ટીનેશનલોની ઘોને ભારતમાં ઘાલવા ધારે છે. હવે આપણી લીંબોળીઓ અને હરડે અને જેઠીમધ ઉપર પણ પરદેશી મલ્ટીનેશનલો અંકુશ જમાવશે અને તેમને ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ બનાવી દેશે. આયુર્વેદને ૨૧મી સદીમાં લઇ જવાનું નરસિંહ રાવ કહે છે ત્યારે આપણને મનમાં ફાળ પડે છે: વડા પ્રધાન મલ્ટીનેશનલો માટે તો તખ્તો ગોઠવી નથી રહ્યા ને? અન્યથા એકાએક તેમને આયુર્વેદ માટે શી રીતે પ્રેમ ઊભરાઇ આવે? કદાચ તેઓ વિદેશી અને ભારતીય કંપનીઓનું કોલેબરેશન પણ વિચારી રહ્યા હશે. પ્રાચીન ભારતીય આયુર્વેદના આચાર્યો કાંઇ અવૈજ્ઞાનિક કે ઊંટવૈદ જેવા ન હતા. ગ્રીક લોકોની હિપોક્રેટસવાળી સિસ્ટમ કરતાં આયુર્વેદ ક્યાંય આગળ હતું. હવે વિદેશી કંપનીઓ આયુર્વેદિક દવાઓ બનાવશે. તેમને લોકોના કલ્યાણમાં રસ નથી હોતો પણ તેઓ તો નિર્ભેળપણે નફો કરવામાં માને છે. આપણાં ત્રિફળા અને આપણાં આમળાં હવે પછી મોંઘાંદાટ થઇ જશે. આયુર્વેદિક દવાઓની નિકાસ થશે એટલે ભારતમાં આ દવાઓના ભાવો ઔર વધી જશે. રાજકારણે હવે આયુર્વેદને ઝપટમાં લીધું છે.

સમકાલીન
પાના નંબર :
દિનાંક : ૧૧.૧.૯૪

૨૫

VINIYOG



મુંબઈ સમાચાર

# ઔષધિ મૂલ્ય ધરાવતાં વૃક્ષ

વૃક્ષારોપણ માટેની કામગીરીમાં ઔષધિમૂલ્ય ધરાવતાં વૃક્ષોને મહત્વ આપવાની જરૂર છે. જો કે વૃક્ષારોપણ એ ઝૂબેશમાં સામાન્ય વ્યકિત, ખેડૂત કે શ્રમજીવીનું યોગદાન ઘણું જ અલ્પ છે. આ બાબત એક ઊણપ સૂચવે છે. છતાં તેનું ફલકં વિસ્તારવું જ રહ્યુ

આંબળા, અરીઠા, સરગવો, લીમડો, બહેડા, હરડે આ બધાજ વૃક્ષો અગત્યતા ધરાવે છે. તેમના દરેકના ગુણ અલગ - અલગ છે. ગ્રામ્ય વિસ્તારો સિવાય અન્યત્ર ક્યાંય વૃક્ષારોપણ માટેની તક ઘણીજ મર્યાદિત છે. પરંતુ વૃક્ષારોપણની જાગૃતિ માત્ર શહેરોમાં જ છે જ્યારે તેનો અમલ માત્ર ગામડામાં જ થઈ શકે છે - આ એક વિરોધાભાસ છે.

રાજ્ય સરકાર હસ્તકના જંગલ વિભાગે હાઈવે - રેલવે - લાઈન સરકારી ખરાબા વગેરે સ્થળે વૃક્ષારોપણની કામગીરી શરૂ કરી છે. દરેક રાજ્યમાં તેનો અમલ થઈ રહ્યો છે. પરંતુ ખેતર અને વાડીઓમાં આજે સૌથી વધુ જરૂર કડવા લીમડાની છે. આ વૃક્ષ ઉત્તમ ઔષધિમૂલ્ય ધરાવે છે.

બે ખેતરની વચ્ચે જો લીમડાના વૃક્ષોની હારમાળા ઉભી થાય તો તે જંતુઓ - બેકટેરીયા અને કીટાણુનાશક તરીકે ઉત્તમ પેસ્ટીસાઈડસ બની શકે છે. ખેડૂતીમાં આ સમજણ વિકસાવવી ફરીથી અનિવાર્ય બની છે. કારણ કે હાલમાં જંતુનાશક દવા ખૂબ જ નુકશાનકારક પૂરવાર થતી હોવાના અહેવાલ છે.

જંતુનાશક દવાઓનો છંટકાવ થયો હોય તેવા ફળફળાદી કે શાકભાજી આહારમાં લેવાથી કીડનીને નુકશાન થાય છે ભારતમાં કીડનાના ૨૦ લાખ દર્દી છે. જ્યારે હોસ્પીટલમાં સારવાર આપવાની ક્ષમતા માત્ર બે લાખ દર્દીની છે. કીડનીના નિષ્ણાંત તબીબોની પણ અછત છે. આવે વખતે આપણે આફતને આમંત્રણ આપી રહ્યા છીએ.

પ્રાચીન પધ્ધતિથી ચાલતી ખેતીવાડીમાં કોઈ જ તકલીફ નહોતી કે કોઈ મુશ્કેલી પણ નહોતી છતાં આ બધી ભાંજગડ આપણે જ ઉભી કરી છે. લીમડાના વૃક્ષો ઠેરઠેર ઉછેરવા માટે જો કાર્યક્રમ શરૂ થાય તો દેશમાંથી મેલેરીયાને પણ દેશવટો આપી શકાય તેમ છે. આજથી ૨૫-૩૦ વર્ષ અગાઉ મેલેરિયાનું આટલું જોર નહોતું.

હવે તો મેલેરીયા એવા પ્રકારનો થાય છે કે દિવસો સુધી તેની અસર રહે છે ! ! આ મેલેરિયાનો પ્રતિકાર કરવાનો સરળ અને સસ્તો ઉપાય આપણી પાસે છે. શહેરી વિસ્તારમાં તુલસી અને ગ્રામ્ય વિસ્તારમાં લીમડાના ઉછેર માટે પ્રત્યેક નાગરિકે પોતાનું યોગદાન આપવું જોઈએ. આ કાર્ય સામુહિક રીતે થવું જોઈએ.

અરીઠાના વૃક્ષો તો હવે બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે. અંગ્રેજીમાં જેને સોપ-નટસ કહેવાય છે તે અરીઠા ૫૦ વર્ષ અગાઉ હજુ સાબુ આટલો પ્રચલિત

## ઉઘાડે છોગે

જેહાંન દારૂવાલા

નહોતો ત્યારે ખૂબજ લોકપ્રિય હતા. અરીઠા એ કપડા ધોવામાં પણ વપરાતા હતા. એટલું જ નહીં સાબુની અવેજીમાં તેનો ભરપૂર ઉપયોગ થતો હતો.

શહેરી પ્રજામાં જેમને વૃક્ષારોપણમાં રસ હોય તેમને આ પ્રકારના ઉપયોગી વૃક્ષોનું સાહિત્ય તૈયાર કરીને પૂરૂં પાડવા કોઈક સંસ્થાએ આગળ આવવું પડશે. કારણ કે પર્યાવરણ એ માત્ર આરામ ખુરશીમાં બેસીને જ ચર્ચા કરવાનો વિષય નથી, તે અમલમાં મુકવાની વાત છે.

પ્રજા જો મેલેરિયાના પ્રતિકાર માટે બે જ મુદ્દાને લક્ષમાં લે તો દર વર્ષે કરોડો માનવ દિવસોની જે નુકશાની જાય છે તે ઓછી કરવામાં તુલસી અને લીમડો કેટલો ફાળો આપી શકે તેમ છે તે નક્કી કરવાનું કાર્ય - તેમજ મૂલ્યાંકન નાગરિકો દ્વારા થાય તે ઈચ્છનીય છે.

* * *

# દૂધ માંસાહારી ખોરાક છે એવો પ્રચાર હિન્દુ પ્રજાના અસ્તિત્વ ઉપર આખરી ફટકો મારવા માટે છે

(૯૮)

**માં**સ, માછલી અને ઈંડાંના પોષણ માટે અને તેની અનિવાર્યતા માટે જ્યારે ખૂબ પ્રચાર થયો છે અને લોકોને સામ, દામ, ભેદથી પણ તે ખવડાવવાના પ્રચંડ પ્રયત્નો જ્યારે અમલમાં આવ્યા છે ત્યારે વિશ્વનો શ્રેષ્ઠ પોષક પદાર્થ અને મહાભારતકારે જેને આ દુનિયાના અમૃત તરીકે વર્ણવ્યું છે તેના વિષે પણ લોકોએ જાણકારી મેળવવી જરૂરી છે. એ જાણકારીને અભાવે જે પદાર્થો ખરેખરું પોષણ આપનારા નથી, પણ સ્વસ્થ્ય, સંસ્કૃતિ અને ધર્મને હણનારા છે, તે પ્રદાર્થો ઉપયોગી અને અનિવાર્ય માની તેનો સ્વીકાર કરતા થઇ જાય અને પરિણામે વિવિધ રોગોના ભોગ બને એનાથી પણ ભૂંડું આસુરી વૃત્તિવાળા થઇ જાય એવી પરિસ્થિતિ ઉપસ્થિત થઇ હોઇ લોકો સમક્ષ આ આસુરી પ્રવૃત્તિઓ સામે લાલ બત્તી ધરવા અને દૂધના પ્રકારો, તેના ગુણદોષ લોકો જાણી શકે એ આશયથી પ્રખ્યાત વૈદરાજ શાલિગ્રામના પુસ્તક શાલિગ્રામ નિઘંટુને આધારે દૂધ વિશેનું અવતરણ લીધું છે.

દૂધ મધુર, સ્નિગ્ધ, વાત-પિત્તનાશક, તત્કાલ વીર્યજનક, શીતલ, સર્વ પ્રાણીઓનું જીવન (કારણ કે વનસ્પત્યાહારી અને માંસાહારી બંને પ્રકારનાં પ્રાણીઓ જન્મતાં જ માતાનું દૂધ પીએ છે અને મોટા થાય છે), કફકારક, બુધ્દ્ધિ વધારનાર, વાજીકરણ, અવસ્થાસ્થાપક, આયુષ્યકારક અને રસાયણ છે. ઓજસ વધારનારું છે. આપણે ખોરાક ખાઇએ છીએ તેનું દર પાંચ દિવસે નીચેના ક્રમમાં રૂપાંતર થાય છે: (૧) રસ, (૨) રક્ત, (૩) મેદ (ચરબી), (૪) માંસ, (૫) અસ્થિ (હાડકાં), (૬) મજ્જા (હાડકામાં વચ્ચે દેખાતો પીળો પદાર્થ), (૭) વીર્ય અને (૮) ઓજસ.

દૂધ જીર્ણજ્વર, માનસિક રોગો, શોષ, મૂર્ચ્છા, ભ્રમ, સંગ્રહણી, પાંડુરોગ, દાહ, તૃષા, હૃદયરોગ, શૂલ, ઉદાવર્ત, ગુલ્મ, રક્તપિત્ત, યોનીરોગ, શ્રમ અને ગર્ભસ્રાવમાં હમેશાં ઉપયોગી છે.

બાળક, વૃધ્દ્ધ, ભૂખથી અથવા અતિમૈથુનથી ક્ષીણ બની ગયા હોય તે તમામ દૂધ પીવાથી ફરીથી સશક્ત બને છે. જે લોકો ખાવાથી બળતરા પેદા કરે એવાં આહાર કે પીણાં લેતા હોય, તેમણે ભોજન કર્યા પછી અવશ્ય દૂધ પીવું જોઇએ જેથી દાહ શાંત થાય છે.

જે પ્રાણીને કાન હોય તે પ્રાણીની માદાને સ્તન હોય છે અને તે માદા બચ્ચું જન્મતાં જ તેને પોતાનું દૂધ ધવડાવીને ઉછેરે છે. આવાં પ્રાણીઓમાં ઉંદરથી હાથી સુધીનાં તમામ વનસ્પત્યાહારી અને માંસાહારી પ્રાણીઓ આવી જાય છે. મનુષ્યો જે જે પ્રાણીના દૂધનો ઉપયોગ કરે છે તે તે પ્રાણીના દૂધના ગુણદોષ વિશે આયુર્વેદે સંશોધન કર્યું છે.

ગાયનું ધારોષ્ણ (શેડકઢું) દૂધ બળ આપનારું, પચવામાં હલકું, ઠંડક આપનાર, ભૂખ લગાડનાર, ત્રિદોષનો નાશ કરનાર છે. મહાભારતમાં રાજા યુધિષ્ઠિરે તેને દુનિયાના અમૃત તરીકે વર્ણવ્યું છે.

ભેંસનું દૂધ પણ ધારોષ્ણ હોય તો ઉત્તમ છે, પણ પચવામાં બહુ ભારે છે. બકરીનું દૂધ ગરમ કરી ઠારીને પીવું જોઇએ, પણ ઘેટીનું દૂધ ગરમ કરીને ગરમ ગરમ હોય ત્યારે જ પીવું જોઇએ.

ગરમ ગરમ દૂધ પીવાથી કફ અને વાયુનો નાશ થાય છે અને ગરમ કર્યા પછી ઠંડું કરીને પીવાથી પિત્તનો નાશ થાય છે. દૂધમાં દૂધ કરતાં અડધું પાણી નાખી એ પાણી બળી જાય ત્યાં સુધી ઉકાળીને પછી પીવાથી કાચા દૂધ કરતાં પચવામાં વધુ હલકું છે.

શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષમાં પણ ચંદ્રની વધઘટ પ્રમાણે દૂધના ગુણમાં ફેર પડે છે. જે ગાયો રાતે ઘરમાં બાંધેલી હોય તેમનું દૂધ સવારે વધુ ઠંડું અને પચવામાં ભારે હોય છે, પણ જે ગાયો રાતે પણ જંગલમાં ચરવા જાય છે તેમનું દૂધ પચવામાં હલકું હોય છે. સવારનું દૂધ સાંજના દૂધ કરતાં વધુ ઠંડું હોય છે. સવારના દૂધ કરતાં સાંજનું દૂધ વધુ હલકું અને વાત-કફને વધુ સહેલાઇથી દૂર કરનારું હોય છે, જ્યારે સવારનું દૂધ પિત્તજન્ય રોગોને સહેલાઇથી દૂર કરે છે.

પ્રથમ પહોરમાં એટલે કે સૂર્યોદય પછીના પહેલા ત્રણ કલાકમાં દૂધ પીવાથી બળ અને વીર્ય વધે છે, ભૂખ લાગે છે. મધ્યાહ્ન કાળે એટલે કે બપોરે દૂધ પીવાથી બળ વધે છે. કફ અને પિત્ત નાશ પામે છે. તે અગ્નિદીપક છે એટલે ખાધેલા અન્નને પચાવે છે. બાળકોના શરીરનો બાંધો વધારે છે અને ક્ષય રોગનો નાશ કરે છે.

રાત્રે દૂધ પીવાથી અનેક રોગોનું શમન થાય છે. સૂતી વખતે દૂધ પીને સૂઇ જવાથી દિવસભરનો તમામ શારીરિક અને માનસિક થાક ઊતરી જાય છે. શરીરને તેમ જ બુધ્દ્ધિને લાગેલો ઘસારો પુરાઇ જાય છે. માટે તંદુરસ્ત રહેવા ઇચ્છતા અને વૃધ્દ્ધાવસ્થાના રોગો તેમ જ નબળાઇથી બચવા ઇચ્છતા લોકોએ ત્રણે કાળ દૂધનું સેવન કરવું જોઇએ.

જેની પાચનક્રિયા ખામીરહિત છે, જેનું શરીર ક્ષીણ (સુકાયેલું) છે એવા- બાળક, યુવાન, વૃધ્દ્ધ- તમામને માટે દૂધ હિતકારી છે. દૂધમાંથી શરીરમાં તત્કાળ વીર્ય ઉત્પન્ન થાય છે, અનાજમાંથી વીર્ય પેદા થતાં એક મહિનો લાગે છે અને ઈંડાં, માંસાહાર તેમ જ બીજા તામસી પદાર્થો ખાવાથી વીર્યનો ક્ષય થાય છે.

જે લોકો અત્યંત તીખા, ખાટા, કડવા, ખારા, દાહજનક, લૂખા, ગરમી પેદા કરનારા અને એકબીજાથી વિરુધ્દ્ધ ગુણવાળા પદાર્થો ખાતા હોય તેમણે રાતે અવશ્ય દૂધ પીવું જોઇએ જેથી અયોગ્ય ખોરાકથી પેદા થતી અહિતકારી અસર મંદ બને.

એક જ ગાયના દૂધમાંથી બનાવેલું ઘી, તે જ ગાયના દૂધમાં નાખીને પીવામાં આવે તો તેનાથી વધુ પૌષ્ટિક કોઇ ચીજ આ દુનિયામાં નથી.

આયુર્વેદમાં જ્યાં જ્યાં દવા તથા ખોરાક તરીકે દૂધનો ઉપયોગ કરવા જણાવ્યું હોય ત્યાં ત્યાં દૂધ ગાયનું, ભેંસનું, બકરીનું કે કોનું લેવું તે સ્પષ્ટ જણાવ્યું ન હોય તો ગાયનું જ દૂધ લેવું જોઇએ.

સમકાલીન
પાના નંબર :
દિનાંક : 30-12-93

# તંદુરસ્તી

વાગ્ભટ્ટ

(૨૦)

મોટર કે એરોપ્લેનમાં વાપરવા જતાં નુકસાન થાય છે, તેમ આ શરીરરૂપી યંત્ર, જે મોટર કે એરોપ્લેન કરતાં અનેકગણું કીમતી છે તેને પણ સારી રીતે જાળવી રાખવા માટે શુધ્ધ ઘી-દૂધ ન વાપરતાં બીજા અશુધ્ધ પદાર્થો વાપરવા જતાં ખૂબ નુકસાન થાય છે.

તેમ જ ઘી અને દૂધની શુધ્ધિ જાળવવા માટે પણ ગાય ડેરીમાં નહીં પણ ઘરમાં જ હોવી જોઇએ, તો જ તે ગાય દ્વારા પ્રજાને શારીરિક, માનસિક અને આર્થિક લાભ થાય છે. ગાયને ડેરીમાં મોકલ્યા પછી કે ગાયના દૂધનો વિક્રય કર્યા પછી લાભ માત્ર ડેરીને થાય છે અને નુકસાન સમસ્ત રાષ્ટ્રને થાય છે.

સાધુ, સંન્યાસીઓ અને અનુભવી વડીલો પાસેથી અને ગુરુ, પરંપરાગત વૃધ્ધ વૈદરાજો પાસેથી સાંભળેલા પણ પ્રત્યક્ષ ન અનુભવેલા ગાયના દૂધ અને ઘીના ગુણ નીચે મુજબ છે: આધુનિક પશુશાસ્ત્રીઓના માર્ગદર્શન નીચે ન ચલાવાતી હોય એવી ગૌશાળાઓએ રાષ્ટ્રના હિતની ખાતર એ પ્રયોગ અનુભવની એરણ ઉપર ચડાવવા જોઇએ.

*આધુનિક પશુશાસ્ત્રીઓની દોરવણી નીચે ઉછેરાતી ગાયોનાં દૂધ-ઘીના પ્રયોગો કરવામાં આવે તો તેનાં દુષ્પરિણામો આવવાની સંભાવના રહે છે અથવા તેમાં દગાફટકા ખેલાઇને આખો પ્રશ્ન ઊંધે રસ્તે ચડી જવાની પણ સંભાવના છે, કારણ કે અત્યારે આપણી ગાયો અને બીજાં પશુઓ પણ આંતરરાષ્ટ્રીય કાવતરાની જાળમાં સપડાયેલાં છે.*

ગાયના દૂધમાં એ જ ગાયનું ઘી મેળવી એ પીવાથી અને ગાયના ઘીના બનાવેલા ગરમ ગરમ (સહન થઇ શકે તેટલા ગરમ) શીરાના જીભ ઉપર ચબકા મારવાથી કેન્સર મટી ગયાનું જણાયું છે. જીભ ઉપરનો જખમ રુઝાવા લાગે અને ખોરાક ખાઇ શકાય તેવી હાલતમાં દરદી આવે પછી પણ ખોરાકમાં ગાયના ઘીની રાબ કે શીરો જ આપવાં.

કેન્સર એ શરીરમાં પેદા થયેલા ઝેરનું પરિણામ છે, પિત્તજન્ય છે અને ગાયનાં દૂધ તેમ જ ઘી ઝેર તેમ જ વાત-પિત્તનો નાશ કરનારાં છે.

રશિયન વૈજ્ઞાનિકો ગાયના દૂધ અને ઘીને આણુરજના વિષનું શમન કરનારાં માને છે. કેન્સર આણુરજ લાગવાથી થયું હોવાનો સંભવ હોય છે એટલે શરીરમાં બીજા ભાગ ઉપર થયેલા કેન્સર ઉપર પણ ગાયનાં દૂધ-ઘી ઉપયોગી થાય એવી શક્યતા છે.

જંગલમાં વસનારા સાધુઓ પાસેથી એવું જાણવા મળ્યું છે કે ગાયનું ધારોષ્ણ વૃધ (દૂધ) બ્રહ્મમુહૂર્તમાં (સવારના ચાર ને છ વાગ્યાની વચ્ચેના સમયે) બિલકુલ ટટ્ટાર ઊભા રહીને રોજ નાક વડે પીવાથી રાત્રિના અંધકારમાં પણ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે.

ગાયના દૂધનું ખીરું (ખીરું એટલે ગાય વિયાય કે તરત જ ઓર પડ્યા પહેલાં દોહી લેવામાં આવેલા દૂધને ખીરું કહે છે. ઓર પડી ગયા પછી દોહવામાં આવેલું ખીરું અશુધ્ધ અને ગુણહીન બની જાય છે) રોજ સવારે છ મહિના સુધી પીવામાં આવે તો આંખનું તેજ એકદમ વધી જઇ ગીધ પક્ષીની જેમ ઘણે દૂર સુધી જોઇ શકાય છે. આવો પ્રયોગ જે ગૌશાળા પાસે ૩૦૦-૪૦૦ દૂઝણી ગાયો હોય તે જ કરી શકે

... ાઢું, ચીકણું, [illegible] પડતું, શીતળ અને ખૂબ બળવર્ધક તેમ જ વીર્યવર્ધક હોય છે, પણ જેની પાચનશકિત ખૂબ નબળી હોય તેણે તે પીવું જોઇએ નહીં.

ગાયને શતાવરી ખવડાવીને તે ગાયના દૂધ ઉપર દરદીને રાખવાથી ટી. બી. મટે છે.

વ્યાયામ-વિશારદ, વિશ્વવિખ્યાત મેકફર્ડને પોષણ અને તાકાત માટે તેમ જ નીરોગી રહેવા માટે ગાયના દૂધને જ સર્વશ્રેષ્ઠ ખોરાક ગણ્યો છે. મેજિક ઓફ મિલ્ક નામના પોતાના પુસ્તકમાં તે લખે છે કે માણસે નીરોગી અને બળવાન રહેવા માટે પોતાના શરીરના વજનથી અડધા વજનના માપનું દૂધ પીવું જોઇએ. દૂધના ખોરાકને લીધે નેવું વરસની ઉંમરે પણ તેમનું શરીર જુવાનના જેવું ચપળ, બળવાન અને નીરોગી હતું.

વિશ્વવિખ્યાત મલ્લરાજ ગામા કહેતા કે હું અદાત હોવાથી માંસાહાર કરું છું પણ બળ તો ઘી અને દૂધના ખોરાકમાંથી મેળવું છું. તેઓ રોજ એક મણ દૂધ પીતા અને તેમના જીવનકાળમાં દુનિયાનો કોઇ પહેલવાન તેમને કદી પણ હરાવી શક્યો નહોતો.

ગાયનાં દૂધ અને ઘી સાત્ત્વિક, બળ અને બુધ્ધિ વધારનાર ખોરાક છે, જ્યારે માંસ-મચ્છી-ઈંડાં ખાવાથી પૂરતું પોષણ કે આરોગ્ય મળતું નથી, પણ અનેક દરદો પેદા થાય છે.

અમેરિકામાં ૫૦ વરસથી મોટી ઉંમરના માણસોમાં ૫૦ ટકા જેટલા મનુષ્યો આર્થરાઇટિસથી પીડાય છે અને ડાયાબિટીસ, પાયોરિયા, અલ્સર, કેન્સરનો તો ત્યાં રાફડો ફાટ્યો છે, કારણ કે તેઓ અકરાંતિયાની પેઠે માંસ, મચ્છી ને ઈંડાં ખાય છે. દૂધ પણ તેમને તે રોગોથી બચાવી શકતું નથી, કારણ કે તેમનો ગાયોનો ઉછેર અવૈજ્ઞાનિક અને ઘાતકી છે એટલે તેમની ગાયોના દૂધમાં ભારતની ગાયોના દૂધના ગુણ જેવા ગુણ હોતા નથી. એથી ઊલટું તેમની ગાયો પણ કેન્સર અને ટી. બી.થી પીડાતી હોય છે અને જ્યારે એ રોગ ખૂબ પ્રસર્યા પછી જાહેર થાય છે ત્યારે એ ગાયને મારી નાખવામાં આવે છે.

ગાયના દૂધમાંથી બનાવેલાં પેંડા, બરફી, રબડી ઈત્યાદિ પદાર્થો બળવર્ધક, હિતકારી, વીર્યવર્ધક અને શરીરનું ઓજસ વધારનારા છે. બાળકોને ચોકલેટ, પિપરમીટ, બિસ્કિટ વગેરે ખવડાવવાથી નુકસાન કરે છે. પેટ અને દાંત બગાડે છે. જ્યારે પેંડા ફાયદો કરે છે. રીકેટ સામે બાળકોનું રક્ષણ કરે છે.

પશ્ચિમી ઢબના અને ભારતીય ઢબના પશુઉછેરની રીત અને પશુઉછેર પાછળની ભાવનામાં જમીન-આસમાનનો ફરક છે. પશુ પાછળની ભારતીય ભાવના પશુઓ જીવનપર્યંત સુખપૂર્વક વધુમાં વધુ સમય જીવે એવી છે. મનુષ્યોને અને પૃથ્વીને ઉપયોગી બને અને પોતાના કુદરતી મોતે મરે એવી વ્યવસ્થા કરવાની છે.

જ્યારે પશ્ચિમી ઢબનો ઉછેર તદ્દન જંગલી, પશુઓનું નિર્દય શોષણ કરીને ચારપાંચ વરસમાં તેમની દૂધ આપવાની શક્તિમાં ઓટ આવે ત્યારે ત્રાસજનક રીતે તેમને મારીને ખાઇ જવાની દુષ્ટ ભાવનાવાળો છે. પશ્ચિમ-ભક્ત ભારતીયો પશ્ચિમની ગાયોના દૂધના મોટા પ્રમાણમાં વખાણ કરતા થાકતા નથી, પણ વધુ દૂધ મેળવવા માટે તેમના પર માનસિક અને શારીરિક ત્રાસ ગુજારવામાં આવે છે અને તેઓ ચારપાંચ વરસમાં જ ઓછું દૂધ આપતી થાય ત્યારે તેમનું વધુ માંસ મેળવવા કેવી ભયંકર રીતે રિબાવીને મારે છે તેની જાણકારી આપવાથી દૂર રહે છે. તેઓ *આપણી ગાયો અકબરના જમાનામાં રોજ ૬૪ લિટર દૂધ આપતી અને શા માટે હવે ઓછું દૂધ આપતી થઈ છે?* તેનાં કારણો જાહેર કરવાથી પણ દૂર રહે છે.

Contd - 3

વળી ભારતના અને પશ્ચિમના દૂધ-વિશ્લેષણમાં પણ મોટો તફાવત છે. પાશ્ચાત્યો દૂધમાં કયા કયા પદાર્થો છે તે શોધી શક્યા છે, પણ ગુણ જોઈ શક્યા નથી. ભારતમાં પદાર્થ કરતાં પદાર્થના ગુણને વધુ મહત્ત્વ અપાય છે અને આપણે માત્ર દૂધના નહિ પણ દરેક પ્રકારનાં અનાજ, ઔષધિઓ અને વનસ્પતિઓના ગુણ પણ જાણીએ છીએ.

દૂધનો પાઉડર બનાવ્યા પછી તેનાં મુખ્ય તત્ત્વો નાશ પામે છે. તાજા દૂધના ગુણ તેમાં રહેતા નથી. દૂધનો પાઉડર બનાવવાની ક્રિયા એ શોષક અર્થતંત્રના ઢાંચાની ક્રિયા છે. ભારતીય અર્થવ્યવસ્થાના ઢાંચામાં એ બંધબેસતી નથી.

ડેરી ઉદ્યોગ પશુ, પશુપાલક અને પ્રજાનું શોષણ કરે છે. દૂધનો પાઉડર બનાવવાથી એ ગમે ત્યારે બજારમાંથી અદશ્ય કરી શકાય છે. ગમે તેવા ભાવ વધારી શકાય છે અને મરજી મુજબ પ્રજાનું શોષણ કરી શકાય છે.

ભારતનાં સ્વાસ્થ્ય, સમૃધ્દિ અને સંસ્કૃતિ એ ત્રણે માટે વનસ્પતિ ઉદ્યોગ અને ડેરી ઉદ્યોગ ભારે ખતરનાક નીવડ્યા છે. એ બન્ને ઉદ્યોગોને સંપૂર્ણ બંધ કરવામાં ન આવે ત્યાં સુધી ભારતમાંથી ગરીબી, બેકારી, બીમારી અને ફુગાવો નાબૂદ કરી શકાશે નહિ.

ભારતમાં પશુઉછેર એ કોઈ ઉદ્યોગ નથી, પણ એક કૌટુંબિક ક્રિયા છે. ભારતનાં સ્વાસ્થ્ય, સમૃધ્દિ અને સંસ્કૃતિ સાથે એ ક્રિયા જોડાયેલી છે. ત્યાંથી તેને છૂટી પાડીને ઉદ્યોગોમાં ફેરવી નાખો તો ઉદ્યોગ આ ત્રણે શ્રેયસ્કર વસ્તુઓને ભરખી જશે.

દૂધ એ નિરામિષાહારી ભોજન નથી, એ ગાયનાં લોહી-માંસનું બનેલું છે. આ જાતનો પ્રચાર વાહિયાત અને બદઈરાદાવાળો છે. હિંદુ પ્રજાને માંસાહારી બનાવીને પૃથ્વી ઉપર એક રાજ્ય અને એક ધર્મના નારા સાથે હિંદુઓને ઇસાઇ ધર્મમાં વટલાવવાના ષડ્યંત્રનો પાયો છે.

દૂધ એ લોહી-માંસ છે એમ સ્વીકારો તો તમારે તે છોડી જ દેવું જોઈએ. ગાંધીજી એ જાળમાં આબાદ ફસાયા હતા, પણ પાછળથી પોતાની ભૂલ સમજાતાં ગાયનું દૂધ ન પીવાની પ્રતિજ્ઞા ન તોડવા ખાતર બકરીનું દૂધ પીવાનું શરૂ કર્યું હતું.

દૂધ જો લોહી-માંસનું બનેલું હોત તો માંસાહારી લોકો પોષણ અને સ્વાસ્થ્ય માટે દૂધ પીવાને બદલે લોહી-માંસ વડે ચલાવી લેત, પણ દૂધ અને લોહી-માંસમાં સમાન ગુણ ન હોવાથી તેમને પોષણ માટે દૂધ પીવું પડે છે. જ્યારે નિરામિષાહારી લોકોને દૂધ પીધા પછી પોષણ માટે માંસ ખાવાની જરૂર રહેતી નથી.

દૂધ પીને માંસ ન ખાનારા લોકો અપોષણમાં દરદોના ભોગ બનતા નથી, પણ માંસાહારી લોકો દૂધ ન પીએ તો અપોષણના, વાયુના વગેરે વિવિધ પ્રકારના ભોગ બને છે. માંસનું પ્રોટીન તેમને રોગોથી બચાવી શકતું નથી. ઊલટું તેમનામાં રોગો પેદા કરે છે.

વળી ખાધેલો ખોરાક રસ, રક્ત, મેદ, માંસ, મજ્જા, વીર્ય અને ઓજસમાં ૩૦ દિવસે દર પાંચ દિવસે રૂપાંતર પામતો. જ્યારે ગાય કે કોઇ પણ પ્રાણીને જે ખોરાક ખવડાવો તે તે જ દિવસે દૂધમાં રૂપાંતર પામીને આંચળમાં આવે છે અને ત્યાર બાદ વધેલા ભાગમાંથી આઠ ધાતુઓનો જન્મ થાય છે એટલે દૂધ એ લોહી-માંસનું બનેલું છે. એ પ્રચાર હિંદુપ્રજાના અસ્તિત્વ સામે એક ભયંકર ષડ્યંત્ર છે.

અંગ્રેજી કેળવણી દ્વારા આપણને એ શીખવવામાં આવ્યું છે કે દૂધ એ લોહી-માંસની જ બનાવટ છે. તો પછી જે દવાઓ લોહી-માંસની બનાવટ છે એ દવાઓ સ્વાસ્થ્યની રક્ષા કરવા ખાવામાં શો વાંધો છે?

જે લોકો અંગ્રેજી કેળવણી લઇ પોતાની જાતને પ્રચંડ સુધારકમાં ખપાવવા અભરખો રાખતા હતા, તેમણે આ દવાઓના પ્રચારકો થવામાં ગૌરવ અનુભવ્યું. પછી દવાઓમાં દારૂ પણ આવ્યો અને ત્યાર બાદ અનેક ષડ્યંત્રો દ્વારા મોંઘુંદાટ અને દુષ્પ્રાપ્ય બનાવી, પોષણ માટે પ્રોટીનનો પ્રચાર શરૂ કરવામાં આવ્યો.

પ્રોટીન પાછળ ઈંડાં; ઈંડાં માટે અબજો રૂપિયાની યોજનાઓ અને પોષણને નામે બાળકોને મફત ઈંડાં આપવાના નિર્ણયો થયા.

પાછળથી ઈંડાં ન ખાનારાં બાળકોને પણ ઈંડાંના ગુણ અને સ્વાદ વિષે ખોટી સમજણ આપીને અને પાઠ્યપુસ્તકોમાં તેનો ખોટો પ્રચાર કરીને તેમને ઈંડાં ખાવાનું સમજાવવામાં આવે અને તેમાં સફળ થયા છે.

મહાજનમ્ ફીચર્સ

VINIYOG

# દૂધની મહત્તા

સંજીવની

**સ્વાસ્થ્ય સોપાન**

પ્રાણિમાત્ર માતાનું દૂધ પીને જ મોટું થાય છે. દૂધ પ્રાણી માત્રને એટલા જ કારણે સાત્મ્ય (હિતાવહ) છે. જન્મથી જ દૂધ પીવાનો અભ્યાસ હોવાથી સર્વ મનુષ્યો માટે દૂધ સાત્મ્ય છે.

વાત-પિત્ત-કફ રક્ત વિકારોમાં તેમજ ખાસ રોગોમાં પણ દૂધ સાત્મ્ય છે. ચરકે દૂધને "મનસ્કર" મન બનાવનાર કહેલું છે. જીર્ણજવર, ખાટંસી, દમ, શોષ, (કંઝમ્પ્સન), ક્ષય(ટી.બી.), ગુલ્મ, ઉન્માદ(ગાંડપણ), જલોદર, મૂર્ચ્છા, ચક્કર, મદ, દાહ, તરસ, હ્રદયના રોગો, બસ્તિના વિકારો, પાંડુરોગ, સંગ્રહણી, હરસમસા, શૂળ, પેટનો આફરો, (ગેસ વગેરે), અતિસાર, મરડો, યોનિરોગ, (ગર્ભાશયના વિકારો), ગર્ભસ્ત્રાવ(એબોર્શન), રક્તપિત્ત(રક્ત અને પિત્તના વિકારો), શ્રમ, કામ (વગર મહેનતે શ્વાસ ચડવો) આ રોગોને દૂર દુર કરે છે-મટાડે છે.

દૂધ પાપનાશક, બલ્ય (ટોનિક), વૃષ્ય(વાજીકરણ સેકસ પોટેન્સી વધારનાર), વાજીકરણ (એફ્રોડિઝિએક), રસાયન ઘડપણને દૂર રાખનાર, રોગ માત્રને દૂર રાખનાર) મેધ્ય (બુદ્ધિ વર્ધક), હાડકાંને સાંધનાર (ફ્રેકચર થયું હોય, તેવા તૂટેલા હાડકાંને જોડનાર), આસ્થાપન(બસ્તિ માટે ઉપયોગી) વય:સ્થાપન (ઉમર જણાવા ન દે એવું), આયુષ વધારનારું, જીવનોપયોગી, શરીરને હુષ્ટપુષ્ટ બનાવનાર, વિરેચક (માઈલ્ડ લેકસેટિવ) અને વમનોપગ (ઉલટી કરાવતી વખતે વામક દ્રવ્યની શક્તિમાં વધારો કરનાર) છે. ઓજના જે દશ ગુણો છે તે બધા ગુણો દૂધમાં હોવાથી દૂધ ઓજોવર્ધક છે. બાળકો, વૃદ્ધો, ક્ષતક્ષીણ તમામ માટે હિતાવહ છે. ભૂખથી કૃશ થએલા, અતિ-સ્ત્રીસેવનથી કૃશ થયેલા, અતિ મહેનત કરવાથી ક્ષીણ થયેલ આ બધા માટે દૂધ અત્યંહિતકર છે.

ઉપર દૂધના જે ગુણધર્મ દર્શવેલા છે. તે જોતાં (સુશ્રુત) સંસારમાં એવો એક પણ પદાર્થ નથી જે દૂધની તોલે આવી શકે. કોઈ આમાં અતિશયોક્તિ ન માને. આધુનિક વિજ્ઞાને પણ દૂધને સર્વશ્રેષ્ઠ આહાર જાહેર કર્યો છે. દૂધ પૂર્ણ આહાર (કંપ્લીટ ફુડ) છે. એનું પ્રોટીન ઉત્તમ કોટિનું છે, એની ચરબી-સ્નેહ-ફેટ એટલા સૂક્ષ્મકણોમાં ફેલાયેલી છે દૂધના એક ટીપામાં પંદર લાખ ચરબી કણો છે એથી દૂધની ચરબી સુપાચ્ય છે. હાર્ટના રોગીઓ માટે પણ દૂધની ચરબી નુકશાનકાર નથી. એમાં સાકર દુગ્ધશર્કરા(લેકટોઝ) રૂપે છે, એટલે મધુમેહમાં પણ દૂધ યોજી શકાય એવું છે. દૂધને જીવનીય(જીવનોપયોગી) કહીને એમાં એ, ડી ઈ વગેરે વિટમીનો છે એ ધ્વનિત છે. જીવનોપયોગી તમામ ખનિજો દૂધમાં છે. ઉપર સુશ્રુતના કથન ઉપર મોટો ગ્રન્થ લખી શકાય. પ્રાચીનોની આ સાર ગર્ભિત શૈલીમાં ઘણું કહેવાયેલું છે.

આ બધા ગુણો દરેક પ્રાણીના દૂધના છે. ગાય, ભેંસ, બકરી, ઘેટી, ઘોડી, ઉંટની હાથણી બધાનું દૂધના આ સામાન્ય ગુણો છે. હવે આપણે ગાય, ભેંસ, બકરી (આ ત્રણનાં જ દૂધ ભારતભરમાં વપરાય છે. એટલે એમનાં દૂધના ગુણો જોઈશું:

ગાયનું દૂધ: ચરકાચાર્યે ગાયના દૂધને "પ્રવર" જીવનીયાનામ્ ક્ષીરમુક્તમ્ રસાયનમ્"

પૃથ્વી ઉપર જેટલા જીવનીય દ્રવ્યો છે તે સૌમાં ગાયનું દૂધ ઉત્તમ જીવનીય પદાર્થ છે. જીવનોપયોગી તમામ પદાર્થોથી ગાયનું દૂધ સભર છે. અને તે રસાયન પણ છે જે દ્રવ્યના સેવનથી રોગમાત્ર દૂર રહે અને ઘડપણ વહેલું ન આવે કે ન જણાય તેનું નામ રસાયન.

વળી ઓજના બધા ગુણો ગાયના દૂધમાં છે એમ કહીને તો ગાયના દૂધને અમૃત જેવું જ ગણ્યું છે. જીવનનો આધાર ઓજ ઉપર છે સાતેય ધાતુઓનો પરમ સાર એ ઓજ છે. હ્રદયમાં એનો વાસ છે. ઓજના નાશથી જ મરણ થાય છે. ઓજ શબ્દનું અંગ્રેજી કરી શકાય એવો એકેય શબ્દ આજદિન સુધી શોધ્યો જડતો નથી.

ગાયનું દૂધ શરીરના કોઈપણ ભાગમાંથી લોહી વહેતું હોય તેમાં પણ ઉત્તમ છે રક્તપિત્તહર છે. એનો રસ અને વિપાક મધુર છે. વાત અને પિત્તના રોગોમાં દૂધ સરસ છે.

મહર્ષિ કાશ્યપે ગાયના જે ગુણો આપ્યા છે તે વાંચતાં હૈયું નાચી ઉઠે છે. પૃથ્વી ઉપરનું એ અમૃત છે. ગાયનું દૂધ પીનારી પ્રજા હંમેશાં વીર્યવાન, બુદ્ધિમાન, દીર્ઘાયુ, જગતમાં નામ કાઢનારી હોય છે. ભારતમાં જ્યારે ગાયના દૂધની નદીઓ વહેતી હતી ત્યારે આપણો દેશ ભમંડલ ઉપર સર્વશ્રેષ્ઠ ગણાતો. આપણે અહીં જગતભરમાંથી વિદ્યાર્થીઓ ભણવા આવતા. આપણાં સ્ત્રીપુરુષો હુષ્ટપુષ્ટ, સુંદર, મેધાવી, દીર્ઘાયુ હતાં. ગાયનું ધારોષ્ણ દૂધ-શેઢકડું દૂધ અમૃત સમાન છે. દવામાં પૈસા બગાડતા અને શરીરને પાયમાલ, થતાં આપણા દેશમાં શેઢકડું દૂધ મળે તેવી વ્યવસ્થા થાય તો અબજોની દવાઓની જરૂર નહી રહે. જો તાજું, તરતનું દોહાયેલું દૂધ ન મળે તો પછી દૂધને ધીમા તાપે ઉભરણ આવતાં સુધી ઉકાળીને પીવામાં લેવું જોઈએ. કાચું દૂધ કદી ન પીવું જોઈએ. કારણ દૂધમાં જોત-જોતામાં જીવાણુંઓ પ્રવેશ કરે છે.

બકરીનું દૂધ: ગાયના દૂધના જેવું જ બકરીનું દૂધ છે. મનુષ્ય શરીરની ધાતુઓ સાથે બકરીની ધાતુઓનું સામ્ય છે. બકરી વનસ્પતીનો પાલો જ ખાય છે. આખો દિવસ સૂર્યના

**અનુસંધાન પાન ૪ ઉપર**

Contd - 2

VINIYOG

તાપમાં અહીંતહીં ફરે છે. એટલ બકરીનું દૂધ પચવામાં ખૂબ જ હલકું ગણાય છે. ક્ષયરોગવાળાઓ તેમજ શરીરે સુકલકડી માણસો માટે બકરીનું દૂધ ખૂબ સારું. બકરીનું દૂધ દીપન અને સંગ્રહાહિ અર્થાત અતિસાર અને ગ્રહણીના રોગીઓ માટે સારું છે. શ્વાસ, કાસ અને રક્તપિત્તના રોગીઓ માટે બકરીનું દૂધ ઉત્તમ છે. બકરીનું શરીર હલકું, કદમાં નાનું હોવાથી, તે કડવું તીખું બધું જ ખાતી હોવાથી, બહુ પાણી તેને પીવા જોઈતું નથી તેથી અને આખો દિવસ ખૂબ વ્યાયામ કરનારી હોવાથી એનું દૂધ સર્વવ્યાધિહર ગણાય છે. બૅકરીને ક્ષય થતો નથી. ક્ષયના રોગીઓને બકરાં વચ્ચે રાખવાથી ક્ષય રોગ મટે છે. બકરીનું દૂધ ઘી માંસ બધું જ સુપાચ્ય, ધાતુ પોષક છે. બકરી સૌ કોઈને પોષાય એવું પશુ છે. ગાય-ભેંસના આજે ખૂબ પૈસા પડે છે. જ્યારે બકરી સૌ કોઈ ઘેર પાળી શકે છે. પરંતુ ખેદની વાત છે કે ગુજરાતના લોકો-ખેડૂતો વગેરે બકરી પાળતા જ નથી. આપણાથી બકરી પળાય ? એ તો મુસલમાન પાળે, એનું દુધ આપણાથી ન પીવાય. આ ઘોર અજ્ઞાન લોકનાયકો, સર્વોદયવાળા વગેરે દૂર કરે.

ભેંસનું દૂધ : જેવું આ બેડોળ જાડું, પાણીમાં પડી રહેનાર પ્રાણી છે તેવું જ તેનું દૂધ પચવામાં ભારે, જઠરાગ્નિ મંદ કરનાર, ઉંઘ લાવનાર (તમસને લઈને), અત્યંત ઠંડું અર્થાત કફ કરનાર - વધારનાર છે એ "મહાભિષ્યન્દિ" છે અર્થાત રસવહન કરનાર શિરાઓનાં મુખને લીપી દેનાર છે. ગુજરાતમાં ભેંસોનું દૂધ જ ખાવમાં વપરાય છે. ગાયો જેનાં ઘેર હોય છે એ લોકો કહે છે કે - "ગાયનું દૂધ તો વાયડું છે, અમને ભાવતું જ નથી."

## સ્વાસ્થ્ય સોપાન

અનુસંધાન પાન ૩ નું ચાલુ

આ ભયંકર અજ્ઞાન છે. દૂધ અનેક ઔષધિઓના રસનો પ્રસાદ છે એમ સુશ્રૂતે કહ્યું છે. અનેક પ્રકારનાં ખાદ્ય દ્રવ્યોના સારભાગનો પ્રસાદ એ દૂધ.

દૂધ એ સાક્ષાત લોહીનું જ રૂપાંતર છે. લોહીમાંથી જોતજોતામાં દૂધ બની જાય છે. એટલે જ દૂધને પ્રાણદ-પ્રાણ આપનારું - પ્રાણને પોષનારું કહ્યું છે. ઘણા રોગોમાં દર્દીને એકલા દૂધ ઉપર રાખવાથી દર્દીને ઘણો લાભ થાય છે. આંતરડામાં રહેલા રોગ અને જીવાણું તથા તેનાં વિષયોનો નાશ થાય છે. આખા શરીરમાં અજબ ચેતન માટે અમૃતમય છે. આપણી પ્રજાને દુધ પીતી કરવાની જરૂર છે. આજે તો બધે જ દૂધ ડેરીઓમાં આપી દેવામાં આવે છે. એક ટીપું દૂધ કેળના ગર્ભ જેવા પોતાના બાળક માટે પણ કોઈ ઘરમાં રાખતું નથી. મારું ચાલતું હોય તો આપણા દેશમાં સર્વત્ર છાશની પરબો મંડાવું અને લોકોને દૂધ-છાશ છૂટથી મળી રહે એવો પ્રબંધ કરાવું. આપણી પંચાયતો છાશની પરબો જરૂર ચલાવે. આરોગ્ય-યોજના પાછળ કરોડો ખર્ચનારી સરકારને આ સાદી વાત કેમ કોઈ સંભરાવતું નથી ? દવાખાનાં કાઢવાં, આરોગ્ય નિરીક્ષકો નીમવા, રસીઓ અને ઈન્જેકશનો મૂકાવવાં આ બધું અમને નિરર્થક લાગે છે. દૂધ-છાશ - માખણ ખાતી પ્રજાને બનાવવી જોઈએ. દૂધના ગુણોની જાહેરખબરો ઠેરઠેર ટાગવી જોઈએ. સિનેમાઓમાં દૂધની મહત્તા બતાવવી જોઈએ. છાશ આપણી પેનિસિલિન છે. છાશ દેવોને દુર્લભ ભલે રહે. આપણે માટે તે સુલભ બની રહેવી જોઈએ.

રખેવાળ
તા.૨૮.૨.૯૪

(૨૪)

VINIYOG

# આરે, મહાનંદા, ગોકુળ અને વારણા ડેરીના દૂધમાં બિન્દાસ્ત ભેળસેળ

(સંદેશ ન્યૂઝ સર્વિસ) મુંબઈ, શનિવાર મહારાષ્ટ્રમાં દૂધનું મહાપૂર ઉમટયું હોવા છતાં કેટલાંક ભેળસેળ કરનારાઓ આરે, મહાનંદા, ગોકુળ અને વારણા દૂધમાં બિન્ધાસ્ત પણે ભેળસેળ કરવાનું કૌભાંડ ચલાવતા હોવાનું સમજાય છે.

પોલિથિલિન બેગમાં મળતાં આ ડેરીના દૂધને ખાલી થેલીઓમાં ફરીથી ભરી તેને ગ્રાહકો સુધી પહોંચાડવાનો સિલસિલો ધારાવી, ચારકોમ અને માલવાણી પરિસરમાં ચાલી રહ્યો છે.

જાણકારોનું કહેવું છે કે, મુંબઈમાં રોજનું દોઢ લાખ લીટર ભેળસેળિયું દૂધ રિ- પેક થઈને બજારમાં આવે છે.

કેટલીક જગ્યાએ તો દૂધની થેલીમાંથી ઈન્જેકશનની સિરિન વડે દૂધ કાઢી લઈને તેટલું જ પાણી દૂધની થેલીમાં ભેળવવામાં આવે છે.

વારણા અને ગોકુળ ડેરીના સત્તાવાળાઓએ તો ભેળસેળવાળા દૂધથી સાવધ રહેવાની અપીલ છાપામાં જાહેરખબર આપીને કરી છે.

દૂધમાં ભેળસેળ કરનારાઓ સામે સખ્ત અને કડક પગલાં ભરવાનો સરકારી આદેશ દુગ્ધ વિકાસ પ્રધાને આપ્યો હોવા છતાં તેનાથી પરિસ્થિતિમાં કોઈ ફરક પડયો નથી.

દૂધમાં ભેળસેળ થતી રોકવી હોય તો ડ્રગ એન્ડ ફુડ કંટ્રોલરે પગલાં ભરવાં પડે છે. વળી, આ દૂધ પોતાની જ ડેરીનું છે તેવું કહેવા માટે ડેરીના વ્યવસ્થાપકો અને અધિકારીઓ ડ્રગ એન્ડ ફુડ કન્ટ્રોલરની સાથે હોવા જોઈએ.

પોલીસ, ડ્રગ એન્ડ ફુડ અને ડેરીના વ્યવસ્થાપકો ત્રણેય એક સાથે આવી શકતા ન હોવાથી ડેરીના દૂધમાં ભેળસેળ કરનારાઓને ઘી- કેળાં થવા લાગ્યાં છે

સંદેશ
તા. ૩૦-૧-૯૪

# ગીરના જંગલમાં ભયાનક દવની રાહ જોવાય છે

(૨૫)

(પ્રેસ પ્રતિનિધિ) રાજકોટ, તા. ૨૫
સૌરાષ્ટ્ર ગીર જંગલમાં ભયાનક દવ લાગવાની રાહ જોવાઇ રહી છે જંગલ હોય ત્યાં આગ તો લાગતી જ હોય છે. ગીરના જંગલમાં પણ નાની- નાની આગ લાગવાના બનાવો બનતા રહે છે. અને તે કોઇ નવી બીના નથી. પરંતુ

સેંકડો હેકટરને ઘેરી વળતી આગ વર્ષ દહાડામાં લાગે છે. જો કે, હવે એમાં પણ ખાસ નાવિન્ય જણાતું નથી. કેમ કે, આ સમયગાળામાં મોટી આગ લાગી ન હોય તેવું બને તો આશ્ચર્ય થયા છે.

જ્યારે જ્યારે ગીરના જંગલમાં દવ લાગે છે ત્યારે તંત્ર તરફથી સચોટ કારણો અપાય છે અને આકસ્મિ આગમાં ખપાવી દેવામાં આવે છે. પરંતુ સેંકડો હેકટરના જંગલને ભરખી જનાર આગ પાછળ વ્યવસ્થિત ષડયંત્ર હોવાના આક્ષેપો થાય છે.

સૈકાની શરૂઆતમાં ૫૦૦૦ ચોરસ કિલોમીટરનો ઘેરાવો ધરાવતું ગીરનું જંગલ હાલ ૨૫૯૦ ચોરસ કિલોમીટર પુરતુ સિમિત રહ્યું છે. ગીરના જંગલ ઘસાઇ જવા પાછળ અનેક પરિબળોએ કામ કર્યું છે. તેમાં વૃક્ષ છેદન અને ત્યારબાદ લાગતી આગે પણ મહત્વનો ભાગ ભજવ્યો છે.

આજે બચેલા ૨૫૯૦ ચો.મિ.ના જંગલમાં ગાઢ જંગલ ગણી શકાય તેવો વિસ્તાર ઓછો છે. ૧૯૬૫માં ગીરને રાષ્ટ્રિય અભ્યારણ્ય જાહેર કરાયું ત્યારે ૧૪૬૫ ચો.કિ.મી.માં જંગલ કહી શકાય તેવું જંગલ હતું આજે તેમાં પણ ઘટાડો થઇ રહ્યો છે.

ગીરના જંગલને ઉજાડવામાં ગેરકાયદે વૃક્ષ છેદનનો ફાળો પણ એટલો જ રહ્યો છે. તંત્રના જાણમાં હોય કે ન હોય પરંતુ ગેરકાયદે વૃક્ષ છેદનનો સીલસીલો વાટઅટકયો ચાલુ જ રહ્યો છે.

આક્ષેપો તો એવા થાય છે કે, જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓની મીઠી નજર તળે લીલાવૃક્ષોનો સોથ વળી રહ્યો છે. ગીરની બોર્ડર પર આવેલા ગામડાઓમાં અને શહેરોમાં લાકડા વહેરવાના ખડકાયેલા કારખાના જ આની ચાડી ખાય છે અને આ કારખાના ધમધોકાર ચાલે છે. જંગલમાંથી જે લાકડું કપાય છે અને તેને ગાડા, ટ્રેકટર, ટેમ્પા કે ટ્રક દ્વારા ગામડા કે શહેર સુધી લઇ જવાય છે. આ ગેરકાયદે પ્રવૃતિ માટે ગાડા કે ટ્રકના ચોક્કસ ભાવ બંધાઇ ગયા છે.

જે વિસ્તારમાંથી વૃક્ષો કપાઇ ગયા હોય તે વિસ્તારમાં આગ લગાડી પુરાવાનો નાશ કરી દેવાતો હોય છે અને આવા બનાવને આકસ્મિક બનાવમાં ખપાવી દેવામાં આવે છે. જંગલમા મોટા પાયે ઝાડ કાપી લીધા બાદ આ સમયગાળામાં આગ લગાડવામાં આવે છે. વર્ષો વર્ષ આ સમયે મોટી આગ લાગે છે અને સઘળા ગેરકૃત્યનો નાશ કરતી જાય છે.

ચોમાસુ પુરૂ થયા બાદ શિયાળો આવતા જ ગેરકાયદે વૃક્ષો કાપવાની પ્રવૃત્તિ શરૂ થઇ જાય છે અને ઉનાળા સુધી ચાલતી રહે છે. શિયાળો પુર થતા

સુધીમાં જમીન પર ઉગેલું ઘાસ સાવ સુકાઇ ગયું હોય છે. વૃક્ષ કાપી લીધા બાદ બાકી વધેલા નાના ડાળખા પણ સુકાય ગયા હોય છે અને પાનખર આપતા વૃક્ષના પાંદડા પણ ખરો પડી સુકાઇ ગયા હોય છે. એટલે આ સમયગાળામાં લાગેલી આગથી જમીન પર પડેલુ ઘાસ- પાંદડા અને ડાંખરા દારૂની જેમ સળગી ઉઠી છે. જેમાં લીલા વૃક્ષો પણ બળી જાય છે.

આગ લાગવા કારણે લાખોમણ ઘાસચારો બળીને રાખમાં ફેરવાઇ જાય છે. આગને કારણે ચોમાસા દરમ્યાન ઉગી નિકળેલા વૃક્ષોના રોપાઓ નાશ

પામે છે. સાથો સાથ કાંચીડા, ખીસકોલી, સાપ જેવા પેટે ચાલનારા પ્રાણીઓ, અસંખ્ય નાના જીવ જંતુઓ અને પક્ષીઓ આગની જવાળામાં સ્વાહા થઇ જાય છે. તો બીજી તરફ કચરાને સડવી નાંખી ખાતરમાં રૂપાંતર કરતા બેકટરીયાઓ પણ નાશ પામે છે. પરિણામે જમીન ગરમ થતા તેમજ કચરો અને બેકટરીયા નાશ પામતા

જમીનની ફળદ્રુપતા પણ ઘટી જાય છે. આ આગને જંગલ પાંખુ થઇ જાય છે, જમીનની ફળદ્રુપતા ઘટે છે, ઘાસચારો નાશ પામે છે અને અસંખ્ય જીવો સ્વાહા

થઇ જાય છે.

છેલ્લા એક વર્ષમાં ગીરના જંગલમાં આગ લાગવાના કારણે ૧૩૭ હેકટર વિસ્તારમાં નુકશાન થયું છે.

ગીરના જંગલમાં લાગતી આગ અંગે અવારનવાર રજુઆતો થઇ છે. આ પ્રશ્ને વિધાનસભામાં પણ ઉઠાવાતો છે અને ઉંડી તપાસ કરવાની માગણી થઇ છે. તત્કાલીન મુખ્યમંત્રી ચીમનભાઇ પટેલની સરકારના છેલ્લા વિધાનસભા સત્રમાં જેતપુરના ધારાસભ્ય શ્રી સવજીભાઇ કોરાટે ગીરના જંગલની આગનો પ્રશ્ન ઉઠાવ્યો હતો. વારંવાર થતી રજુઆત અને તપાસની માગણી છતાં આગ લાગતી રહે છે અને હજુએ ગીરના જંગલમાં કઇ ઘડીએ ભયાનક આગ ફાટી નિકળે તે કોઇ કહી શકે તેમ નથી.

**જંગલને ઘસાવ નાખવામાં અનેક પરિબળોએ કામ કર્યું છે: તેમાં આગનો ફાળો પણ મહત્વનો રહ્યો છે**

**આ સૈકાની શરૂઆતમાં ૫૦૦૦ ચો. કિલો મીટરનો ઘેરાવો ધરાવતું ગીરનું જંગલ ૨૫૯૦ કિ.મિ. પુરતુ સિમિત રહ્યું છે**

**૧૯૬૫માં ગીરને રાષ્ટ્રીય અભ્યારણ્ય જાહેર કરાયું ત્યારે માત્ર ૧૪૬૫ ચો.કિ.મિ.માં ગાઢ જંગલ હતું**

## વૃક્ષ છેદનની પ્રવૃત્તિ બે રોકટોક ચલાવવા માલધારીઓને જંગલમાંથી હાંકી કઢાયા?

(પ્રેસ પ્રતિનિધિ)
રાજકોટ, તા. ૨૫
ગીરના જંગલમાં ગેરકાયદે વૃક્ષ છેદન થઇ શકે તે માટે માલધારીઓને જંગલમાં ચરીયાણ કરવાની છૂટ ન આપવાની અણતરી ચોક્કસ વર્તુળો લગાવી રહ્યાં છે.

આ વર્તુળોનું કહેવું છે કે, જો માલધારીઓને જંગલમાં ચરીયાણ કરવા દેવામાં આવે તો ગેરકાયદે વૃક્ષો કાપવા વાળાઓની પોલ સાવ ખુલી પડી જાય. આમ ગેરકાયદે વૃક્ષ છેદનમાં બાધારૂપ બનતા માલધારીઓને ચરીયાણની છૂટ ન આપીને જંગલથી દૂર રખાય છે. જેથી વધુ સમસુતરૂં ચાલ્યા કરે.

જો કે, બીજો પક્ષ એવું કહે છે કે, માલધારીઓના રહેવાસથી તીખાતો પડતા આગ લાગે છે.

## ગીરનું જંગલ ઘસાયું ન હોત તો સિંહોના સ્થળાંતરનો પ્રશ્ન ન આવત

(પ્રેસ પ્રતિનિધિ)
રાજકોટ, તા. ૨૫
દિવસો દિવસ ગીરના જંગલનો વ્યાપ ઘટતો જાય છે, ત્યારે બીજી તરફ ભારતમાં એક માત્ર ગીરનાં જંગલમાં રહેલા સિંહોની વસ્તીમાં વધારો થયો છે. પરંતુ કમભાગ્યે ગીરના સાવજોનું સ્થળાંતર કરવાનો નિર્ણય લેવાયો છે.

ગીરના જંગલમાં ૧૯૮૫માં ૨૩૫ સિંહ હતા. તેની સંખ્યા વધીને ૧૯૯૦માં ૨૮૪ થઇ છે ત્યારે આ સાવજોને અન્ય રાજયોમાં સ્થળાંતર કરવાનો નિર્ણય લેવાયો છે. હાલની તકે થોડાંક સિંહોને મધ્યપ્રદેશના જંગલમાં ખસેડવાની વિચારણા છે. જો ત્યાં વાતાવરણ અનુકુળ આવે તો વધુ સ્થળાંતર થશે. સિંહોના સ્થળાંતર માટે રાજસ્થાન અને મહારાષ્ટ્ર સરકારે પણ પોતાની દરખાસ્ત રજુ કરી છે.

પરંતુ સૌથી મહત્વની વાત એ છે કે, ગીરનું જંગલ ગાઢું અને મોટું રહ્યું હોત તો સિંહના સ્થળાંતરનો પ્રશ્ન જ ઉભો થયો ન હોય.

રાજકોટ
સંદેશ
તા. ૩/૩/૯૪

# વિશ્વ બેન્ક દ્વારા સૂચવાયેલા આર્થિક સુધારાઓને ચાળે ચઢેલા ભારતને મેક્સિકોના જેવો જ અનુભવ થશે: અર્થતંત્ર પાયમાલ થશે, બેકારી વધશે

વિશ્વ નાણાભંડોળોએ સૂચવેલા આર્થિક સુધારાઓના અમલથી દેશનું અર્થકારણ ઝડપથી સુધરી રહ્યું છે એમ કહેતાં નાણાપ્રધાન થાકતા નહોતા. તેમના આ મંતવ્યની પુષ્ટિમાં અનેક દલીલો આગળ ધરાતી હતી. તેમની સૌથી મોટી દલીલ એ હતી કે વિદેશી ચલણના ભંડોળનું તળિયું આવી ગયું હતું અને દેશ નાદાર બનવાની અણી પર બે વર્ષ પહેલાં હતો. આર્થિક સુધારાઓના અમલને પરિણામે વિદેશી ચલણથી આપણી તિજોરી ઊભરાઇ રહી છે. બસો કરોડ ડોલરના તળિયાથી એક હજાર કરોડ ડોલરની સિલક ઉપર આપણે પહોંચી ગયા છીએ. આંકડાની દૃષ્ટિએ આ વાત સાચી છે, પણ આ નાણાં ક્યાંથી અને કેવી રીતે મેળવાયાં તેનો ફોડ કોઇ પાડતું નથી. આયાત કરતાં વધેલી નિકાસને પરિણામે આ સિલક ઊભી થઇ હોત તો એ અર્થકારણની ગતિશીલતાની નિશાનીરૂપ ગણાવી શકાત. વાસ્તવમાં તો આયાત વધી છે અને તેના પ્રમાણમાં નિકાસ વધી નથી એટલે વેપારખાધમાં ખાસ ફરક પડ્યો નથી. તો પછી આ સિલક આવી ક્યાંથી? આ વધેલી સિલક એ વિશ્વ નાણાભંડળો પાસેથી મેળવેલું ધિરાણ છે. ધિરાણ દ્વારા ઊભી કરાયેલી સિલક એ અર્થકારણની ગતિશીલતાની નહીં પણ સ્થગિતતાની નિશાની છે.

આર્થિક સુધારાઓ અને ફેરામાં વિદેશી મૂડીએ માગેલા સુધારાઓને પરિણામે બહુરાષ્ટ્રીય કંપનીઓ આવશે એવી આશા નાણાં મંત્રાલય રાખી રહ્યું છે. આ બહુરાષ્ટ્રીય કંપનીઓના આગમનથી અદ્યતન ટેક્નોલોજી અને તેની સાથે સાથે નવી રોજગારી અને ઊંચા પગારોનો વરસાદ વરસશે. એ સાચું કે નવાં કારખાનાંઓ શરૂ થતાં નવી રોજગારી ઊભી થશે, પણ વિશાળ મૂડી, વ્યાપક પ્રચારવ્યવસ્થા અને બહેતર ગુણવત્તાને કારણે સ્થાપિત ઉદ્યોગો હરીફાઇમાં ટકી નહીં શકે અને કારખાનાંઓ બંધ પડશે ત્યારે જેટલી નવી રોજગારી ઊભી થશે તેના કરતાં વધારે પ્રમાણમાં રોજગારી ઝૂંટવાઇ જશે તેનું શું?

વિશ્વના ઘણા દેશોએ વિદેશી મૂડી અને બહુરાષ્ટ્રીય કંપનીઓના આગમન ઉપર આવા જ મદાર બાંધ્યા હતા. તેમને શો અનુભવ થયો છે તેના ઉપર નજર નાખીએ. આજકાલ નાફ્ટા કરાર એટલે કે અમેરિકા, કેનેડા અને મેક્સિકો વચ્ચે મુક્ત વેપારના કરારને નમૂના તરીકે આગળ ધરાય છે.

ખુદ અમેરિકાના મજૂર સંઘો અને ઉદ્યોગપતિઓએ આ કરારનો સખત વિરોધ કર્યો હતો અને ભારે જહેમત પછી તેમ જ રિપબ્લિકનોની સહાયથી પ્રમુખ ક્લિન્ટન નાફ્ટા કરારને અમેરિકન કોંગ્રેસ પાસે મંજૂર કરાવી શક્યા હતા. નાફ્ટા કરારના અમેરિકન વિરોધીઓનું કહેવું હતું કે આને પરિણામે સસ્તી મજૂરીના લોભે અમેરિકન ઉદ્યોગો મેક્સિકો જશે અને અમેરિકન મજૂરો બેકાર બનશે. અમેરિકન મજૂરોનો આ ભય સાચો છે, પણ મહત્ત્વનો પ્રશ્ન છે કે બહુરાષ્ટ્રીય કંપનીઓ અને વિદેશી મૂડી સસ્તી મજૂરીના સહારે વધુ નફો રળવા માટે જે દેશોમાં જાય છે ત્યાંના મજૂરો પર તેની શી અસર પડે છે?

આ જાણવા માટે અમેરિકન ઉદ્યોગે મેક્સિકોમાં ખસેડેલા એસેમ્બ્લી પ્લાન્ટોની શી અસર થઇ તેનો અભ્યાસ કરવા જેવો છે. મેક્સિકોના મજૂર સંઘો અને પર્યાવરણ સંસ્થાઓએ આ અંગે અભ્યાસ શરૂ કર્યો છે અને તેનાં પ્રાથમિક પરિણામો બહાર આવ્યાં છે. મેક્સિકો સરકારે પ્રસિદ્ધ કરેલા આંકડા અનુસાર દેશમાં ૨૧૩૫ એસેમ્બ્લી પ્લાન્ટ્સ સ્થપાયા છે અને તે પાંચ લાખ મજૂરોને રોજગારી પૂરી પાડે છે, આને પરિણામે પ્રતિવર્ષ ૨૦૦ કરોડ ડોલરનું ઉત્પાદન વધ્યું છે. આમ છતાં મજૂરોની આવક અને સ્થિતિમાં સુધારો જોવા મળતો નથી.

લેખક થોડાં વર્ષો પહેલાં અમેરિકા ગયા ત્યારે અમેરિકાની સરહદને અડીને આવેલા મેક્સિકોના પ્રદેશની બે દિવસ માટે તેમણે મુલાકાત લીધી હતી. સરહદને અડીને આવેલાં શહેરોને બાદ કરતાં મેક્સિકોના ગ્રામવિસ્તાર ભારતનાં ગામડાંઓ જેવો જ છે. ધૂળિયા રસ્તાઓ, ગામના પાદરે મુખ્ય સડક ઉપર રસ્તાના કિનારે બેસીને શાકભાજી, ગામની બનાવટ કુંભારનાં વાસણો વગેરે વેચનારાઓ જોવા મળે છે. ગામનાં ઘરો પણ ભારતનાં ગામડાંઓ જેવાં જ સ્થિતિવાળા લોકોનાં પાકાં મકાનો અને ખેતમજૂરોનાં ઝૂંપડાંઓ. તનતોડ શ્રમ કરવા છતાં પેટભરીને ખાવા ન પામતા લોકો જોવા મળતા હતા.

આવા લોકોને રોજગારી આપવા પધારેલા અમેરિકન ઉદ્યોગો મજૂરોનાં આરોગ્ય અને સ્વાસ્થ્યની જાળવણી કરે તેવાં અદ્યતન કારખાનાં સ્થાપે તેવી અપેક્ષા રાખનારાઓ શેખચલ્લી ગણાય તેવી સ્થિતિ ત્યાં પ્રવર્તે છે. ઢોરની ગભાણ જેવા, બારી વિનાના પતરાંના શેડોમાં તેમણે કામ કરવાનું હતું. પીવાનું પાણી, હાથ ધોવાનો સાબુ કે સંડાસની વ્યવસ્થા દેખાતી ન હતી.

આવા એસેમ્બ્લી પ્લાન્ટોમાં ૭૫ ટકા મહિલા મજૂરો કામ કરે છે. આ પ્લાન્ટોના અધિકારીઓ કહે છે કે મહિલા કામદારોની ઉત્પાદકતા વધારે છે એટલે અમે મહિલા મજૂરોને પ્રાથમિકતા આપીએ છીએ. સાચી હકીકત એ હશે કે મહિલા મજૂરો હોય તો મજૂર કાનૂનોના પાલન કે વેતનવધારા માટેનાં આંદોલનોનો ભય પ્રમાણમાં ઓછો હોય છે.

મોટા ભાગના મજૂરોની ફરિયાદ એ છે કે આ કારખાનાંઓમાં પૂરતા પ્રમાણમાં

Contd - 2

# સમાંતર

બટુક દેસાઇ

હવાઉજાસની વ્યવસ્થા નથી અને તેને પરિણામે તેઓ ગૂંગળામણ અનુભવે છે. આવી સ્થિતિમાં યંત્રોની ગરમીથી શ્વાસોચ્છ્વાસમાં તકલીફ, શિરદર્દ અને બેભાન બનવાના બનાવો વારંવાર બનતા રહે છે. કેટલાંક કારખાનાંઓમાં ઝારણ કરવાના ગેસને કારણે આંખ, નાક અને ગળામાં લાય ઊઠે અથવા સોજો આવે છે. હાનિકારક રસાયણો સાથે સતત કામ કરવાને કારણે મહિલાઓને પ્રસવ વખતે તકલીફ થાય છે અને ખોડખાંપણવાળાં બાળકો જન્મે છે.

મજૂર મંડળોની માગણીને કારણે મેક્સિકો સરકારને ફેડરલ પર્યાવરણ વિભાગની રચના કરવાની ફરજ પડી હતી, આ વર્ષે આ વિભાગે ૯૮૬ કારખાનાંઓની ચકાસણી કરી હતી. તેનું તારણ એવું છે કે માત્ર ૧૮ ટકા કારખાનાંઓમાં પ્રમાણમાં જેને ઠીક કહી શકાય તેવી કામગીરીની સ્થિતિ જોવા મળી હતી.

નેશનલ ઇકોલોજી ઇન્સ્ટિટ્યૂટના હેવાલ અનુસાર મેક્સિકોમાં કાયદેસર રીતે નોંધાયેલા ૧૫૦૦ એસેમ્બ્લી પ્લાન્ટ્સમાંથી માત્ર ૨૭૨ કારખાનાંઓ કાયદાની જોગવાઇ અનુસાર ઝેરી કચરાને પાછો અમેરિકા મોકલતાં હતાં. બાકીનાં ૧૨૨૮ કારખાનાંઓ ઝેરી કચરાને મેક્સિકોમાં જ ગેરકાયદેસર રીતે ઠાલવતાં હતાં. તેના કારણે આસપાસની વસતિના સ્વાસ્થ્યને હાનિ પહોંચતી હતી.

અમેરિકામાં જે કંપનીઓ ઉપર કેસ થાય તે પોતાનું કારખાનું મેક્સિકો લઇ જાય છે. કેલિફોર્નિયામાં જનરલ ટેલિફોન એન્ડ ઇલેક્ટ્રિક નામની કંપની કોમ્પ્યુટરના ભાગો બનાવતી હતી. ત્યાં આ કંપનીના મજૂરોએ કંપની સામે કેસ કર્યો હતો કે તેઓ કંપની દ્વારા વપરાતાં ઝેરી રસાયણનો ભોગ બન્યા છે અને તેમના સ્વાસ્થ્યને હાનિ પહોંચી છે. આ માટે તેમને મજૂરોની રીતસરની તપાસ યોજી હતી. આ તપાસણી અનુસાર ગર્ભધારણ કરવાની ઉંમરવાળી ૭૫ મહિલાઓને ગર્ભાશયનો રોગ થયો હતો, ૪૯ મહિલાઓને વિવિધ પ્રકારના કેન્સરનો રોગ લાગુ પડ્યો હતો. આ કારખાનાંમાં કામ કરતી મહિલાઓએ જન્મ આપેલાં ૪૩ બાળકો જન્મથી જ ખોડખાંપણવાળાં હતાં.

આવા સજ્જડ પુરાવાઓવાળા કેસથી બચવા કંપનીએ કારખાનું બંધ કરીને મેક્સિકોમાં ફેરવ્યું. ત્યાં તેણે મજૂરો સાથે આનાથીય બદતર વહેવાર કર્યો. કંપનીએ મેક્સિકોમાં મજૂરોને ખૂબ નીચા પગાર આપ્યા અને ત્યાં નવાં કારખાનાંઓને અપાતા કરલાભનો પૂરેપૂરો ફાયદો ઉઠાવ્યો. ઝેરી રસાયણોથી મજૂરોને રક્ષણ આપવા કોઇ પણ પ્રકારનાં પગલાં ભર્યાં નહીં.

અમેરિકાની સરહદ પર આવેલા મેક્સિકન વિસ્તારમાં જ્યાં આ કારખાનાંઓ ખસેડાઇ રહ્યાં છે ત્યાંની પ્રજાનું સ્વાસ્થ્ય વધુ પ્રમાણમાં કથળી રહ્યું છે. સ્થાનિક તબીબો આને માટે કારખાનાંઓમાં કામગીરીની ખરાબ સ્થિતિ, પૂરતા હવાઉજાસનો અભાવ અને ઝેરી રસાયણોને કારણભૂત ગણાવે છે. આમ છતાં આ કારખાનાંઓનો સંઘ કહે છે કે આને માટે કામગીરીની સ્થિતિ જવાબદાર નથી પણ માતાઓને પોષણયુક્ત ખોરાક મળતો નથી તેને કારણે આવી માંદગી પ્રસરી રહી છે.

અમેરિકન એસેમ્બ્લી પ્લાન્ટ્સ વિરુદ્ધ અસરકારક પગલાં ભરવાની સ્થિતિમાં મેક્સિકન સરકાર નથી. મેક્સિકોના વેપાર અને રાજકારણમાં આ કારખાનાંના માલિકો મહત્ત્વનો ભાગ ભજવી રહ્યા છે. મેક્સિકોના નિકાસવેપારનો ૭૧ ટકા માલ અમેરિકા અને કેનેડા જાય છે. ચૂંટણીભંડોળમાં પણ આ કારખાનાંઓ મોટો ફાળો આપે છે અને તેને કારણે રાજકારણમાં પણ અસરકારક બળ બની ગયાં છે.

આવી બહુરાષ્ટ્રીય કંપનીઓ અને તેમની સાથે ભાગીદારી કરતી દેશી કંપનીઓ વધુ રોજગારી, સારા પગારો, આરોગ્યપ્રદ કામગીરીની સ્થિતિ, ઝેરી રસાયણોથી બચાવ અને પર્યાવરણની જાળવણીનાં પગલાંઓ ભરશે તેવી આશા રાખનારાઓને નિરાશ થવું પડશે. વિદેશી મૂડી રોજગારી આપવા તે જાય છે, તે દેશના અર્થકારણના વિકાસ માટે જતી નથી પણ વધુ નફો રળવા જાય છે. જે કંપનીઓ સસ્તી મજૂરીના લોભે પોતાના દેશના મજૂરોને બેકાર બનાવતાં અચકાતી નથી તે અન્ય દેશના મજૂરોનું હિત જોશે એમ માની શી રીતે શકાય?

આપણા દેશનાં મજૂર મંડળોએ ઔદ્યોગિક સ્વાસ્થ્યની સમસ્યાઓ અંગે ભયંકર બેદરકારી દાખવી છે અને હજી પણ આ દિશામાં કશું જ નોંધપાત્ર સંકલિત વ્યાપક કાર્ય થતું જોવા મળતું નથી. મુંબઇ, વાપી, સુરત, હજીરા, વડોદરા અને અમદાવાદ જેવાં નગરોમાં ઝેરી રસાયણો મજૂરોના સ્વાસ્થ્યને ભારે હાનિ પહોંચાડી રહ્યાં છે. મજૂર મંડળો આ અંગે વૈજ્ઞાનિક ઢબે મોજણી કરી તે અંગે મજૂરો તથા પ્રજામાં સભાનતા કેળવી કાનૂની રાહે પગલાં ભરવા પ્રવૃત્ત થાય એ જરૂરી છે.

આર્થિક સુધારાઓએ મેક્સિકોના મજૂરોને ફાયદો કર્યો નથી અને તેના અર્થકારણને સબળ બનાવ્યું નથી. આપણે માટે તે ફળદાયી સાબિત થશે તેવી વાંઝણી આશા ક્યાં સુધી રાખીશું?

સમકાલીન
પાના નંબર :
દિનાંક : ૨૮-૧૨-૯૩

સમકાલીન

(૨૯)

પુસ્તક ૧૧ અંક ૫ મંગળવાર ૧૮ જાન્યુઆરી ૧૯૯૪

# ૩૦ અબજની અન્નસબસિડી સરકારની આંખમાં કણાની માફક ખૂંચી રહી છે: નરસિંહ રાવ માને છે કે ગરીબ હોવું તે એક ગુનો છે

મનમોહન સિંહના કહેવાતા આર્થિક સુધારાનાં વિષારી ફળ નાગરિકો ચાખી રહ્યા છે. આ તો હજી પાશેરામાં પહેલી પૂણી છે અને હજી તો ઉપરાઉપરી અનેક ચોમાસાં સારાં ગયાં છે. આગે આગે શું થશે ? શેરડીનો પાક ઓછો થયો છે માટે ખાંડના ભાવ ૧૩ રૂપિયાથી વધીને આવતે મહિને ૨૦ રૂપિયા થઇ જશે. સબસિડીઓ કમ કરવા માટે વર્લ્ડ બૅન્ક અને આઇએમએફ નામના બે શેઠ અત્યારે નવી દિલ્હી ઉપર દબાણ કરી રહ્યા છે. સબસિડી એટલે શું ? સરકાર મોંઘે ભાવે એક ચીજ ખરીદે અને સામાન્ય જનતાને એ ચીજ તે સોંઘે ભાવે વેચે. સબસિડી એટલે નાગરિકો માટેની રાહત અનેક દેશો નાગરિકોને અનેક જણસોમાં સબસિડી આપે છે. કલ્યાણ રાજ્યનું એ એક પ્રધાન લક્ષણ છે. ભારત સરકાર હવે કલ્યાણ રાજ્યમાં માનતી નથી. ઉપનગરોની લોકલ ટ્રેનો હવે બે વર્ષથી રીતસરનો ચોખ્ખો નફો કરે છે છતાં રેલવેપ્રધાન જાફર શરીફ આવતે મહિને મુંબઇગરાને મરણતોલ ફટકો મારવાના છે. બીજા વર્ગના કૉમ્પાર્ટમેન્ટમાં લોકોની ભયંકર ગિરદી હોય છે. હમણાં સરકારે ગૅસની કોઠીના દામમાં બેહદ વધારો કરી દીધો છે. બજેટ પૂર્વે હજી તો એડમિનિસ્ટર્ડ પ્રાઇસીસને નામે કંઇક ચીજોના ભાવો વધારવામાં આવશે. કેરોસીનના ભાવ વધશે. પેટ્રોલના આંતરરાષ્ટ્રીય ભાવ ખૂબ ઘટી ગયા છે ત્યારે સરકાર તેમાં વૃદ્ધિ કરશે અને એથી ટૅક્સીના તથા રિક્ષાના દર વધશે. મનમોહન સિંહ એક ઉસ્તાદ સરાણિયાની જેમ છરીચાકુ સજાવી રહ્યા છે. જનરલ બજેટ એકદમ હૉરિબલ હશે. શાકભાજીના ભાવ આસમાને ગયા છે.

ત્રણ મહિના પહેલાં ખટારાવાળાઓની હડતાળ પાછી ખેંચાઇ એ પછી ખટારાવાળાઓએ પોતાની ઉપરનો નવો બોજ પબ્લિક ઉપર ઢોળી દીધો છે. આથી ઘરવપરાશની અનેક ચીજોની જેમ શાકભાજીના ભાવ પણ ખૂબ વધી ગયાં છે. સરકારી આંકડા કપટી હોય છે. સરકાર વારંવાર એવો દાવો કરે છે કે અમે ફુગાવાને અંકુશમાં રાખ્યો છે અને ફુગાવો માત્ર સિંગલ ડિજિટનો છે. સરકારની આ કહેવાતી સિદ્ધિ તો નકશામાંની નદી જેવી છે. રેસ્ટોરાંવાળાઓએ દાટ વાળ્યો છે. ફરસાણવાળાઓ લગભગ દરેક ઘાણના ભાવ વધારતા જાય છે. મોઢામાં પણ ન પડે એવી કચરપટ્ટી રાઇસપ્લેટના ૨૦ રૂપિયા અને સારી ગુજરાતી લોજની થાળીના ૪૫ રૂપિયા બેસે છે. પાતળી ચપટી ઇડલી ૧૦ રૂપિયાની થઇ ગઇ છે. લાખ્ખો મુંબઇગરાઓ આજે રેસ્ટોરાંઓ અને લોજો ઉપર જીવે છે. તેમની હાલત કફોડી છે. નીચલા મધ્યમ વર્ગનો અને મધ્યમ મધ્યમ વર્ગનો નોકરિયાત માનવી ચોમેરથી પિસાઇ રહ્યો છે. લીંબી અને ધુતારા રેસ્ટોરાંવાળાઓને સરકાર અંકુશમાં રાખી શકતી નથી. ટ્રેજેડી તો એ છે કે નોકરિયાતોના પગારમાંથી આવકવેરાને અને પ્રોફેસનલ ટેક્સને નામે તોસ્તાન રકમો કાપી લેવામાં આવે છે.

આથીય બૂરી દશા તો ગ્રામીણ ગરીબોની, બેકારોની અને ગુમાસ્તાઓ જેવા અસંગઠિત કર્મચારીઓની છે. ઘણી ખાનગી દુકાનો અને પેઢીઓ આજે પોતાના કર્મચારીઓને રોજ ૧૦ કલાક કામ કરવા પેટે માસિક ૪૦૦ રૂપિયાથી ૬૦૦ રૂપિયા આપે છે. ગરજાઉ માણસ બાપડો ક્યાં જાય અને શું કરે ? વીમાનું રાષ્ટ્રીયકરણ કરવા પાછળનો સામાજિક ઉદ્દેશ હવે સરકારે પડતો મૂક્યો છે. મિશ્ર અર્થતંત્રને ખતમ કરવા માગતા મનમોહન સિંહ વીમા પછી હવે બેન્કોનું ખાનગીકરણ કરશે. એ પછી તેઓ સ્ટેટ ટ્રાન્સપોર્ટનું અને રેલવેનું ખાનગીકરણ કરશે. તાજેતરનાં ત્રણ વર્ષ દરમિયાન ઔદ્યોગિક વિકાસ માત્ર બે ટકા જેટલો રહ્યો છે. જપાનનો ૧૯૮૦થી ૧૯૯૦ના દાયકામાં ઔદ્યોગિક વિકાસ આઠ ટકા જેટલો હતો. વિદેશી ઇન્વેસ્ટરો વીજળીને ક્ષેત્રે રોકાણ કરે તો તેમને કમમાં કમ ૧૬ ટકાના વળતરની ભારત સરકારે બાંયધરી આપી છે. વિદેશી મૂડીરોકાણો ભારતના નાણાપ્રધાનને બહુ વહાલા છે એટલે જેપીસીએ ભલે વિદેશી બેન્કોના કરતૂતો બહાર પાડ્યાં પણ નાણાખાતું વિદેશી બેન્કો સામે કશાં પગલાં ભરવાનું નથી. હમણા જ સર્વોચ્ચ અદાલતે એવો ચુકાદો આપ્યો હતો કે ભૂતપૂર્વ રાજવીઓનાં સાલિયાણાંની નાબૂદી કાયદેસરની હતી. નાણાખાતું હવે વિદેશી રોકાણકારોને માટે નવાં સાલિયાણાં ઊભા કરી રહ્યુ છે. માર્લબરો અને મેકડોનાલ્ડનું આક્રમણ થઇ રહ્યુ છે. નવા જમાનાના ક્લાઇવ અને દુપ્લે આપણા અર્થતંત્રને ચૂસી જશે. એ ચૂસણકાર્યમાં એમને મદદ કરનારા આપણા પ્રધાનોને અને અમલદારોને શું કહીશું ? રાઘર, કોણ કહીશું ? અમીચંદ ? મીરજાફર ?

અનાજ, નાગરિક પુરવઠો અને જાહેર વિતરણ માટેની સંસદની સ્થાયી સમિતિએ એવી ભલામણ કરી છે કે પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમમાંથી (પીડીએસમાંથી, જાહેર વિતરણ પદ્ધતિમાંથી, રેશનિંગમાંથી) આવકવેરો ભરનારાઓને, જાહેર ક્ષેત્રમાં નોકરી કરનારાઓને, ખાનગી ક્ષેત્રમાં નોકરી કરનારાઓને તેમ જ અન્ય ઊંચી આવકવાળાઓને બાકાત રાખવા. સરકાર જો આ ભલામણોનો સ્વીકાર કરે તો તો નબળા વર્ગો માટેની અન્નસબસિડીઓ ચાલુ જ રહે પરંતુ સરકારની દાનત ખોરી ટોપરા જેવી છે અને વળી તેને વર્લ્ડ બેન્ક તથા આઇએમએફ સતત ચાવી માર્યા કરે છે. જાહેર વિતરણ સેવા વિશેની રાષ્ટ્રીય સલાહકાર સમિતિએ કેન્દ્ર સરકારને અન્નસબસિડી બાબત એક રાષ્ટ્રીય નીતિ ઘડી કાઢવાનું કહ્યું છે. રાજ્યોના ખોરાકપ્રધાનોએ સંસદની સમિતિની એવી ભલામણોને મંજૂરી આપેલી છે. અત્યારે સરકાર વાર્ષિક ૩૦ અબજ રૂપિયા અન્નસબસિડી પાછળ ખર્ચે છે. હવે સરકારની દાનત બગડી છે. સાદી ભાષામાં કહીએ તો રંક લોકોને અત્યારે અનાજની ખરીદીમાં સરકાર દ્વારા વાર્ષિક ૩૦ અબજ રૂપિયાની રાહત આપવામાં આવે છે. ભારત જેવા ગરીબ દેશમાં આવી રાહત જરૂરી છે. એક નિષ્ણાત સમિતિએ કહ્યું છે કે બોગસ (ભૂતિયાં) રેશનકાર્ડ ખોળી કાઢવામાં આવે તો પણ ૧૦ અબજ રૂપિયા બચી શકે. સબસિડી થકી સરકાર આજસુધી ગરીબ લોકોને ફુગાવાની ઝાળમાંથી ઉગારતી હતી. સબસિડી અને રેશનિંગ થકી અનાજની કૃત્રિમ ખેંચને ડામી શકાતી હતી. સબસિડી થકી ખાધવાળાં રાજ્યોમાં અનાજ ઠલવાતું હતું.

નરસિંહ રાવ જાણે છે કે અન્નસબસિડી ઘટાડવાનું પગલું કોંગ્રેસ પક્ષ માટે રાજકીય દૃષ્ટિએ હિતાવહ નથી. સરકાર આ વિશે રાષ્ટ્રીય સર્વસંમતિ સિદ્ધ કરવા માગે છે, પણ અન્ય પક્ષો તેને શાના સહકાર આપે: છૉ ભિડાની સરકાર. એ ખરું કે રેશનિંગના કેટલાક દુકાનદારો ભૂતિયાં કાર્ડ રાખે છે અને તેઓ રેશનિંગનું અનાજ ખુલ્લા બજારની દુકાન ભણી વાળી લે છે. પરંતુ શરદી થઇ હોય તેથી કાંઇ ડોકું થોડું વાઢી લેવાય છે? એક વાર પ્રજાએ અન્નસબસિડી આપી હોય એ પછી તેને દૂર કરવાનું અઘરું છે. કાશ્મીરમાં અને ઇજિપ્તમાં ખૂબ સસ્તે દરે આપવામાં આવતું અનાજ બંધ થયું ત્યારે ત્યાં રીતસરનાં રોટીરમખાણો થયાં હતાં. દક્ષિણનાં અનેક રાજ્યોમાં (ખાસ કરીને આંધ્રમાં અને તામિલનાડુમાં) વર્ષો સુધી ધૂળને મૂલે રાજ્ય સરકારો ચોખા વેચતી હતી. અનેક રાજ્યોમાં કામ સાટે અનાજ આપવામાં આવે છે. અનેક રાજ્યોમાં બપોરે વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ભોજન આપવામાં આવે છે. ઘણાં રાજ્યોમાં એક કુટુંબની આવક અમુક રૂપિયાથી ઓછી હોય તો જ તેને રેશનિંગ મળે છે. આમાં ઘણી વાર ચતુર લોકો હાથચાલાકી કરે છે. અનેક નિષ્ણાતોએ કહ્યું છે કે જાહેર અને ખાનગી ક્ષેત્રના સ્ટાફને રેશનિંગના અનાજથી વંચિત રાખવાનું બ્લેન્કેટ પગલું યોગ્ય નથી. તેમને પણ ફુગાવો નડે છે. તેમનામાં પગારોની ચઢતીઊતરતી ભાંજણી હોય છે. ટ્રેજેડી તો એ છે કે શહેરી વિસ્તારોમાં રેશનિંગની દુકાનો વ્યવસ્થિત અને જડબેસલાક છે પણ જ્યાં પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમની ખાસ તાતી જરૂર છે એ ગ્રામીણ વિસ્તારોમાં જાહેર વિતરણ પદ્ધતિ ઢચુપચુ છે. ગ્રામીણ ગરીબો, ગ્રામીણ બેકારો અને કેઝ્યુઅલ ખેતમજૂરો આપણા સમાજના સૌથી વધુ અરક્ષિત વર્ગો છે. પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમની ખરી જરૂર યુપી, મધ્ય પ્રદેશ અને બિહારના ગ્રામીણ વિસ્તારોને છે. કેરળ અને કાશ્મીર જેવાં દરિદ્ર રાજ્યોમાં સમાજના ૯૦ ટકા વર્ગોને રેશનિંગનું અનાજ આપવું જોઇએ. સમાજના ગરીબ વર્ગોના માત્ર ૩૦ ટકા લોકોને સબસિડાઇઝ્ડ અનાજ હાલ મળે છે. જો તમામ રંક લોકોને રેશનિંગનું અનાજ આપવામાં આવે તો અન્નસબસિડી ૩૦ અબજથી વધીને ૧૦૦ અબજ રૂપિયા જેટલી થઇ જાય. કમનસીબી તો એ છે કે આ દેશના ૨૫ ટકા લોકો પાસે તો રેશનિંગનું કંગાળ અને સસ્તું અનાજ ખરીદવાનાય સાંસા છે. ગુંજામાં દોઢિયાં જ ક્યાં છે? આજે માર્કેટ ઇકોનોમીની કાખલી કૂટી રહેલી સરકારને ફૂડ ફોર વર્ક પ્રોગ્રામ શરૂ કરવાનું તો સૂઝે જ શાનું?

VINIYOG

(૨૮)

# કૃષિ ક્ષેત્રે વિદેશી ધીરાણ

વિશ્વ બેન્ક ટુંક ભારતને છ અબજ ડોલરનું લાંબાગાળાનું કૃષિ ધીરાણ આપવાનો એક કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. તેના ભાગરૂપે ૪૦ કરોડ ડોલરનું ધીરાણ પાયાની માળખાકીય સુવિધા માટે મળનાર છે. વિશ્વ બેન્કના સત્તાવાળાઓ આગામી બજેટ કેવું આવે છે તે પર દેખરેખ રાખી રહ્યા છે.

ભારતનું કૃષિ માળખુ એવું છે કે તેને કોઈપણ પ્રકારના બાહ્ય ધીરાણની જરૂર નથી. હાલમાં ભારત પાસે જે ખેડાણપાત્ર જમીન છે તેમાં ૧૯૭૦ બાદ કોઈ જ નવો ઉમેરો થયો નથી ઊલટું ઔદ્યોગીકરણ અને શહેરીકરણ પ્રક્રિયાને કારણે કૃષિ વાવેતરને પાત્ર જમીન ઘટતી જાય છે છતાં અનાજના ઉત્પાદનમાં ઘટાડો થયો નથી જે ભારતીય ખેડૂતોની નોંધપાત્ર સિદ્ધિ છે.

મોટાભાગના ખેડૂતો અબુધ અને નિરક્ષર હોવા છતાં કોઠાસૂઝ ધરાવે છે. તેમના બાવડામાં બળ છે એટલે કુદરતી આપત્તિઓ અને વિપરીત મુશ્કેલી છતાં પોતાના કાર્યના પરિણામો લાવી શકે છે. ભારતમાં બધા જ પ્રકારના મળીને ૩૩ કરોડ પશુઓ છે. જેમાં આઠ કરોડ બળદ ગ્રામ્ય વિસ્તારના અર્થતંત્રની કરોડરજ્જુ સમાન છે.

આ પશુઓના ગોબર મારફતે જમીનને સત્વો મળી રહે છે. કુદરતી ખાતરનો પૂરવઠો મફતના ભાવે પ્રાપ્ય થાય છે. ખેતીવાડી અને પશુપાલન સૈકાઓ વર્ષથી પરસ્પર સંકળાયેલા છે. અનાજનું ઉત્પાદન થયા બાદ વધેલો કૃષિ કચરો પશુઓનો આહાર બને છે. આમ ખેડૂતોને પણ પશુપાલન એ આર્થિક રીતે બોજારૂપ ન બને તેવી સુંદર વ્યવસ્થા ગોઠવાયેલી છે.

પરંતુ આયોજનબધ્ધ વિકાસ પ્રક્રિયા શરૂ થયા બાદ માત્ર પ્રથમ યોજનામાં જ કૃષિને મહત્વ અપાયું. બીજી પંચવર્ષીય યોજના અને ત્યારબાદ શરૂ થયેલી તમામ યોજનામાં કૃષિની અવગણના કરવામાં આવી હતી. લગભગ ૬૫ થી ૭૦ ટકા પ્રજા જેના પર નિર્ભર છે તે કૃષિ ક્ષેત્રની અવગણના એ પગ પર કુહાડો મારવા જેવી વાત છે.

હવે વિશ્વ બેન્કના રવાડે ચડી જઈને ખેતીવાડીમાં જાત- જાતના પ્રયોગો અને વિદેશી ટેકનોલોજી ઘુસાડી દઈને સર્વનાશ કરવાનું આયોજન થતું હોય તેમ લાગે છે.

દરેક વ્યકિત એ સ્વીકારે છે કે આજથી ૨૫- ૩૦ વર્ષ અગાઉ અનાજ- શાકભાજી અને ફળફળાદીમાં જે મીઠાશ જોવા મળતી હતી તે આજે જોવા મળતી નથી. વિદેશી બ્રાન્ડ અને હાઈબ્રીડ બીયારણ તે માટે કારણભૂત છે.

૨૦મી સદીની શરૂઆતમાં યુરોપની કૃષિ યુનીવર્સીટીના કેટલાક નિષ્ણાતો ભારતની મુલાકાતે આવ્યા હતા. તેમણે ભારતના વિવિધ પ્રાંતની મુલાકાત લીધી હતી તે વખતે એવો અભિપ્રાય આપ્યો હતો કે પ્રમાણમાં ઓછું શિક્ષણ ધરાવતા ભારતીય ખેડૂતો પાસેથી અમારે ઘણું શીખવા જેવું છે. ઓછું પાણી અને ઓછી ફળદ્રુપ જમીનમાં તેઓ શ્રેષ્ઠ પ્રકારનું ઉત્પાદન કરે છે.

ભારતીય ખેડૂતોની આવડત, કૌશલ્ય અને આંતરસૂઝ માટે આવા પ્રમાણપત્ર મળ્યા હોવા છતાં કમનસીબે તેમની કિંમત નથી. આ કોઈ ખેડૂતે ટીવીના કાર્યક્રમો જોઈને પ્રયોગો નહોતા કર્યા પરંતુ પોતાની સૂઝ અને દ્રષ્ટિ પ્રમાણે જ કાર્ય કરીને આવા લાખો ખેડૂતોએ ભારતને અન્ન ક્ષેત્રે સ્વાવલંબી બનાવ્યુ છે તેની યોગ્ય રીતે નોંધ લેવામાં આવી નથી.

સૌરાષ્ટ્ર વિસ્તાર એ હવામાનની દ્રષ્ટિએ સુકો વિસ્તાર છે. છતાં ગીરની ગાય એ વર્ષો વર્ષ અખિલ ભારત કક્ષાએ સૌથી વધુ દૂધ આપનાર ગાય તરીકે ઈનામ મેળવે છે. ગયા વર્ષે દૈનિક ૬૨ લીટર દૂધ આપતી ગાયને ઈનામ પ્રાપ્ત થયું હતું. આવી જ રીતે ગોંડલની ભુવનેશ્વરી પીઠ ગૌશાળાની ગાયો પણ શ્રેષ્ઠ પ્રકારની છે અને અખિલ ભારત કક્ષાએ પારિતોષિક મેળવે છે.

કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે કૃષિ ક્ષેત્ર એ શ્રમપ્રધાન ક્ષેત્ર છે. ત્યાં ટેકનોલોજીની જરૂર નથી પરંતુ માનવશકિત ઉત્પાદકીય રીતે કાર્ય કરે અને કૃષિ ક્ષેત્રના અગ્રતાક્રમ બદલાય તેવી સમજદારી વિકસાવવાની જરૂર છે. કૃષિ એ ખોટનો ધંધો છે તેવી જે માન્યતા ઘુસી ગઈ છે તેને દૂર કરવાની જરૂર છે.

જે વિસ્તારોને સિંચાઈનું પાણી ઉપલબ્ધ નથી ત્યાં સ્વદેશી પધ્ધતિએ કુવા, નહેર કે તળાવડી મારફતે જળસંચય કરીને પાણી પહોંચાડવામાં આવે તો જ કૃષિ ઉત્પાદન વધે તેમ છે. અનેક સુકા વિસ્તારોની જરૂરીયાત પાણી છે અને તે માટેની વ્યવસ્થા કોઈ બાહ્ય મદદ વગર જ કરવી રહી.

ભારતમાં લગભગ ૧૦ કરોડ હેકટર જમીન વેસ્ટલેન્ડ છે. આ જમીનનો ઉપયોગ શરૂ થાય અને શાકભાજી કે ફળફળાદીનું ઉત્પાદન વધે તેવા પ્રયાસ થાય તે અનિવાર્ય બાબત છે. લાખો વ્યકિતને તેનાથી રોજગારી પૂરી પાડી શકાય તેમ છે. દરેક બાબતે વિશ્વ બેન્ક પાસે હાથ ફેલાવવાની જરૂર નથી. કમસે કમ કૃષિ ક્ષેત્રને તો બાકાત રાખવું જોઈએ.


* *

મુંબઇ સમાચાર
પાના નંબર : ૧૯
દિનાંક : ૧૯-૨-૯૪

30

# સર્વત્ર વપરાતા વીજળીના સાધનોથી પણ થતા રોગો

**વીજળીનાં ટ્રાન્સફોર્મર, એરકન્ડીશનર, ફ્રીઝ, કોમ્પ્યૂટર વગેરે ઘરગથ્થુ વપરાશનાં સાધનોપણ બીમાર કરે છે.**



સ્વિટઝર્લેન્ડમાં આવેલી એક સંશોધન સંસ્થાના વૈજ્ઞાનિકોને એક પ્રયોગ દરમિયાન એવું જણાયું હતું કે, જો એક પ્રકારનો ખાસ 'કેકટસ' જેનું વૈજ્ઞાનિક નામ 'સીરિયસ પેરૂવિયાનસ' છે તેને જો કોમ્પ્યુટરના પડદા પાસે રાખવામાં આવે તો તેમાંથી નીકળતા વધારે પડતા નુકસાનકારક વિદ્યુત-ચુંબકીય તરંગોને તે શોષી લે છે. આમ કરવાથી દિવસના આઠ દસ કલાક કામ કરનારાઓને માથાના દુખાવા અથવા તો થકાવટની ફરિયાદ રહેતી નથી. વૈજ્ઞાનિકોનો એવો મત છે કે કુદરતે કેકટસની રચના એવી રીતે કરી છે તે હાનિકારક વિદ્યુત-ચુંબકીય તરંગોને શોષી લેવા છતાં પોતે તંદુરસ્ત રહી શકે છે. તેથી જ કદાચ રણપ્રદેશમાં સૂરજના આકરા તાપ અને ભારે ગરમીની સામે પણ ટકી રહે છે. સૂરજ એ ધરતી પર વિદ્યુત-ચુંબકીય ઉર્જાનું સૌથી મહત્વનું સાધન ગણાય છે.

'કેકટસ' વિષે આ વિભાગમાં અગાઉ એક લેખ પ્રસિધ્ધ થઈ ચૂકયો છે. પરંતુ તેનો પુનઃ ઉલ્લેખ કરવાનું એટલા માટે ઉચિત લાગે છે કારણ કે ઘરની અંદર આ કાંટાળા છોડ કેકટસ, જેને કેટલાક લોકો નાગફની તરીકે પણ ઓળખે છે. તે રાખવાની ફેશન જ નથી, પરંતુ અમુક રોગોથી બચવા માટે પણ કેકટસનું મહત્વ છે. કેટલીક આધુનિક વૈજ્ઞાનિક શોધોએ એવું દર્શાવ્યું છે કે ઘરમાં કેકટસ રાખવાથી આરોગ્ય માટે તે ફાયદાકારક નીવડે છે, ખાસ કરીને જે મકાનો, ઘર અને બંગલામાં વીજળીથી ચાલતાં સાધનોનો ઉપયોગ થતો હોય ત્યાં કેકટસ રાખવાથી લાભ થાય છે. આવી માન્યતા મજબૂત ગણાવાનું કારણ એ છે કે વીજળીથી ચાલતાં સાધનો પોતાની ચારે બાજુએ એક વિદ્યુત ચુંબકીય ક્ષેત્રનો વિકાસ કરીને આપણી તબિયતને અમુક અંશે નુકસાન પહોંચાડી શકે છે. વીજળીથી ચાલતાં સાધનો જેવાં કે દીવા-બત્તી, ટયુબ લાઈટ, રેફ્રિજરેટર, રૂમ-હીટર, વોશીંગ મશીન, કોમ્પ્યુટર વગેરેએ આધુનિક જીવનમાં ઘણી સુવિધાઓ પૂરી પાડી છે. અને માનવીના ઓશોઆરામમાં વધારો પણ કર્યો છે, છતાં આવા સાધનોનો ઉપયોગ આપણા આરોગ્ય માટે હાનિકારક નીવડે છે, એ વાતનો બહુ ઓછા લોકોને ખ્યાલ રહે છે.

## વીજળીના તારથી કેન્સરની શકયતા

આપણા ઘરમાં રોશની અને ઉર્જા પૂરી પાડવા માટે, વીજવહન માટે વપરાતા તાર ખતરનાક હોય છે. તેમાંથી ભારે દબાણવાળો વીજળીનો પ્રવાહ વહેતો હોય છે એટલા માટે જે તે જોખમી ગણાય છે તેવું નથી, પરંતુ વીજળીના તારથી કેન્સર થવાની શકયતા હોવાનો સૌ પ્રથમ ખ્યાલ ૧૯૭૯માં વૈજ્ઞાનિકોને આવ્યો હતો. બન્યું હતું એવું કે, અમેરિકાની કોલોરાડો યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્ર સાથે સંકળાયેલી ડોકટર નેન્સી વર્થીમરને કેન્સર-ગ્રસ્ત દર્દીઓના કેટલાંક ચોંકાવી મુકાવે તેવા આંકડા જણાયા. એમણે જોયું કે અન્ય વિસ્તારો કરતાં ડેંવર નામના વિસ્તારમાં રહેતાં બાળકોમાં કેન્સરના ચિહ્નો વિશેષ પ્રમાણમાં જણાય છે આથી આમ થવાના કારણો શોધવાનો તેમણે પ્રયાસ કર્યો. તેમણે ડેંવર વિસ્તારમાં રહેતા લોકોની રહેણી કરણીની શૈલી, તેમની ખાવા-પીવાની ટેવો, આજુબાજુનું વાતાવરણ વગેરેની વધુમાં વધુ માહિતી એકઠી કરવા માંડી. આ રીતે ભેગી કરાયેલી માહિતી પરથી તેમને જાણવા મળ્યું કે બાળકોમાં કેન્સર થવાનું કારણ ત્યાંના લોકોની રહેણીકરણી અથવા તો ખાણી-પીણીની ટેવો નથી, પણ એ બાળકો જયાં રહેતાં હતાં તેમના ઘરની પાસે લગાડવામાં આવેલાં વીજળીના ટ્રાન્સફોર્મરો હતા.

વર્થીમરે ઊંડો અભ્યાસ અને મોજણી કરીને જણાવ્યું હતું કે, વીજળીનું વિતરણ કરી રહેલાં મુખ્ય તાર અથવા તો ટ્રાન્સફોર્મરોની પાસે આવેલા ઘરોમાં રહેતાં બાળકોમાં કેન્સર થવાની શકયતા અન્ય ઘરોમાં રહેતાં બાળકોની સરખામણીમાં બમણી હોય છે. અહીં ટ્રાન્સફોર્મરની પાસે એટલે કે મુખ્ય તારથી ૧૩૦ ફૂટ અથવાં તો ટ્રાન્સફોર્મરથી ૫૦ ફૂટ દૂર સુધીના વિસ્તારમાં એવી સ્પષ્ટતા તેમણે કરી તીં. તેમના આવા તારણે અમેરિકા સહિત તમામ વિકસિત દેશોમાં સનસનાટી ફેલાવી દીધી હતી. આ તારણ સાચું છે કે ઉતાવળિયુ છે તેની ચકાસણી કરવા માટે કોલોરાડો યુનિવર્સિટીના જ એક અન્ય ડોકટર ડેવિસ સેવિજને એ વિસ્તારમાં ફરીથી સંશોધન અને મોજણીની કામગીરી સોંપવામાં આવી હતી. પરંતુ તેમણે પણ ઉપરોકત તારણને પુષ્ટિ-અનુમોદન આપીને કેન્સર થવાની શકયતા જણાવી હતી.

એ પછી દુનિયાભરમાં વીજળીના વપરાશથી પેદા થતા જોખમો અંગે વૈજ્ઞાનિક શોધ કરવાની શરૂઆત થઈ ગઈ. વીજળી પેદા કરનારી અને વેચનાર કંપનીઓએ પણ આ બાબતમાં સચ્ચાઈ શું છે તેની તપાસ શરૂકરી. સન ૧૯૮૨માં સેમ્યૂઅલ મિલેમ એ ન્યૂ ઈંગ્લેંડ જર્નલ ઓફ મેડિસીનમાં પ્રગટ થયેલા એક શોધ-નિબંધમાં જણાવ્યું કે, વીજળી કંપનીઓમાં કામ કરતા કામદારોને રકત-કેન્સર થવાની શકયતા સામાન્ય લોકો કરતાં વધારે હોય છે.

ઘણા લોકોને પ્રશ્ન જાગે છે કે, આમ થવાનું કારણ શું? હકીકતમાં વીજળીનો પ્રવાહ વિદ્યુત-ચુંબકીય તરંગોનું ઉત્સર્જન કરે છે. તેથી વીજળીના તારની ચારે ય બાજુએ એક નરી નજરે દેખી ના શકાય તેવુ, અદ્દશ્ય વિદ્યુત ચુંબકીય ક્ષેત્ર ફેલાઈ જાય છે, જેની અસર એ ક્ષેત્ર-વિસ્તારના જીવો ઉપર થાય છે. આ અસર એટલી બધી પ્રબલ હોય છે કે જો ભારે શક્તિશાળા વાજળાના તારની પાસે કોઈ ટયૂબલાઇટ લાવવામાં આવે તો તે કરન્ટ ચાલુ કર્યા વગર જ ચમકવા લાગે છે. આમ થવાનું કારણ એ છે કે વિદ્યુત-ચુંબકીય તરંગો અને ટ્યબમાં ભરેલા ગેસનું આયનીકરણ કરે છે. લોકો ભલે તેને ચમત્કાર માને.

જોડે - ૨

શયનખંડમાં ફ્રીઝ રાખવું ન જોઈએ

વિદ્યુત-ચુંબકીય ક્ષેત્ર ફક્ત વધારે (અનુસંધાન ૧૧મે પાને)

## જ્ઞાનવિજ્ઞાન

પાન-૧૨નું ચાલુ

શક્તિશાળી વીજળીના તારોના કારણે પેદા થાય છે તેવું નથી. એવું પણ જણાયું છે કે, ટોસ્ટર, કોફી-મેકરર, મિક્સી (મિક્ષર-કમ-ગ્રાઈન્ડર), ઘરઘંટી વગેરે ઘર-વપરાશના સાધનો પણ પોતાની ચોતરફ વિદ્યુત-ચુંબકીય ક્ષેત્ર પેદા કરે છે. આવાં સાધનોમાંથી નીકળતાં વિદ્યુત-ચુંબકીય તરંગોની માઠી અસરકારકતા ઓછી હોય છે. વૈજ્ઞાનિકો ૩૦૦ હર્ટ્ઝથી ઓછા શક્તિશાળી આવાં તરંગોને અતિ અલ્પ આવૃત્તિવાળા એટલે કે એક્સ્ટ્રીમલી લો. ફ્રિકવન્સી (ઈ.એલ.એફ.)ગણે છે. આજકાલ વીજળીથી ચાલતા ઘરગથ્થુ વપરાશનાં સાધનોનો ઉપયોગ દુનિયાના બધા દેશોમાં વધી રહ્યો છે. અમેરિકા જેવા વિકસિત દેશોમાં તો મકાનમાંથી કચરો કાઢવા માટે એઠી ડિશો ધોવા માટે તેમજ વાળ કોરા કરવા માટે પણ વીજળીના સાધનો વાપરવામાં આવે છે. તેથી આજકાલ વૈજ્ઞાનિકોએ આવાં સાધનો વાપરવાથી પેદા થતા વિદ્યુત-તરંગોની માનવીના આરોગ્ય પર કેવી અસર થાય છે તે શોધી કાઢવા માટે તેમનું ધ્યાન કેન્દ્રિત કરવા માંડ્યું છે.

વૈજ્ઞાનિકોએ પ્રયોગશાળાઓમાં માનવીઓ અને અન્ય પ્રાણીઓની કોષિકાઓ-કોષો પરઈ.એલ.એફ.ની અસરનો અભ્યાસ કર્યો છે. તેના પરથી એવું જણાયું છે કે, ઈ.એલ.એફ. શરીરના કોષોમાં મોજૂદ આનુવંશિક સામગ્રી ડી.એન.એ.ને અસર કરીને જનન-ક્રિયામાં મુશ્કેલી ઊભી કરે છે. આના પરિણામે જનન સંબંધી વિકાલ ઉત્પન્ન થવા ઉપરાંત બાળકોમાં જન્મજાત શારિરીક વિકૃતિઓ પેદા થઈ શકે છે. વિદ્યુત ચુંબકીય તરંગો કેન્સરને ઉત્તેજન આપે તેવા જૈવ રસાયણોને સક્રિય કરે છે. આવાં તરંગો આપણા મગજમાં રહેલી જૈવિક ઘડિયાળની ગતિમે માટે અવરોધક બનીને અનેક માનસિક વિકારો પેદા કરે છે.

ટેક્સાસ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો જેટી ફિલિપ્સના અભિપ્રાય પ્રમાણે ઈ.એલ.એફ.થી પેદા થયેલી કોષિકાઓ આપણા શરીરની સંરક્ષણ પ્રણાલીને નુકસાન પહોંચાડવાંની વધારે ક્ષમતા ધરાવે છે. આવાં વિદ્યુત-ચુંબકીય તરંગો ત્વચાના કેન્સરથી માંડી લોહીનું કેન્સર, સ્તનનું કેન્સર અને મગજનું કેન્સર પેદા કરવાની ક્ષમતા ધરાવે છે.

આથી જ વૈજ્ઞાનિકોએ વીજળીથી ચાલતાં ઘરગથ્થુ વપરાશનાં સાધનોને બને તેટલાં દૂર રાખવાની સલાહ આપી છે. કેટલાક લોકો ફ્રીઝ, રેફ્રીજરેટર પોતાના શયનખંડમાં રાખે છે જે રૂમમાં તમે સૂઈ જતા હો તે રૂમમાં ફ્રીઝ રાખવું યોગ્ય નથી. તેને તરત જ બહાર કાઢી નાંખવું હિતાવહ છે. જો ફ્રીઝ રાખવા માટે બીજો કોઈ વિકલ્પ ન હોય તો ફ્રીઝ મુકેલા રૂમમાં સૂઈ જવું ના જોઈએ. એટલું જ નહિ પણ તમારા માથા કે ઓશિકા પાસે વીજળીથી ચાલની એલાર્મ ઘડિયાળ પણ રાખશો નહિ. વાતાનુકુલન યંત્ર (એર-કન્ડીશનર) પણ તમારા પલંગથી બને તેટલું દૂર હોવું જોઈએ. માઈક્રોવેવ ઓવનથી પણ દૂર રહેવું સલાહભર્યું છે. વીજળી ના ઘરગથ્થુ સાધનો ઉપયોગી અને સગવડભર્યા હોવા છતાં બને તેટલો તેનો ઓછો ઉપયોગ કરવો જોઈએ. આપણા શારીરિક સ્વાસ્થ્યને ઓછું નુકસાન પહોંચે.

### કોમ્પ્યુટરના પડદાથી કેન્સર અને ગર્ભપાત

આજકાલ અનેક ઓફિસો, બેન્કો અને વ્યાપારી પેઢીઓમાં કોમ્પ્યુટરનો ઉપયોગ વધવા લાગ્યો છે. આવાં કોમ્પ્યુટરો પણ પોતાની ચોતરફ વિદ્યુત-ચુંબકીય ક્ષેત્ર ફેલાવીને ઘર-વપરાશનાં વિદ્યુત-સાધનોની જેમ આપણા આરોગ્યને નુકસાન પહોંચાડી શકે છે.

કોમ્પ્યુટરનો સ્ક્રીન અથવા પડદો કેટલાંક વિશેષ કિરણો અને ચમકના કારણે આપણા સ્વાસ્થ્ય ઉપર બીજી રીતે પણ અસર કરે છ. પડદામાંથી જ અલ્ટ્રા-વાયોલેટ કિરણો ફૂટે છે તે ત્વચા (ચામડી)નું કેન્સર ફેલાવી શકે છે. તેમાંથી અમુક પ્રમાણમાં ક્ષ-કિરણો (એક્સ-રે) પણ નીકળે છે. કોમ્પ્યુટરમાં પણ કામ કરનાર વ્યકિતએ તેની ખૂબ નજીક બેસવું પડે છે, તેથી તેમના માટે આવા તરંગોથી બચવાનો કોઈ અવકાશ રહેતો નથી.

ઈન્ટરનેશનલ જર્નલ ઓફ કેન્સરમાં પ્રસિધ્ધ થયેલા એક અહેવાલ મુજબ કોમ્પ્યુટર પર કામ કરનાર મહિલાઓમાં મગજનું ટ્યુમર થવાની શકયતા અન્ય મહિલાઓની સરખામણીમાં પાંચ ગણી વધારે હોય છે.

ઓન્ટારિયોની વોટર્લૂ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક ડો. હરિશ શર્માએ કોમ્પ્યુટર પર કામ કરનાર સાત ગર્ભવતિ મહિલાઓ પર નજર રાખી હતી. આમાંની ત્રણ મહિલાઓને ગર્ભપાત થઈ ગયો હતો. અને ત્રણ મહિલાઓનાં બાળકોમાં શારીરિક ખોડખાંપણ જણાઈ હતી. આ પરિણામ જાણ્યા પછી ઓનટારિયોમાં ગર્ભવતી મહિલાઓને કોમ્પ્યુટરથી દૂર રાખવાનો નિયમ-કાયદો ઘડવામાં આવ્યો છે.

અમેરિકાના નેશનલ ફાઉન્ડેશન એ કોમ્પ્યુટરનું જનસ્વાસ્થ્ય-વિકારો અંગે ૧૪૦ થી વધુ વૈજ્ઞાનિક અભ્યાસ કરાવ્યા છે. તેના પરથી એવું જણાયું છે કે, કોમ્પ્યુટર અને મગજના કેન્સર, લોહીનું કેન્સર તેમજ ગર્ભપાત વચ્ચે સીધો સંબંધ છે. કોમ્પ્યુટર પર લાંબા સમય સુધી સતત કામ કરનાર વ્યકિતને ચામડીનું કેન્સર પણ થઈ શકે છે.

કોમ્પ્યુટરના પડદા પરનો ચળકાટ આંખોના કેટલાક વિકાર પેદા કરી શકે તેમ છે. આખો દિવસ કોમ્પ્યુટર પર કામ કરનાર વ્યકિત ઘણીવાર આંખોમાં બળતરા અને માથાના દુખાવાની ફરિયાદ કરે છે. જો આંખોની સાર-સંભાળ રાખવામાં ના આવે તો આંખે મોતિયો પણ આવી શકે છે. અમેરિકામાં કોમ્પ્યુટરનો ઉપયોગ વધી ગયો હોવાતી ત્યાં આંખોના દર્દીઓનું પ્રમાણ વધી રહ્યું છે.

### આંગળીઓ અને સાંધાના દર્દો

કોમ્પ્યુટરની સાથે જોડાયેલા કી-બોર્ડ પર સતત આંગળીઓ વડે કામ કરતા રહેવાથી ધીમેધીમે આંગળીઓ પર પણ અસર થાય છે. આંગળીઓમાં ધીમેધીમે કાર્પેલ ટનેલ સિન્ડ્રોમ નામનો વિકાર પેદા થાય છે. ઉપરાંત આંગળીઓને કાંડા સાથે જોડતી નસો પર સતત દબાણ થવાના કારણે એક પ્રકારની વિકૃતિ પેદા થાય છે. આથી આંગલીઓ આપોઆપ ધ્રુજવા લાગે છે.

એવું પણ જણાયું છે કે સામાન્ય રીતે ઓફિસોમાં કોમ્પ્યુટર પર કામ કરનાર વ્યક્તિને તેના કામને અનુરૂપ ડિઝાઈનવાળી ખુરશી પૂરી પાડવામાં આવતી નથી. ખુરશીની ડિઝાઈન વૈજ્ઞાનિક અપેક્ષા મુજબની નહિ હોવાથી કોમ્પ્યુટર કર્મચારીઓને જલ્દીથી સાંધાનાં દર્દોની ફરિયાદ ઉપસ્થિત થાય છે. સતત કલાકો સુધી કામ કરનાર વ્યક્તિની કરોડરજ્જુને પણ અસર થાય છે. અને આમ ધીમે ધીમે તેમાં વક્રતા આવી જાય છે. આમ કોમ્પ્યુટર પર કામ કરનારાઓને સારા પગારો મળતા હોવા છતાં તેમને પેસીઓ અને હાડકાંઓ ના અનેક વિકારો પેદા થવાની શકયતા રહે છે. તેમાં સૌથી મહત્વનો વિકાર છે. રિપીટિવસ્ટ્રેન ઈન્જરી. આ વિકાર થવાથી કોમ્પ્યુટર-કર્મચારીઓને આખા શરીરમાં દર્દ થવાની ફરિયાદ રહે છે.

### રક્ષાત્મક ઢાલ અને હેલ્મેટ

કોમ્પ્યુટરના વિકારોથી બચવા માટે વૈજ્ઞાનિકોએ અનેક સૂચનો કર્યા છે. આજકાલ વિદેશોમાં બજારોમાં કેટલીક એવી શિલ્ડ (ઢાલ) વેચાવા માંડી છે, જેને કોમ્પ્યુટરની બંને બાજુએ લગાડવાથી તેનું વિદ્યુત ચુંબકીય ક્ષેત્ર મર્યાદિત થઈ જાય છે. તેનો અનિવાર્ય પણે ઉપયોગ કરવો જોઈએ. મગજ પર થતી વિદ્યુત-ચુંબકીય મોજાઓની અસરથી બચવા માટે ખાસ પ્રકારની હેલ્મેટ પહેરવાની સલાહ વૈજ્ઞાનિકોએ આપી છે. કોમ્પ્યુટર કર્મચારીઓ માટે ખાસ વિકિરણ-અવરોધક જેકેટો પણ હવે તો બનવા લાગ્યા છે.

કોમ્પ્યુટરના પડદા પર ઓછામાં ઓછી ચમક રાખવી જોઈએ તે માટે ચમક-વિરોધી સ્ક્રીન પણ લગાડી શકાય છે. એવી વ્યવસ્થા કરવી જોઈએ કે સફેદ પડદા પર કાળા અક્ષરો વાંચવા મળે. પડદાને રંગીન બનાવાની કોશિશ કરવી નહિ. પડદા ઉપર રોશની(પ્રકાશ)ઉપરના ભાગમાંથી ના પડે તેનું ધ્યાન રાખવું જોઈએ. આંગળીઓને આરામ આપવા માટે કી-બોર્ડની પાસે જ એક પેડ રાખીને તેના પર હથેળી ટેકવવી જોઈએ.

૧૬-૨-૯૪

* * *

# ઝેરી કચરો અને વિશ્વ

ઝેરી કચરો ઠાલવવા માટે એશિયાના ગરીબ અને પછાત રાષ્ટ્રોને પસંદ કરવામાં આવી રહ્યા હોવાની ચેતવણી "ગ્રીનપીસ" નામની સંસ્થા દ્વારા આપવામાં આવી છે. આવા ઝેરી કચરામાં ખૂબ જ કાતીલ એવા રસાયણોનો વેસ્ટ, અણુકચરો અને આરોગ્ય માટે ખતરનાક એવા અન્ય કેમીકલ્સનો સમાવેશ થાય છે. આ બાબત ખૂબ જ ભયજનક છે.

મોટાભાગના એશિયાના રાષ્ટ્રો વિશાળ સમુદ્રકાંઠો ધરાવે છે અને તે ખુલ્લો છે. મતલબ કે કોઈ પ્રવૃત્તિ વગરનો રેઢો પડેલો સાગરકાંઠો એ આવો કચરો ઠલવવા માટેના સ્થળો છે. પશ્ચિમના રાષ્ટ્રો પોતે કોઈ જ પ્રકારની જવાબદારી લેતા નથી. કારખાનામાં ચીજવસ્તુ બનાવીને નાણા તેમણે એકત્ર કર્યા છે અને હવે ગરીબ રાષ્ટ્રોને રોગચાળાના શિકાર બનાવી રહ્યા છે.

૧૯૮૬માં માત્ર ત્રણ રાષ્ટ્રો એવા હતા કે જેમણે ઝેરી કચરાને પ્રતિબંધીત કર્યો હતો. હવે તેની સંખ્યા વધીને ૧૦૩ થઈ છે. આમ જાગૃતિ આવી છે એટલે પશ્ચિમના ઔદ્યોગિક રાષ્ટ્રો મુંઝાયા છે. હવે તેઓ લાંચ - રૂશ્વત આપીને પણ કચરો ઠલવવા માટે પ્રયાસો કરી રહ્યા છે તે એક હકીકત છે. આથી જ ભારત જેવા રાષ્ટ્રમાં સાવચેતીના પગલાં લેવાય તે હકીકત છે.

સુદાન, ઈથોપીયા અને આફ્રિકાના અન્ય રાષ્ટ્રો આવી કામગીરીનો ભોગ બની ચુક્યા છે. ઝેરી કચરાના કારણે હજારો એકર જમીન નકામી થઈ જાય છે. હવા - પાણી પ્રદુષિત થતાં પર્યાવરણને નુકસાન થાય છે અને દુષ્કાળ પડે છે. ઈથોપીયામાં પડેલા દુષ્કાળ પાછળ માનવીય કારણ હતા. આ બધી બાબતો વિશે વિશ્વમાં કેટલા લોકોને જાણકારી હશે?

ઈથોપીયામાં દુષ્કાળ પડવાથી માણસો ટપોટપ મરી ગયા હતા. સુદાનની પણ તેજ હાલત છે. બાદમાં આંતરવિગ્રહ થાય છે અને અમેરિકા જેવા રાષ્ટ્રના શસ્ત્રોનું વેચાણ થાય છે. અણુકચરો તો સૌથી વધુ ખતરનાક છે. કારણ કે તે કચરાનો નિકાલ કરવો તે લગભગ અશક્ય છે. તેની અણુરજ અને અણુકિરણો ખૂબ જ નુકસાનકારક પૂરવાર થયા છે.

થોડા સમય અગાઉ બંગ્લાદેશમાં એક વિદેશી જહાજ અણુકચરાની સામગ્રી ઠલવવા માટે આવ્યું હતું. પરંતુ આ અંગેની માહિતી લીક થઈ જતાં તે કચરો ઠાલવ્યા વગર જ રવાના થઈ ગયું હતું. તેની માલિકી અને રજીસ્ટ્રેશન પણ શંકાસ્પદ હતા તેમજ કયા રાષ્ટ્રમાંથી તે આવ્યું હતું તેની કોઈ જ માહિતી બહાર આવી નહોતી. આ એક નવાઈ પમાડે તેવી હકીકત હતી.

અમેરિકા, જપાન, જર્મની અને ઓસ્ટ્રેલિયા એ ચાર રાષ્ટ્રો દ્વારા વિશ્વના ૯૬ ટકા જોખમી કચરાનું ઉત્પાદન કરવામાં આવે છે. વળી, આ જ રાષ્ટ્રો દ્વારા ત્રીજા વિશ્વના રાષ્ટ્રોને પર્યાવરણ અંગે ઉપદેશ આપવામાં આવે છે આ બધી બાબતો પરસ્પર વિરોધાભાસી હોવા છતાં સત્ય છે અને ભારતે તે બધા સામે સાવચેતી રાખવી પડશે.

જમીનને ખરાબ કરવામાં કેમીકલ્સ કચરાનું યોગદાન ઘણું જ મોટું છે. પરંતુ તેથી પણ વધુ નુકસાન તો હવા - પાણીને થાય છે. હવા - પાણી એકવાર પ્રદુષિત થશે તો પછી કંઈ જ બાકી રહેવાનું નથી. પશ્ચિમની ટેકનોલોજી કેટલી ખતરનાક છે તે આવા પ્રસંગોએ બહાર આવતી માહિતી પરથી માલુમ પડે છે.

હજુ મોડું થયું નથી. આવી રદ્દી ટેકનોલોજીને જાકારો આપવાની જરૂર છે. ખાસ કરીને કેમીકલ્સ ઉદ્યોગ દ્વારા જે પ્રદુષણ ફેલાવવામાં આવે છે તે પર કશોક પ્રતિબંધ મુકવાની જરૂરત છે. અમેરિકા સહીતના રાષ્ટ્રો દ્વારા જે કંઈ વિશ્વને નુકસાન કરવા પ્રયાસ થાય છે તે પેટે નુકસાની વળતર મેળવવું જોઈએ.

મુંબઇ સમાચાર
પાના નંબર:
દિનાંક: ૨૧-૨-૯૪